Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ


₹ ૫૦-૦૦
₹ 50-00

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ ડિસેમ્બર, ૨૦૨૪
Published on - 01 December, 2024

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઇ. પટેલ
Editor-Dr. Prabhudas I. Patel



**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥**

**હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જું છું એટલે કે સાકારરૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું.**

**૧૧ ડિસેમ્બર ૨૦૨૪, ગીતા જયંતીની હાર્દિક શુભકામનાઓ**

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**"આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.


Mayflower
WOMEN'S HOSPITAL
The Cradle of Care
ENDOMETRIOSIS CLINIC
INFERTILITY AND ART CLINIC
OBSTETRICS/GYNECOLOGY
FETAL MEDICINE
GI SURGERY
COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY
ANESTHESIA
RADIOLOGY
PEDIATRICS & NEONATAL CARE
DR. SANJAY PATEL
DR. SMEET PATEL
DR. JAYA PATEL
DR. RAVINA PATEL
hello@mayflowerhospital.com
"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-in Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India


**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ**

# ઉમાસૃષ્ટિ


આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**ડિસેમ્બર ૦૧, ૨૦૨૪**
**વર્ષ :** ૦૩, **અંક : ૨૦**
**સળંગ અંક : ૩૧**
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**December 01, 2024**
**Year :** 03, **Ank :** 20
**Owner :** Vishv Umiya Foundation

Vishv UMIYA Foundation






**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel


**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel


**પરામર્શકશ્રી**
**Consultant**






પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ — પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai — Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:**
ડો. હર્ષદ પટેલ
ડો. અશોક પટેલ
ડો. ઉત્પલ પટેલ
ડો. રૂપલ પટેલ

**Editor Board :**
Dr. Harshad Patel
Dr. Ashok Patel
Dr. Utpal Patel
Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia
**કલાનિર્દેશક :** રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati
**ફોટોગ્રાફી :** સદ્‌વિદ્યા ટી.વી. ચેનલ
**Photography :** Sadvidhya TV Channel



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & **Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


# અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | શ્રી રામચરિત માનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૦૫ |
| ૨. | આજની યુવાપેઢી કયા પંથે - પ્રગતિ કે પતન | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રીમદ્ ભગવદ્‌ગીતા જયંતી | પ્રો. ડો. જે. એમ. પનારા | ૦૮ |
| ૪. | જીવનની રહસ્યમયતા | શ્રી ભાણદેવજી | ૧૧ |
| ૫. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહ્‌લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૧૩ |
| ૬. | મિત્રતાનું વૈદિક મેનેજમેન્ટ | પ્રા. ડો. હર્ષદેવ માધવ | ૧૪ |
| ૭. | શું ભક્તમાં ભગવાનને રસ હોય છે ખરો ? કેટલો ? - ગીતાના આધારે | ડો. અમૃત કાંજિયા | ૧૫ |
| ૮. | ચાર દિવસની જિંદગી હોય તો, પછી પાંચમા દિવસે ?? | ભદ્રાયુ વછરાજાની | ૧૯ |
| ૯. | આપણે ભરોસે આપણે ચાલીએ | ડો. ભાવેશ જેતપરિયા | ૨૧ |
| ૧૦. | શ્રધ્ધા અને અંધશ્રધ્ધામાં અટવાતો આધુનિક માનવ | ડો. નરભેરામ જે. રાંકજા | ૨૩ |
| ૧૧. | દીકરી વિના સૂનો સંસાર | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૬ |
| ૧૨. | દ્રૌપદી અગ્નિ સ્નાન કરીને પવિત્રતા સિદ્ધ કરતાં હતાં | પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ | ૨૭ |
| ૧૩. | સમય અનુસાર પરિવર્તન જરૂરી | શ્રી શ્રુતપ્રજ્ઞ સ્વામી | ૩૦ |
| ૧૪. | જીવનને વ્યાકુળ બનાવતો 'બોરડમ' નો બોજ ! | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૩૧ |
| ૧૫. | પતિ - પત્ની વચ્ચે વાતચીત વગરનું મૌન ક્યારેક અગાધ પ્રેમનું ઊંડાણ હોઈ શકે છે | રસિક પટેલ | ૩૨ |
| ૧૬. | ગુજરાતના કળા જગતમાં પાટીદારોનું પ્રદાન | અશોક ખાંટ | ૩૩ |
| ૧૭. | લોકોપયોગી માર્ગદર્શન | એચ. એસ. પટેલ - IAS | ૩૫ |
| ૧૮. | ઈશ્વર અને ધર્મ | સ્વામી વિવેકાનંદ | ૩૭ |
| ૧૯. | મહાદેવની દ્વાદશ જ્યોતિર્લિંગ યાત્રા | પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૯ |
| ૨૦. | અદ્યતન ન્યુરો સર્જરી દ્વારા મગજના જટિલ રોગોનો ઉપચાર | ડો. હાર્દિક દરજી | ૪૩ |
| ૨૧. | તાળાં લગાવ્યાં ઊંટે | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૪ |
| ૨૨. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૫ |
| ૨૩. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૮ |



**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel



**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
લેખક જાણીતા કેળવણીકાર છે.

# શ્રી રામચરિત માનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** શ્રી રામચંદ્રજી સહિત ચારે ભાઈઓ પુત્રો સહિત રાજાએ બ્રાહ્મણ, ગુરુ અને કુટુંબીઓને બોલાવી અનેક પ્રકારનાં ભોજન કર્યાં. એમ કરતાં પાંચ ઘડીની રાત્રિ વીતી ગઈ. શ્રી રામચંદ્રજીને જોઈને અને આજ્ઞા પામી બધા શીશ નમાવી પોતપોતાના ઘરે ગયા.

**હવે આગળ :**

नृप सब भांति सबहि सनमानी ।
कहि मृदु बचन बोलाई रानी ॥

રાજાએ બધાનું બધી રીતે સન્માન કરીને, કોમળ વચન કહીને રાણીઓને બોલાવી અને કહ્યું. "વહુઓ હજી બાળક છે, પારકા ઘેર આવી છે, તેમને એ રીતે રાખજો જેમ નેત્રોને પાંપણો રાખે છે. છોકરાઓ થાકેલા છે, નિંદ્રાવશ થઈ રહ્યા છે તેમને શયન કરાવો.

देखि श्याम मृदु भंजुक गाता ।
कहहि सप्रेम बचन सब माता ॥

શ્રીરામચંદ્રજીના શ્યામ અને સુંદર કોમળ અંગોને જોઈને માતાઓ કહી રહી છે. હે તાત ! માર્ગમાં તમે ભયાવહ તાડકા રાક્ષસીને કઈ રીતે મારી ? દુષ્ટ મારીચ અને સુબાહુને તમે કેવી રીતે માર્યા ? રામે કહ્યું : મુનીની કૃપાથી બધી જ આફતો ટાળી દીધી. બંને ભાઈઓએ ગુરુની કૃપાથી વિદ્યાઓ પ્રાપ્ત કરી.

मुनि तिय तरी लगत पग धूरी ।
कीरति रही भुवन भरि पूरी ॥

ચરણોની રજ અડતાં મુનિ પત્ની અહલ્યા તરી ગઈ. કઠોર શિવજીના ધનુષને રાજાઓના સમાજમાં તોડી નાખ્યું. જાનકીને પામ્યા અને સર્વે ભાઈઓને પરણાવીને ઘેર આવ્યા. અમારાં બધાં કર્મો અમાનુષી છે. કેવળ વિશ્વામિત્ર



જેવાની કૃપાથી જ સંપન્ન થયાં છે.

आजु सुकल जग जनमु हमारा ।
देखि तात बिधुबदन तुम्हारा ॥

હે તાત ! તમારું ચંદ્રમુખ જોઈને આજે અમારા જગતમાં જન્મ લેવો સફળ થયો. તમને જોયા વિના જે દિવસો વિત્યા છે, તેમને બ્રહ્મા ગણતરીમાં ન લે. વિનયભર્યા ઉત્તમ વચનો કહીને શ્રીરામજીએ સર્વે માતાઓને સંતુષ્ટ કરી, પછી શિવજી, ગુરુ અને બ્રાહ્મણોના ચરણોનું સ્મરણ કરીને સૂઈ ગયા.

प्रात पुनीत काल प्रभु जागे ।
अरुन चूड बर बोलन लागे ॥

પ્રાતઃકાળે બ્રહ્મ મુહૂર્તમાં પ્રભુ જાગ્યા. કૂકડા સુંદર બોલવા લાગ્યા. ભાટ અને બ્રાહ્મણોએ ગુણોનું ગાન કર્યું. નગરના લોકો દ્વાર ઉપર જુહાર કરવા માટે આવ્યા. બ્રાહ્મણો, દેવતાઓ, ગુરુ, પિતા અને માતાઓને વંદન કરીને આશીર્વાદ પામીને સર્વ ભાઈઓ પ્રસન્ન થયા.

कीन्ह सौच सब सहज सुचि सरित पुनीत नहाई ।
प्रातक्रिया करि तात पहिं आऐ चारिह भाई ॥

સ્વભાવથી જ પવિત્ર ચારેય ભાઈઓ શૌચાદિથી નિવૃત્ત થઈને પવિત્ર સરયૂ નદીમાં સ્નાન કર્યું અને પછી તેઓ પિતાની પાસે આવ્યા. રાજાએ તેમને હૃદયે લગાડી દીધા, પછી મુનિ વસિષ્ઠજી અને વિશ્વામિત્રજી આવ્યા. રાજાએ તેમને સુંદર આસનો પર બેસાડ્યા, તેમની પૂજા કરી.

कहही बसिष्टु धरम ईतिहासा ।
सुनहि महीसु सहित रनिवासा ॥

વસિષ્ઠજી ધર્મનો ઈતિહાસ કહી રહ્યા છે. રાજા રાણીઓ સહિત તે સાંભળી રહ્યા છે. મુનિઓને પણ અગમ્ય છે, એવી વિશ્વામિત્રજીની કરણી વસિષ્ઠજીએ આનંદિત થઈને અનેક રીતે વર્ણન કર્યું. આ સાંભળી શ્રીરામ - લક્ષ્મણના હૃદયમાં અધિક ઉત્સાહ અને આનંદ થયો. ■

(ક્રમશઃ આવતા અંકમાં)

# પ્રમુખશ્રીની કલમે

# આજની યુવાપેઢી કયા પંથે - પ્રગતિ કે પતન ?



પ્રિય મિત્રો, નમસ્કાર !

છેલ્લાં કેટલાંક સમયથી આપણે વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર સંબંધી સાંપ્રત સમસ્યાઓ વિશે સહચિંતન કરીએ છીએ, ત્યારે આજે આપણે સમાજ અને રાષ્ટ્રના આધારસ્તંભ સમી યુવા પેઢી કયા માર્ગે છે તે વિશે ચિંતન કરીએ. અનેક કવિઓએ યુવાઓમાં રહેલી શક્તિઓને વિવિધ સ્વરૂપે બિરદાવીને કહ્યું છે કે :

"ઘટમાં ઘોડા થનગને અને આતમ વીંઝે પાંખ,<br>
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ."

યુવા શબ્દ માત્રમાં શક્તિ અને ઊર્જાનો સમન્વય છે. યુવાશક્તિ સકારાત્મક રીતે કાર્યરત થાય તો ઉજાસ પથરાય પરંતુ તે જ યુવાશક્તિ નકારાત્મકતા સાથે તોફાને ચડે તો વિનાશનું વાવાઝોડું પણ ફૂંકાય. આજે વિશ્વમાં સૌથી વધારે યુવાધન ભારત પાસે છે, તે દેશનું ભવિષ્ય છે. દેશની પ્રગતિ અને મૂલ્યોને આકાર આપવામાં યુવાશક્તિનું યોગદાન મહત્ત્વનું બની રહે છે. તેનામાં સાગરને ભરી પીવાની શક્તિ છે. જિજ્ઞાસા અને આત્મવિશ્વાસ સાથે નવી કેડી કંડારવાની સાહસિકતા તેનામાં છે. આજે શિક્ષણની પ્રગતિ, ટેક્નોલોજીનો વિકાસ અને વૈશ્વિકરણના કારણે યુવાનોની વિચારશક્તિ અકલ્પનીય બની રહી છે. પરંપરાગત વિચાર-સરણીને છોડીને નવી દિશામાં વિચારવાની શક્તિ આજની યુવાપેઢી ધરાવે છે, તેમ છતાં...

વિશ્વના અન્ય દેશોની સરખામણીએ તેનો અપેક્ષિત લાભ દેશને મળ્યો હોય તેવું લાગતું નથી. ભૌતિકવાદે યુવાપેઢીને ભરડામાં લીધી છે. શિક્ષિત અને દિક્ષિત થવા છતાં તેનામાં સંવેદનશીલતા અને સહજભાવે અન્યાય અને અનિષ્ટ તત્ત્વો સામે પ્રતિકાર કરવાની માનસિકતા ઘટી રહી છે. અપવાદરૂપ યુવાપેઢીને બાદ કરતાં મોટાભાગની યુવાપેઢી સોશિયલ મીડિયાના રવાડે ચડીને બરબાદીને આમંત્રણ આપી રહી છે. ટેક્નોલોજીનો સકારાત્મક ઉપયોગ વિકાસની અનેક તકો ઉભી કરે છે, પરંતુ તેનો નકારાત્મક ઉપયોગ વિનાશ તરફ લઈ જાય છે. આ સત્ય જાણવા છતાં સ્વયંની આસક્તિને કારણે ક્રમશઃ પતનના માર્ગે આગળ વધતો જ જાય છે. પરંતુ...

"जो चट्टानों से टकराते हैं उसे तूफान कहते हैं, लेकिन जो तूफानों से टकराते हैं उसे युवान कहते हैं।"

એવા યુવાનો આજે ક્યાં છે ? સમાજ અને દેશ જેની પાસે અનેકગણી અપેક્ષાઓ રાખે છે તેવા યુવાનો ક્યાં છે ? જેમના આદર્શમાં સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ, વીર સાવરકર, સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરુષો હોય તેવા યુવાનો ક્યાં છે ? ફિલ્મ સ્ટારો, ક્રિકેટરો, દંભી અને સ્વાર્થી રાજકારણીઓને પોતાના આદર્શ માનતા યુવાનોમાં રાષ્ટ્ર ભક્તિ ક્યાં છે ? સ્વયંથી ઉપર ઉઠીને ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર માટે સમર્પિત થવાની ભાવના ધરાવતા યુવાનો ક્યાં છે ? રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને સંઘની વિચારધારા સાથે સામ્યતા ધરાવતી સંસ્થાઓ સાથે કેટલા યુવાનો નિયમિત સ્વરૂપે જોડાયેલા છે ? આ બધા જ પ્રશ્નો સમાજ અને રાષ્ટ્રની ચિંતા કરતા દરેકના મનમાં રમી રહ્યાં છે, પરંતુ તેના જવાબો અધ્યાહાર છે.

આજના યુવાનો માટે સફળતા ખૂબ જ મહત્ત્વનો મુદ્દો છે. તે પોતાની પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ છે; પરંતુ આ દોડમાં તે ક્યારેક આપણા મૂળભૂત મૂલ્યોને ગુમાવી બેસે છે. તે ભૌતિકવાદના માર્ગે આગળ વધી રહ્યો છે, જ્યાં પૈસા અને પ્રતિષ્ઠાનું મહત્ત્વ બધાથી વધુ છે. પરિણામે આ દોડ તેને માનસિક શાંતિથી દૂર કરી દે છે. આપણા દેશની ૧૩૫ કરોડની વસ્તીનો સૌથી મોટો વર્ગ એટલે કે લગભગ ૬૦ કરોડ યુવાનો છે, જે દેશની લગભગ ૪૭ ટકા જેટલી વસ્તી છે. એનો ચોક્કસ દિશા તરફનો વિકાસ થાય તો જ આપણો દેશ સાચા અર્થમાં વિકાસની હરણફાળ ભરી શકે. પણ આપણી કમનસીબી છે કે આપણું મહત્તમ યુવાધન ભટકી રહ્યું છે. આ વાસ્તવિકતાનો સ્વીકાર કરવો અઘરો છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાએ યુવાધન માટે ૧૦ લાઈફ સ્કીલ અર્થાત્ જીવન કૌશલ્યો આપ્યા છે. જેમાં સ્વની ઓળખ, સમસ્યાનો ઉકેલ જેવા વિવિધ વિષયો છે. યુવાપેઢીના પરિવારે તેમને સમજવાની સાથે પ્રેમ, હૂંફ, લાગણી જેવા વર્તાવ બાબતે જાગૃત થવાની જરૂર છે. દેશનું યુવાધન આપણી તાકાત છે. શિક્ષણ અને રોજગાર અંતર્ગત મુંઝવતા પ્રશ્નો બાબતે માર્ગદર્શન સાથે મદદરૂપ થવાની જરૂર છે. યુવાવર્ગને સારા-નરસાની પરિભાષા સમજાવીને તેના જીવન કૌશલ્યોનો વિકાસ કરાવીએ તો તે સકારાત્મક વિચારોથી સ્વયંની સાચી દિશા નક્કી કરી શકશે.

**ટેક્નોલોજીનો ઉપયોગ :** આજના ડિજિટલ યુગમાં ટેક્નોલોજી યુવાનોના જીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે. આઈ.ટી.ક્ષેત્રે ભારતીય યુવાનોની વિશ્વભરમાં બોલબાલા છે. તે સોશિયલ મીડિયા, ઈન્ટરનેટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરે છે. આ બધા

# પ્રમુખશ્રીની કલમે

સાધનો વિકાસ માટે મદદરૂપ અને જરૂરી છે, પરંતુ તેનો અતિશય ઉપયોગ બુદ્ધિશક્તિ, સ્મરણશક્તિ, પાચનશક્તિ અને નેત્રશક્તિને નિર્બળ બનાવે છે. ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે નકામી વેબ સિરીઝો જેવા પ્લેટફોર્મનો આખો દિવસ વપરાશ કરવાથી નકારાત્મક અસરો ગુનાહિત પ્રવૃત્તિઓ માટે પ્રેરે છે. પોતાની કારકીર્દિ બનાવવાના બદલે આજની યુવાપેઢી PUBG કે Free Fire જેવી રમતોના રવાડે ચઢીને બરબાદીને આમંત્રે છે અને આ બધી બાબતોને કારણે તેના ધ્યેય તરફનું ફોકસ ઘટી જાય છે.

આજની યુવાપેઢીને મોબાઈલ પર લાંબીલચક વાતો કરવાનું, મોબાઈલમાં રીલ્સ જોવાનું અને કામના કલાકો દરમિયાન વારે ઘડીયે મોબાઈલમાં રમતો રમવાનું ઘેલું લાગ્યું છે. જેની સીધી નકારાત્મક અસર તેમના અભ્યાસ અને કારકિર્દી પર પડે છે. આધુનિક ટેકનોલોજી, ડિજિટલ પ્લેટફોર્મ અને ઈન્ટરનેટનો સકારાત્મક રીતે ઉપયોગ કરવામાં આવે તો તેની કાર્યક્ષમતા અને કાર્યસિદ્ધિમાં વધારો પણ થઈ શકે છે. મોબાઈલના અતિરેક ઉપયોગથી બચવા માટે સ્ક્રીન ટાઈમની સમયમર્યાદા સ્વયંભૂ નક્કી કરવી જોઈએ અને ઓનલાઈન પ્રવૃત્તિઓ ઓછી કરીને વ્યાયામ, વાંચન, મિત્રતા, પરિવાર સમય માટે સમય ફાળવવો જોઈએ.

**વ્યસનથી થતી બરબાદી :** આપણે બધા જ જાણીએ છીએ કે વ્યસન એ સ્વયં માટે અને પરિવાર માટે ખૂબ જ હાનિકારક છે છતાં તેને છોડી શકતા નથી. આજની યુવાપેઢી જાણે-અજાણે વ્યસનના રવાડે ચઢતી જાય છે. સમાજના કેટલાક અનિષ્ટ તત્ત્વો પણ યુવાશક્તિને અફીણ, ગાંજો, સિગારેટ તથા દારૂ જેવા વ્યસનના માર્ગે ચઢાવીને ગુનાહિત કાર્ય કરાવવામાં તેમનો ઉપયોગ કરે છે. વ્યસની મનુષ્ય હંમેશાં અધર્મનું આચરણ કરે છે અને ધંધા-રોજગાર તેમજ પરિવાર માટે આર્થિક બરબાદીનું કારણ બને છે.

જમીનના વધતા ભાવ અને સરળતાથી મળેલી સંપત્તિ પણ યુવાપેઢીને બરબાદીને પંથે લઈ જવામાં કારણભૂત બને છે. ઘણી વાર માનસિક અસંતોષ, ખરાબ સોબત, મિત્રોના દબાણ, પારિવારિક પ્રશ્નોના કારણે કે થ્રિલનો અનુભવ કરવા પણ આજની યુવાપેઢી વ્યસનના માર્ગે ફંટાય છે. અતિશય લાડકોડમાં ઉછેરલા સંતાનો વાલીઓ તરફથી પૂરતો સમય ન મળવાને કારણે સ્વતંત્રતાનો દુરુપયોગ કરીને તે વ્યસન તરફ વળે છે. પરંતુ તેના ભયંકર પરિણામ વિશે તેની પાસે પૂરતી જાણકારી હોતી નથી અને જ્યારે ખબર પડે છે ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હોય છે. જેનો આઘાત પરિવાર સહન કરી શકતો નથી, ત્યારે...

"જો યુવાનો વ્યસન છોડે અને યુવતીઓ ફેશન છોડે તો સમાજની અનેક સમસ્યાઓ હલ થઈ જાય." પરંતુ આ માટે શાળા - કોલેજોમાં જાગૃતિ લાવતા કાર્યક્રમો કરવા જોઈએ. પરિવારમાં સંતાનોને ભાવાત્મક સપોર્ટ આપવો જોઈએ. પ્રેરણાત્મક કાર્યક્રમોનું આયોજન કરીને યુવાપેઢીને જીવનના ઉચ્ચ ધ્યેય અને લક્ષ્ય પ્રત્યે પ્રેરિત કરવા જોઈએ. અને આ તમામ પ્રયત્નો વ્યક્તિગત સ્તરે નહીં, પરંતુ સમાજના વિવિધ સ્તરે સંયુક્ત પ્રયાસોથી જ શક્ય બની શકશે. યાદ રાખીએ કે યુવા શક્તિનો શ્રેષ્ઠ વિકાસ જ આપણા દેશની સાચી પ્રગતિ છે.

આજની યુવાપેઢીનું જમાપાસું એ પણ છે કે કેટલાક પોતાના વિચારો અને જુસ્સા સાથે સમાજ, સંસ્થા અને સરકારમાં સકારાત્મક પરિવર્તન પણ લાવી રહ્યાં છે, સમાજ અને રાષ્ટ્ર હિત માટે કાર્ય કરી રહ્યા છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, વિજ્ઞાન, પર્યાવરણ અને આઈ.ટી.ક્ષેત્રે અગ્રેસર થઈને દેશની વિકાસમાં સહયોગી બની રહ્યા છે. સાથી મિત્રો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. નવા નવા સ્ટાર્ટઅપ દ્વારા બિઝનેસની તકો ઉભી કરી રહ્યા છે, નવીન વિચારોને જીવનમાં ઉતારી રહ્યાં છે અને આવા યુવાનોમાં આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના જગાવવા અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન કાર્ય કરી રહેલ છે. જેના ભાગરૂપે આસ્થા - એકતા અને ઊર્જાના ધામ સમા વિશ્વ ઉમિયાધામમાં જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરના નિર્માણ થકી યુવા તેમજ મહિલા સશક્તિકરણની અનેકવિધ પ્રવૃત્તિઓ સંસ્થામાં થઈ રહેલ છે.

યુવાશક્તિને આધ્યાત્મિકતાના આધાર ઉપર સામાજિક શક્તિના પ્લેટફોર્મ ઉપર સક્રિયપણે સહયોગી બનાવવા અને પ્રોત્સાહિત કરવા માટે સંસ્થા દ્વારા દુનિયાની મોટામાં મોટી સામાજિક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની યુવા ટીમ દ્વારા થઈ રહેલ છે. જેમાં ક્રિકેટની કુલ ૩૨૦ ટીમો ગુજરાતના અલગ અલગ પાંચ ઝોનમાં રમશે અને તેની ફાઈનલ મેચ દુબઈમાં રમાશે. જે યુવાશક્તિમાં રહેલી ક્ષમતાઓને ઉજાગર કરવામાં પ્રેરણારૂપ બની રહેશે. તો આવો મિત્રો, આપણે સૌ આજની યુવાપેઢીને યોગ અને આધ્યાત્મથી જોડીને સામાજિક શક્તિને ઉજાગર કરીએ અને તેના માધ્યમથી સામાજિક સશક્તિકરણ કેન્દ્રના નિર્માણમાં સહભાગી બનીએ. ■

**ખાસ નોંધ : "ઉમાસૃષ્ટિ" માસિક આપના ઘરે આવે છે. આપના કુટુંબના સભ્યોને મેગેઝીનના લેખોમાંથી અલગ અલગ વિષયો પર જાણકારી મળતી હશે. મેગેઝીનના લેખોમાંથી કયો લેખ આપને પસંદ પડ્યો તેના રીવ્યુ - સૂચનો અમોને આપશો તો વધુ આનંદ થશે. સદર ઉમાસૃષ્ટિ વાંચી લીધા પછી આ પવિત્ર મેગેઝીન પસ્તીમાં આપવાના બદલે સંસ્થા ઉપર મોકલી આપવા વિનંતી. જેથી માના દર્શને આવનાર લોકોને આપી શકાય જેથી ઉમાસસૃષ્ટિનો સદ્‌ઉપયોગ થશે.**

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**

## કવર સ્ટોરી



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# શ્રીમદ્ ભગવદ્ગીતા જયંતી

## વિશ્વ માનવને જીવન જીવવાની કલા શીખવતી 'ભગવદ્ગીતા'

### પૃષ્ઠભૂમિ :

આજથી લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં દ્વાપર યુગમાં માગસર સુદ એકાદશીના મંગલ પ્રભાતે કુરુક્ષેત્રની રણભૂમિ પર ભગવાન શ્રીકૃષ્ણના મુખારવિંદમાંથી ગીતાનો જ્ઞાન પ્રવાહ અવતરિત થયો અને ભારતને ગીતાનો અમૂલ્ય ગ્રંથ મળ્યો. તે દિવસ ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠ બની રહ્યો છે. માગસર સુદ એકાદશી એટલે ગીતાજયંતી. સંતો-મહંતો, ઋષિઓ, મહાપુરુષો તેમજ દેવી-દેવતાઓના પ્રાગટ્ય દિનની ઉજવણી કરવાની પરંપરા તો સર્વત્ર છે. પરંતુ કોઈ ગ્રંથના જન્મદિવસની ઉજવણી દેશ અને વિદેશમાં સંપૂર્ણ સન્માન સાથે થતી હોય તો તે એકમાત્ર "ભગવદ્ગીતા" છે. કારણ કે ગીતાજીનો જન્મ ભગવાનના શ્રીમુખેથી વાણી સ્વરૂપે થયેલો છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતનો જ એક ભાગ છે. 'મહાભારત' ના કુલ અઢાર પર્વોમાંથી છઠ્ઠા પર્વ "ભીષ્મ પર્વ"ના પચ્ચીસમાં અધ્યાયથી બેતાલીસ સુધીના કુલ અઢાર અધ્યાયોને "શ્રીમદ્ ભગવદ્ગીતા" એવું નામ આપવામાં આવ્યું છે. માગસર સુદ અગિયારસ એટલે વિશ્વ સાહિત્યના મુકુટમણિ સમાન ગ્રંથરત્ન "ભગવદ્ગીતા"ના મંગલ પૂજનનો દિવસ. આ દિવસને "મોક્ષદા એકાદશી" પણ કહે છે.

ભગવાને ગીતાના દસમાં અધ્યાય 'વિભૂતિ યોગ' માં ''मासानां मार्गशीर्षोहम'' કહીને માગસર માસને પોતાની વિભૂતિ ગણાવ્યો છે. ધર્મની રક્ષા અને અધર્મના વિનાશ માટે શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય જે શ્રાવણ માસમાં થયું તેને ભગવાન પોતાની વિભૂતિ ગણાવી શક્યા હોત, પરંતુ જે માગસર માસમાં તેમના સ્વમુખે ગીતા પ્રગટ થઈ તે ગીતા પ્રાગટ્યના મહિનાને તેમણે પોતાની વિભૂતિ ગણાવ્યો છે. પોતાના પ્રાગટ્ય કરતાં પણ ગીતાના પ્રાગટ્યને ભગવાને વધુ પવિત્ર ગણ્યું છે. પોતાની જાત કરતાં પણ ગીતા ભગવાનને વધુ પ્રિય છે. ગીતા જયંતીનો દિવસ આપણા સૌ માટે જન્માષ્ટમી જેટલો જ પવિત્ર છે. કારણ કે આ ધન્ય દિવસે માનવજાતને ભગવદ્ગીતાની ભેટ મળી છે.

### ભગવદ્ગીતાનું મહત્ત્વ :

'ગીતા' નો ઉદ્ભવ કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર શ્રીકૃષ્ણના મુખમાંથી ધર્મ બોધરૂપે થયેલ છે. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન યુદ્ધ ભૂમિમાં પ્રવેશે છે ત્યારે બન્ને પક્ષે પોતાના સ્વજનો અને ગુરુજનોને જોઈને યુદ્ધ કરવાની ના પાડે છે ત્યારે અર્જુનને નિરાશામાંથી બહાર કાઢવા ભગવાન શ્રીકૃષ્ણે તેને જે ધર્મબોધ આપ્યો તે "શ્રીમદ્ ભગવદ્ગીતા"ના નામે જગતમાં પ્રસિદ્ધ બન્યો છે. 'ગીતા' કહેવામાં નથી આવી, 'ગીતા' ગાવામાં આવી છે. ગીતાનું જ્ઞાન કરતી વખતે ભગવાન શ્રીકૃષ્ણ યશોદાનંદન કે દેવકીનંદન મટી જઈને સચરાચર સૃષ્ટિનું નિયમન કરનારી શક્તિના રૂપમાં આવી ગયેલા છે. પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન અર્જુનનને કરાવીને ભગવાને તેની પ્રતીતિ પણ આપી છે.

શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે. પ્રથમ ૬ અધ્યાયમાં કર્મયોગ, પછીના ૬ અધ્યાયમાં જ્ઞાનયોગ અને અંતિમ ૬ અધ્યાયોમાં ભક્તિયોગનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ગીતામાં કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગની ત્રિવેણી પ્રવાહિત થઈ છે. ગીતામાં શ્રીકૃષ્ણએ ૫૭૪ શ્લોકમાં અર્જુનને જ્ઞાન આપ્યું છે, જ્યારે અર્જુને ૮૫ શ્લોક દ્વારા પોતાની શંકાઓ અને પ્રશ્નો પ્રકટ કર્યા છે, તો વળી ૪૧ શ્લોક એવા છે જેમાં સંજય અને ધૃતરાષ્ટ્રનો સંવાદ છે. ગીતાનું જ્ઞાન અર્જુન ઉપરાંત અન્ય બે લોકોએ સાંભળ્યું હતું. વેદવ્યાસ પાસેથી દૃષ્ટિ મેળવનાર સંજય અને સંજયના મુખેથી ધૃતરાષ્ટ્ર આ બન્નેએ પણ સાંભળ્યું હતું. થોડા શ્લોકોના અપવાદ સિવાય આખી ગીતા અનુષ્ટુપ છંદમાં રચાયેલી છે. વિશ્વની ૧૦૦ થી વધુ ભાષાઓમાં તેનું ભાષાંતર થયેલું છે.

જગતના તત્ત્વજ્ઞાન સંબંધી ગ્રંથોમાં ભગવદ્ગીતા સૌથી શ્રેષ્ઠ અને લોકપ્રિય ગ્રંથ મનાય છે. ભારતના વેદાંતી આચાર્યો અને પશ્ચિમના અનેક વિદ્વાનોએ તેના પર ટીકાઓ લખી છે. આમ છતાં તેનાં શ્લોકોનું નવું - નવું અર્થઘટન થતું રહે છે. મહાત્મા ગાંધી, વિનોબા ભાવે, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્, લોકમાન્ય તિલક, ઓશો રજનીશ, રવિશંકર મહારાજ, કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા જેવા અનેક વિદ્વાન સાહિત્યકારો, લેખકો, વિવેચકોએ ગીતાજીનો ઉપદેશ લોકભાગ્ય બનાવવા પુસ્તકો લખ્યા છે.

### કેવી રીતે મનાવવામાં આવે છે ગીતા જયંતી ?

ગીતા જયંતીના દિવસે ભક્તો દ્વારા પ્રભુ કૃષ્ણના આ પવિત્ર ગ્રંથનું વાચન, પૂજન અને ધાર્મિક સભાઓનું આયોજન થાય છે. આ દિવસે યજ્ઞ, ભજન, કિર્તન અને ભારતીય સંતો તથા સાહિત્યકારો દ્વારા ગીતાના શ્લોકોની વ્યાખ્યાઓ કરવામાં આવે છે. ગીતા જયંતીના દિવસે શ્રીમદ્ ભગવદ્ગીતાના પાઠ કરવામાં આવે છે. દેશભરમાં મંદિરો વિશેષ કરીને ઈસ્કોન મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણ અને ગીતાજીની પૂજા કરવામાં આવે છે. આ દિવસે લોકો ઉપવાસ રાખે છે. ગીતાનો ઉપદેશ વાંચવામાં અને સાંભળવામાં આવે છે. આ દિવસે લોકો ભગવદ્ ગીતાના ઉપદેશોને જીવનમાં

ઉતારવાનો સંકલ્પ કરે છે. માત્ર ભારતમાં જ નહીં, વિદેશોમાં પણ ગીતા જયંતી ધૂમધામથી ઉજવવામાં આવે છે. ગીતા જયંતી આપણને એ પાવન ઉપદેશની યાદ અપાવે છે જે શ્રીકૃષ્ણે મોહમાં ફસાયેલા અર્જુનને આપ્યો હતો. ગીતાનો ઉપદેશ જીવન કેવી રીતે જીવવું તે આપણને શીખવે છે. શ્રીકૃષ્ણના ઉપદેશ બાદ અર્જુનનો મોહભંગ થઈ ગયો અને તેણે ગાંડીવ ધારણ કરીને પાપીઓનો નાશ કર્યા પછી ધર્મની પુનઃ સ્થાપના કરી.

### ગીતાની વિશેષતાઓ :

'ગીતા' એટલે શ્રીકૃષ્ણના મુખ કમલમાંથી નીતરેલું માધુર્ય તેમજ વાઙ્મય સ્વરૂપ, ગોપાલ કૃષ્ણની મોરલીએ ગોકુલમાં સૌને મુગ્ધ કર્યા હતાં તો તેમની જ્ઞાન-મુરલી ગીતાએ કુરુક્ષેત્રની ભૂમિ પર અર્જુનને યુદ્ધ માટે પ્રેરણા આપી સમગ્ર વિશ્વના જ્ઞાનીઓ, ભક્તો, કર્મયોગી, ઋષિ, સંત, ચિંતક કે સમાજસેવક સર્વને મુગ્ધ કર્યા છે. ભગવદ્ ગીતામાં આપણા મહાન ધર્મગ્રંથો, વેદો, ઉપનિષદોનું સારરૂપે દોહન કરેલું છે. સંસ્કૃતમાં લખાયેલ ગીતા આપણો વિશ્વધર્મ ગ્રંથ છે. તે માનવમાત્રને જીવનમાં આવતાં નાના-મોટા સંગ્રામો સામે હિંમતથી ઉભા રહેવાની શક્તિ આપે છે. ગીતા નિષ્પ્રાણ લોકોમાં પ્રાણ પૂરે છે. ગીતા ભગવાને સ્વમુખે કહી છે એ જ એની સૌથી મોટી વિશેષતા છે. જીવન મુસીબતોથી ડરીને ભાગી જવા માટે નથી, પણ તેની સામે હિંમતથી ઝઝૂમવા માટે છે. વેદ-ઉપનિષદના મહાન જ્ઞાનસાગરને ગીતાએ પોતાની નાનકડી સાગરમાં સમાવી લીધો છે. "સર્વ શાસ્ત્રમયી ગીતા" એટલે કે ગીતામાં સર્વ શાસ્ત્રનો સમન્વય જોવા મળે છે. આખી ગીતામાં "શ્રી ભગવાન ઉવાચ" એવો જ ઉલ્લેખ છે, એકપણ સ્થળે "શ્રીકૃષ્ણ ઉવાચ" એવો ઉલ્લેખ નથી તે વાત ખાસ નોંધવા જેવી છે. "પદ્મનાભ" નો ઉલ્લેખ છે, શ્રીકૃષ્ણનો નહીં.

### ગીતાનો સંદેશ :

હિન્દુ વૈદિક સનાતન ધર્મમાં અનેક ગ્રંથો છે, પરંતુ ગીતાનું મહત્ત્વ અલૌકિક છે તેને વેદો અને ઉપનિષદોનો નિચોડ માનવામાં આવે છે. ગીતા આપણને જીવન જીવવાનો સંદેશ આપે છે. ગીતામાં અર્જુન માનવ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે, તે જીવનને લગતા વિવિધ પ્રશ્નો કરે છે. ગીતા મુજબ માનવજીવન એક યુદ્ધ છે, જેમાં દરેકે લડવું પડે છે. યુદ્ધમાં પીછેહઠ કર્યા વિના આગળ વધવું તે ગીતાનો સંદેશ છે.

વાઙ્મય રસિકોને ગીતામાં વાઙ્મયનું સૌંદર્ય દેખાય છે. કર્મવીરોને ગીતા કર્મ કરવાનો ઉત્સાહ આપે છે. જ્ઞાનીઓને જ્ઞાનગંગામાં ડૂબકી મારવાની તક આપે છે. ભક્તોને ભક્તિનું રહસ્ય સમજાવે છે. જગતમાં કોઈપણ સ્ત્રી માની તુલનામાં આવી ન શકે તેમ કોઈપણ ગ્રંથ ગીતાની તુલનામાં ઉભા રહેશે નહીં. કારણ કે 'ગીતા' આપણા માટે મા સમાન છે. ગીતા કોઈપણ માનવમાંથી શ્રધ્ધા ગુમાવતી નથી. ગીતા કહે છે કે ગમે તેવો પાપી માણસ પણ બદલાઈ શકે છે, સારો થઈ શકે છે. વાલિયો લુંટારો વાલ્મીકિ બન્યો એ તેનું જ્વલંત ઉદાહરણ છે.

વિભિન્ન વર્ણના લોકોને ગીતા જુદો-જુદો ઉપદેશ આપે છે. જીવનની વિભિન્ન અવસ્થાઓ (શૈશવ, યૌવન, વાર્ધક્ય) કેવી હોવી જોઈએ એ માટે પણ માર્ગદર્શન આપે છે. સ્ત્રીઓ માટે ગીતા કહે છે કે સ્ત્રી ગૃહલક્ષ્મી તો બને જ પરંતુ તે ગુણલક્ષ્મીથી શોભવી જોઈએ. સ્ત્રી પુરુષ સમોવડી ન બનતા એ ખરા અર્થમાં સ્ત્રી બની રહે એમાં જ એનું ગૌરવ છે.

વિદ્યાર્થી માટે ગીતા કહે છે : "तद्विद्धि प्रणीपातेन परिप्रश्नेन सेवया" ॥ ૪-૩૪॥ અર્થાત્ "તારે જો વિદ્યા મેળવવી હશે તો તારી પાસે પ્રણિપાત એટલે કે નમ્રતા, પરિપ્રશ્ન એટલે જિજ્ઞાસા અને સેવા આ ત્રણ વાતો હોવી જોઈએ. નમ્રતા વિના જ્ઞાન મળતું નથી. ગુરુ કે શિક્ષક માટે ગીતા કહે છે : "उपदेश्यन्ति ते ज्ञानं ज्ञामिनस्तत्त्व दर्शिनः" અર્થાત્ જ્ઞાનનો ઉપદેશ આપનાર મનુષ્ય જ્ઞાની તેમજ તત્ત્વદર્શી હોવો જોઈએ. ગીતાકાર વિદ્વાનોને સંદેશ આપે છે કે તેમણે તેમની બુદ્ધિનો ઉપયોગ સામાન્ય જનતાની ભાવના કે શ્રધ્ધા તોડવામાં ન કરવો જોઈએ.

કાર્યકર માટે ગીતા કહે છે કે "योगः कर्मषु कौशलम्" કર્મમાં કુશળતાનું નામ જ યોગ છે. માટે તારા કર્મને કર્મયોગ બનાવી દે. જ્ઞાનીઓ માટે ગીતા કહે છે કે - "તમે માત્ર વાદ વિવાદ ન કરતાં સંવાદ કરો" ગીતા પણ કૃષ્ણ અર્જુન વચ્ચેનો સંવાદ જ છે.

સાધકને માટે ગીતાકાર અતિ ઉપયોગી માર્ગદર્શન આપે છે :

"बहुनाम् जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥" (૭-૧૯)

અહીં ઘણા જન્મો પછી ભગવાન મળશે એમ કહીને ગીતા માનવને નિરાશ કરતી નથી, પરંતુ સાધનાનું ગાંભીર્ય તેમજ ધૈર્યનું મહત્ત્વ સમજાવે છે. કર્મયોગી માટે ગીતાનો સંદેશ છે કે :

"कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सऽगोऽस्त्वकर्मणि ॥" (૨-૪૭)

"કર્મ કરવું એ જ તારો અધિકાર છે, તું ફળની ચિંતા કર નહીં," ફળની ચિંતા કરવાથી કર્મમાં નિષ્ઠા આવતી નથી. ગીતાનો મુખ્ય સંદેશ કર્મયોગ છે. દરેક વ્યક્તિએ પોતાનું કાર્ય નિઃસ્વાર્થ ભાવથી ફળની અપેક્ષા રાખ્યા વિના કરવું જોઈએ. મનુષ્ય સારું કે ખરાબ જેવું કર્મ કરશે તેવું પરિણામ તેને મળશે.

ભક્ત માટે ગીતા કહે છે કે : ''न मे भक्तः प्रणश्यति।'' "મારા ભક્તનો કદી નાશ થતો નથી." કારણ કે ભક્તની કાળજી સ્વયં ભગવાન લે છે. માટે જ ભગવાન ભક્તોને આશ્વાસન આપે છે કે -''तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्।'' (૯-૨૨) "મારા ભક્તોના યોગક્ષેમનું હું વહન કરું છું." વિજ્ઞાન આપણને સુખના સાધનો આપી શકશે પણ સુખ આપી શકશે નહીં. કારણ કે સુખ મનના વિકાસમાં રહેલું છે. ગીતા માનવને સુખી થવાની માનસશાસ્ત્રીય જીવનકલા શીખવે છે.

**આત્મા અને કર્મ શાશ્વત છે :**

શ્રીમદ્ ભગવદ્ ગીતા આત્માના મૂળ સુધી પહોંચે છે. દુનિયાનો કોઈપણ ધર્મગ્રંથ આત્માનું સૂક્ષ્મ ચિંતન કરી શક્યો નથી. આધુનિક વિજ્ઞાન આત્માને એક ઉર્જા માને છે. વિજ્ઞાન અનુસાર એનર્જી મારી શકાતી નથી. તેને માત્ર એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતરિત કરી શકાય છે. વિજ્ઞાનની આ વાત ભગવાન શ્રીકૃષ્ણએ પાંચ હજાર વર્ષ પહેલાં સિદ્ધ કરી હતી. આ અંગે ગીતામાં કહ્યું છે કે :

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लदयन्त्यापो न शोषयति मारुतः॥ (૨-૩૩)

અર્થાત્ આત્માને (ઉર્જાને) કોઈ શસ્ત્ર છેદી શકતું નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી હવા સુકવી શકતી નથી. આત્મા નિત્ય સનાતન અવિનાશી છે. ભગવદ્ગીતાના બીજા અધ્યાયના ૨૨ માં શ્લોકમાં ભગવાન કહે છે કે :

वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही॥ (૨-૨૨)

અર્થાત્ "જેવી રીતે મનુષ્ય જુના વસ્ત્રો બદલીને નવા વસ્ત્રો ધારણ કરે છે, તેવી જ રીતે આત્મા જીર્ણ અને પ્રાચીન શરીરને ત્યાગીને નવું શરીર ધારણ કરે છે." આ રીતે મોર્ડન સાયન્સ અને ભગવદ્ગીતામાં ઉર્જા વિશેની માહિતી સમાન જ છે ! આ વાત હિન્દુ ધર્મગ્રંથોમાં હજારો વર્ષ પહેલાં કહેવાઈ ચૂકી છે.

ગીતા એક સંપૂર્ણ શાસ્ત્ર છે. તેના પ્રત્યેક સિદ્ધાંત સાર્વત્રિક અને સનાતન છે. ગીતા કદી જુની થતી નથી. માનવ જીવનના તમામ પ્રશ્નોનું નિરાકરણ ગીતા પાસે છે. માણસ-માણસ વચ્ચે ઉભા થયેલાં ઉચ્ચ-નીચ કે નાના-મોટાના ભેદનો ઉપચાર પણ ગીતા પાસે છે. શ્રેષ્ઠ રાજ્ય વ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા, અર્થ વ્યવસ્થા અને ધર્મ વ્યવસ્થા ગીતા શીખવે છે. ગીતા જીવન જીવતા શીખવે છે અને મૃત્યુની શાસ્ત્રીય મીમાંસા પણ આપે છે. કોર્પોરેટ જગતથી લઈને વિજ્ઞાન સુધી, મનુષ્ય જીવનથી લઈને રાજકારણ સુધી તમામ ક્ષેત્રોમાં ગીતાના સચોટ અને સનાતન સિદ્ધાંતો ખૂબ જ ઉપયોગી છે. ઓપન હાઈપર હોય કે સ્ટીવ જોબ્સ, સ્વામી વિવેકાનંદ હોય કે મહાત્માગાંધી, લોકમાન્ય તિલક હોય કે વિનોબા ભાવે આ તમામ વ્યક્તિઓની સફળતા પાછળ એક ગ્રંથ રહેલો છે, અને તે છે શ્રીમદ્ ભગવદ્ગીતા. ગાંધીજીએ એકવાર કહ્યું હતું કે - "મને કોઈ ધર્મ સંકટ આવે, એટલે હું ગીતા માતાનું શરણ લઉં છું. એણે સદાયે મારું પથપ્રદર્શન કર્યું છે !

ગીતા વિષે શ્રીકૃષ્ણ કહે છે કે - "હે પાર્થ, ગીતા એ મારું હૃદય છે, ગીતા મારો ઉત્તમ સાર છે, ગીતા મારું અવિનાશી જ્ઞાન છે, ગીતા મારું શ્રેષ્ઠ નિવાસસ્થાન છે, ગીતા મારું પરમપદ છે, ગીતા મારું પરમ રહસ્ય છે અને ગીતા મારો પરમ ગુરુ છે." ભગવાને સ્વયં ગીતા માટે કહ્યું - ''गीता मे परमा विद्या'' અને ''इति गुह्यतम शास्त्रं જેવા વિશેષણો વાપર્યાં છે. ગીતા જીવનનો ગ્રંથ છે, કોઈ ધર્મ કે સંપ્રદાયનો સીમિત ગ્રંથ નથી. તે યુવાનીનો ગ્રંથ છે, વદ્ધત્વનો નથી. સામાન્ય રીતે તો એવું બનતું હોય છે કે કોઈ મુમુક્ષુ જીવ પ્રભુની પ્રાપ્તિ માટેનો માર્ગ શોધવા સંતો, મહંતો કે ગુરુની શોધમાં ભટકતા હોય છે. જ્યારે અહીં તો ખુદ ભગવાન જ અર્જુનને નિમિત્ત બનાવીને સમગ્ર માનવજાતને સામે ચાલીને પોતાના સુધી પહોંચવાના રાજમાર્ગો બતાવ્યા છે. પછી ભગવાને ચીંધેલા માર્ગે ચાલવાની જવાબદારી તો માણસની પોતાની જ છે.


**સમાપન :**

ઉપનિષદો તત્ત્વજ્ઞાનનું ગૌરીશિખર છે. આ ઉપનિષદોનું દોહન કરીને જે અમૃત ભગવાન શ્રીકૃષ્ણે વિશ્વને અર્પણ કર્યું છે, તે ગીતામૃતનું પાન કરીને આપણા જીવનને સાર્થક કરવું જોઈએ. શ્રેષ્ઠતાપૂર્વક આપણા નિયત કર્તવ્ય કર્મનું પાલન કરીને ભગવાનની ભક્તિ દ્વારા મુશ્કેલીઓ રૂપી પર્વતો ઓળંગી જઈ મોક્ષની પ્રાપ્તિ પ્રતિ પ્રયાણ કરવાનો સંકલ્પ કરવા માટે "શ્રીમદ્ ભગવદ્ગીતા" જયંતી એ શ્રેષ્ઠ દિવસ છે. તો ચાલો આપણે પણ આપણા જીવનરથની લગામ અર્જુનની માફક શ્રીકૃષ્ણ ભગવાનને સોંપી દઈ નિશ્ચિંત બની જઈએ. ગીતાના અંતિમ શ્લોકમાં કહેવાયું છે કે :

''यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः।
तत्र श्री र्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम॥'' (૧૮-૭૮)

અર્થાત્ હે રાજન ! જ્યાં યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ છે અને જ્યાં ગાંડીવધારી અર્જુન છે, ત્યાં શ્રી, વિજય, વિભૂતિ તેમજ અચળ નીતિ છે - એવો મારો મત છે. (સંજય ઉવાચ) ■

## ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# જીવનની રહસ્યમયતા

ઋગ્વેદના નાસદીય સૂક્તનો અંતિમ મંત્ર આ પ્રમાણે છે :

इयं विसृष्टिर्यत आबभूव यदि वा दधे यदि वा न ॥
यो अस्याध्यक्षः परमे व्योमेन् त्सो अऽग वेद यदि वा न वेद ॥"

–ऋग्वेद १०-१२९-७

"આ સૃષ્ટિ જેમાંથી આવિર્ભૂત થઈ છે, તે પરમાત્મા પણ તેને ધારણ કરી રાખે છે કે નહીં ? પરમ આકાશમાં અવસ્થિત આ સૃષ્ટિના પરમ અધ્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા આ સૃષ્ટિના રહસ્યને પૂર્ણતઃ જાણતા હશે કે તેઓ પણ નહીં જાણતા હોય ?"

માનવ ચિત્તનું બંધારણ જ એવું છે કે તેમાં શું, શા માટે, કેવી રીતે, કોના દ્વારા - આદિ પ્રશ્નો ઉપસ્થિત થાય જ છે. તદ્નુસાર કોઈપણ જાગ્રત માનવીના ચિત્તમાં આ સૃષ્ટિ કોણે ઉત્પન્ન કરી, કેવી રીતે ઉત્પન્ન કરી, શા માટે ઉત્પન્ન કરી - આદિ પ્રશ્નો ઉપસ્થિત થાય જ છે. માનવ પોતાની મતિ દ્વારા આ પ્રશ્નોના ઉત્તરો મેળવવા માટે અપરંપાર પ્રયત્નો કરે છે, પરંતુ સૃષ્ટિનું સ્વરૂપ અને રચના એટલાં ગહન છે કે માનવીની પોતાની અલ્પમતિ દ્વારા તેનો પાર પામી શકાય તેમ નથી.

વેદની સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, શ્રીમદ્ ભાગવત આદિ પુરાણો, મહાભારત આદિ સર્વ ગ્રંથોમાં સૃષ્ટિ વિષયક દર્શન વ્યક્ત થયું છે. સૃષ્ટિ વિષયક દર્શન લગભગ સર્વત્ર જોવા મળે છે અને છતાં લગભગ સર્વત્ર સૃષ્ટિની રહસ્યમયતા પણ અભિવ્યક્ત થયેલી છે.

અસ્તિત્વ એક રહસ્ય છે અને આ ગહન રહસ્યને પૂર્ણતઃ કોઈ ઉકેલી શકે નહીં. ઋતભંરા પ્રજ્ઞાના પ્રકાશથી આ મૂળભૂત રહસ્યને ઋષિઓ ક્યારેક કાંઈક અંશે જોઈ શકે છે. અસ્તિત્વની રહસ્યમયતાનો પડદો આ ઋતભંરા પ્રજ્ઞા સમક્ષ ક્વચિત્, અંશતઃ હટી જાય છે અને તેવી અમૂલ્ય ક્ષણોમાં ઋષિ આર્ષદર્શન કરી લે છે. આમ છતાં અસ્તિત્વના રહસ્યને પૂર્ણતઃ કોઈ પામી શકે નહીં.

ઋગ્વેદના નાસદીય સૂક્તના આ અંતિમ મંત્રમાં બે વિધાન કરવામાં આવ્યા છે :

(૧) આ સૃષ્ટિ જેમાંથી પ્રગટી છે, તે પરમ તત્ત્વ સૃષ્ટિનો આધાર છે કે નહીં ? (૨) આ સૃષ્ટિના જે પરમ અધ્યક્ષ છે, તે પણ આ સૃષ્ટિના રહસ્યને જાણતા હશે કે નહીં ?

પ્રથમ દૃષ્ટિએ એમ જણાય છે કે આ મંત્રમાં પરમાત્માના સામર્થ્ય



અને સર્વજ્ઞતા વિશે શંકા ઉપસ્થિત કરવામાં આવે છે, પરંતુ વસ્તુતઃ તેમ નથી. કવિતાની એક લક્ષણા હોય છે અને વ્યંજના પણ હોય છે. આ લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થને સમજીને જ કાવ્યના યથાર્થ તત્ત્વને પામી શકાય છે. આ મંત્ર દ્વારા ઋષિ સર્વસમર્થ અને સર્વજ્ઞ પરમાત્માના સર્વ સામર્થ્ય અને સર્વજ્ઞતા વિશે શંકા ઉપસ્થિત નથી કરતા. પરંતુ માનવીની અલ્પજ્ઞતા અને સૃષ્ટિની રહસ્યમયતા સૂચિત કરે છે. માનવી અર્થાત્ આપણે સૌ એટલા અલ્પજ્ઞ છીએ કે આ સૃષ્ટિના પરમ આધારની યથાર્થતા સમજી શકીએ નહીં અને આપણે વળી એટલા જ અલ્પજ્ઞ છીએ કે પરમાત્માની સર્વજ્ઞતાને પણ સમજી શકીએ નહીં. પરમાત્મા સૃષ્ટિના આ રહસ્યને સમજી શકતા હશે કે નહીં અને કયા સ્વરૂપે સમજતા હશે, તે સમજવાનો આપણી પાસે કોઈ ઉપાય નથી. અહીં પરમાત્મા સમજતા હશે કે નહીં તેવી શંકા અહીં નથી થઈ, પરંતુ પરમાત્માના પરમજ્ઞાનને અને સૃષ્ટિની રહસ્યમયતાને સમજવાની આપણી અશક્તિ અહીં અભિવ્યક્ત થઈ છે. સૃષ્ટિની અગાધ રહસ્યમયતા અને માનવીની અલ્પજ્ઞતાને સૂચિત કરવાની આ એક કાવ્યાત્મક શૈલી છે. વળી સૃષ્ટિ નિરાધાર છે તેમ પણ અહીં નથી કહ્યું. અહીં વસ્તુતઃ એમ કહ્યું છે કે આ આધારને આપણે પૂર્ણતઃ સમજી ન શકીએ.

આપણે સૃષ્ટિના રહસ્યને સમજી ન શકીએ એમ કહીને આ મંત્ર દ્વારા અજ્ઞેયવાદ સૂચિત થાય છે ? ના, અહીં અજ્ઞેયવાદી દર્શન નથી. અહીં આ મંત્ર દ્વારા કે વેદમાં ક્યાંય અજ્ઞેયવાદનો સ્વીકાર નથી. અજ્ઞેયવાદમાં તો સૃષ્ટિના સ્વરૂપને સમજી શકાય તેમ જ નથી, એમ માનીને તે દિશાનો પ્રયત્ન જ ત્યાજ્ય ગણ્યો છે. વેદમાં તો સૃષ્ટિના

# ધર્મ સૃષ્ટિ

રહસ્યને ભેદવાનો પારાવાર પ્રયત્ન જોવા મળે છે. વેદમાં કે ભારતીય સૃષ્ટિમીમાંસામાં ક્યાંય અજ્ઞેયવાદનો સ્વીકાર નથી. સૃષ્ટિના રહસ્યને સર્વથા અજ્ઞેય કહેલું નથી. અહીં તો માત્ર એટલું જ કહ્યું છે કે સૃષ્ટિનાં સર્વ રહસ્યોને સંપૂર્ણ રીતે સમજી શકાય તેમ નથી. આપણું સૃષ્ટિજ્ઞાન ગમે તેટલું વિકસે તોપણ સૃષ્ટિની રહસ્યમયતા કોઈને કોઈ સ્વરૂપે બાકી રહેવાની જ !

આ સૂક્તમાં સંશયવાદી દર્શન પણ વ્યક્ત થતું નથી. ઋષિ શંકાશીલ કે સંશયવાદી પણ નથી. ઋષિ અહીં સૃષ્ટિની અગાધ રહસ્યમયતાથી મુગ્ધ થઈ ગયા છે. આ મુગ્ધતા અહીં આ મંત્રમાં કાવ્યાત્મક શૈલીથી અભિવ્યક્ત થઈ છે. તેથી આ મંત્રમાં અજ્ઞેયવાદ કે સંશયવાદ નહીં, પરંતુ રહસ્યવાદ છે, તેમ સમજવું જોઈએ.

અચિંત્ય તત્ત્વના ગહન અરણ્યમાં ઋષિ સાત્ત્વિક શ્રદ્ધા અને આર્ષદર્શનના સાધન વડે, સિંહની પેઠે નિર્ભય બનીને પ્રવેશ કરે છે અને તેમાંથી અતર્ક્ય તત્ત્વોને પકડીને, લાવીને માનવજાત સમક્ષ અભિવ્યક્ત કરે છે. પ્રસ્તુત નાસદીય સૂક્ત અને તેનો આ અંતિમ મંત્ર આ દિશાનો સમર્થ પ્રયત્ન છે. ઋષિ આ પ્રયત્નને અંતે એમ પણ સ્પષ્ટ રીતે જાહેર કરે છે : "જે છે તેમાંથી ખૂબ થોડું લાવી શકાયું છે. અગાધ રહસ્યપૂર્ણ પહાડના આ તો થોડા કણ છે !"

જીવન અને અસ્તિત્ત્વની રહસ્યમયતા દર્શાવતા બે શ્લોક : 'શ્રીમદ ભાગવત' માં પણ છે :

नतोऽस्म्यहं तच्चरणं समीयुषां भवच्छिदं स्वस्त्ययनं सुमङ्गलम् ॥
यो ह्यात्ममायाविभवं स्म पर्यगाद् यथा नमः स्वान्तमथापरे कुतः ॥

–ऋग्वेद भागवत २-६-३५

બ્રહ્માજી કહે છે : "હું પરમ મંગલમય અને શરણે આવેલા ભક્તોને જન્મ-મૃત્યુથી છોડાવનાર પરમ-કલ્યાણસ્વરૂપ ભગવાનનાં ચરણોમાં નમસ્કાર કરું છું. તેની માયાની શક્તિ અપાર છે. જેમ આકાશ પોતાના અંતને જાણતું નથી, તેમ તે પરમાત્મા પણ પોતાના મહિમાના વિસ્તારને નથી જાણતા. આવી પરિસ્થિતિમાં અન્ય કોઈ તો તેના પારને કેવી રીતે પામી શકે ?"

नाहं न यूयं यदृतां गतिं विदुनं वामदेवः किमुता परे सुराः ॥
तन्मायया मोहितबुद्धयस्त्विदं विनिर्मितं चात्मसमं विचक्ष्महे ॥

–श्रीमद् भागवत २-६-३६

બ્રહ્માજી કહે છે : "હું, મારા પુત્ર તમે અને ભગવાન શંકર પણ તેના સત્ય સ્વરૂપને નથી જાણતા તો અન્ય દેવો તો તેને કેવી રીતે જાણી શકે ? આપણે સૌ આ રીતે મોહિત થઈ ગયા છીએ કે તેમની માયા દ્વારા રચિત આ જગતને પણ યથાર્થતઃ સમજી શકતા નથી. આપણે સૌ આપણી બુદ્ધિ પ્રમાણે અટકળ કરતા રહીએ છીએ."

પરમ સત્ય, આ અસ્તિત્વ, આ જીવન - આ સર્વ અગાધ રહસ્યપૂર્ણ છે. તેમના રહસ્યને સર્વથા ખોલી શકાય તેમ નથી.

Life is a mystery and it is to remain a mystery forever. "જીવન એક રહસ્ય છે અને તે સદા એક રહસ્ય જ રહેવાનું છે."

સમુદ્રમાં બે માછલીઓ રહેતી હતી. એક નાની માછલી અને એક મોટી માછલી. એક વાર નાની માછલીએ મોટી માછલીને પૂછ્યું : "દીદી ! અહીં સવાર-સાંજ માણસો ફરવા આવે છે. તેઓ 'સમુદ્ર, સમુદ્ર' એમ બોલતાં હોય છે. આ સમુદ્ર શું છે ?"

મોટી માછલી પ્રત્યુત્તર આપે છે : "બહેન ! માનવજાતને અનર્ગળ પ્રલાપ કરવાની ટેવ છે. સમુદ્ર જેવું કશું જ નથી. 'સમુદ્ર' માણસોએ ફેલાવેલી એક અફવા છે. આપણે અફવાના ભોગ ન બનવું !"

આપણે જીવન સમુદ્રનાં માછલાં છીએ. જીવન વિશેની આપણી સમજ અધૂરી અને કાચી છે. આ અનંત અગાધ જીવન સમુદરનો પાર કોણ પામી શકે ?

જીવનની આ અગાધ રહસ્યમયતાને સમજાવવા માટે ઠાકુર શ્રીરામકૃષ્ણદેવ એક નાનું સુંદર દૃષ્ટાંત આપતા :

પરમ સત્ય તો સાકરનો પહાડ છે. જ્ઞાની પુરુષો કીડીઓ છે. આ કીડીઓ સાકરના થોડા કણ પોતાના દરમાં લઈ જઈ શકે. પરંતુ સાકરના આખા પહાડને કોઈ લઈ જઈ શકે નહીં. શુકદેવ, શંકરાચાર્ય આદિ મહાજ્ઞાની પુરુષો મોટા મંકોડા છે. તેઓ થોડા મોટા કણ અને થોડા વધુ કણ લાવી શકે, પરંતુ સાકરના પહાડને આખેઆખો તો કોઈ જ લાવી શકે નહીં !

આવી અગાધ છે જીવનની રહસ્યમયતા !

આનો અર્થ એમ નહીં કે આપણે જીવન, અસ્તિત્વ અને પરમ સત્ય વિશે કશું જ ન જાણી શકીએ. અધ્યાત્મ અને વિજ્ઞાન દ્વારા આપણે જીવન, અસ્તિત્વ અને પરમસત્ય વિશે કાંઈક જાણી શકીએ અને જેટલું જાણીએ છીએ તે પણ ઘણું મૂલ્યવાન છે. તેને આધારે આપણા જીવનને પરમ સત્ય સુધી પહોંચાડી શકીએ છીએ. આપણે અજ્ઞેયવાદ કે સંશયવાદના રણમાં ખોવાઈ જવાનું નથી. આપણે અહીં માત્ર એટલું જ સમજવાનું છે કે જીવન અને અસ્તિત્વ અગાધ રહસ્યપૂર્ણ છે. તેના સ્વરૂપને પૂરેપૂરું સાંગોપાંગ કોઈ પામી શકે નહીં, કોઈ પામી શકે નહીં !

■ ■ ■

## ધર્મ સૃષ્ટિ




**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે


# વેદોનો દિવ્ય સંદેશ

**पवमानः पुनातु मा क्रत्वे दक्षाय जीवसे ।**
**अधो अरिष्टतातये ॥**

(અથર્વવેદ ૬/૧૯/૨)


**ભાવાર્થ :** હે પરમાત્મા ! મારા હૃદયમાં ભક્તિભાવ અને કર્મણ્યતાનો વિકાસ થાય છે. મને આરોગ્ય અને જીવન મળે. મને બધી બાજુથી પવિત્ર બનાવો.

**સંદેશ :** માનવીએ બહારથી અને અંદરથી પવિત્ર રહેવું જોઈએ કેમ કે પવિત્રતામાં જ પ્રસન્નતા રહેલી છે. પવિત્રતામાં મનની પ્રસન્નતા, શીતળા, શાંતિ, નિશ્ચિતતા, પ્રતિષ્ઠા અને સચ્ચાઈ રહેલાં હોય છે. ચૈતન્ય, સજાકતા, સુરુચિ, સાત્ત્વિકતા, સ્વચ્છતા, સાદાઈ અને સુવ્યવસ્થામાં સૌંદર્ય છે તેને પવિત્રતા કહે છે.

પવિત્રતા એક આધ્યાત્મિક ગુણ છે. આત્મા સ્વાભાવિક રીતે પવિત્ર અને સુંદર છે એટલે આત્મપરાયણ માનવીના વિચાર, વ્યવહાર અને વસ્તુઓ હંમેશાં સ્વચ્છ અને સુંદર હોય છે.

માનવીએ હંમેશાં બાહ્ય અને આંતરિક સ્વચ્છતાનું ધ્યાન રાખવું જોઈએ. અંદરની પવિત્રતાથી તે શ્રેષ્ઠ, શાલીન, સજ્જન અને સુસંસ્કારી બને છે. માનસિક પવિત્રતતા માનવીને તપસ્વી, સંયમી અને નિયમિત જીવન તરફ પ્રેરિત કરે છે, જેનાથી તેને સ્વાસ્થ્ય, આરોગ્ય અને દીર્ઘાયુનું વરદાન મળે છે. ઈન્દ્રિયો શક્તિશાળી અને સબળ હોય છે. ઈન્દ્રિયોનું સંચાલન મન વડે થાય છે. આ મન ખરી ખોટી ઈચ્છાઓ અને અભિલાષાઓ કર્યા કરે છે અને શરીરને પ્રભાવિત કરે છે.

શારીરિક અને માનસિક પવિત્રતાની સાથે આધ્યાત્મિક પવિત્રતા જરૂરી છે, કારણ કે તેના વગર માનવ જીવનનું મુખ્ય લક્ષ્ય એવી આત્મોન્નતિ થઈ શકતી નથી. આધ્યાત્મિક પવિત્રતાથી સાચો પ્રેમ, ભક્તિ, દયા, ઉદારતા તથા પરોપકારની ભાવના જાગૃત થાય છે અને



દેવત્વનો વિકાસ થાય છે. લોકોમાં સામાન્ય રીતે તમોગુણ અને રજોગુણ મુખ્ય છે. આધ્યાત્મિક સાધના સતોગુણનો વિકાસ કરે છે. સતોગુણી બુદ્ધિ માનવીને જીવંત અને પ્રાણવાન બનાવે છે. સત્સંગ, સ્વાધ્યાય, સેવા, સંયમ અને સાધનાથી પ્રેરિત કરીને યશસ્વી બનાવે છે.

શાસ્ત્રોએ એ વાત સ્પષ્ટ રૂપે કહી છે કે જન્મથી આપણે બધા શૂદ્ર છીએ. કોઈ પણ જન્મજાત બ્રાહ્મણ નથી. બ્રાહ્મણ બનવા માટે આત્મબળ, તપબળ, નૈતિકબળ અને ધર્માચરણની જરૂર પડે છે. જો કોઈ માણસમાં આ બધા ગુણ ન હોય તો તે બ્રાહ્મણ કુળમાં જન્મ લીધો હોવા છતાં શૂદ્રથી પણ નીચી કક્ષાનો છે. આ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે મન બદલાઈ જાય, માનવીનું ચરિત્ર બદલાઈ જાય. ફક્ત બહારની ટાપટીપથી કશું થતું નથી. ઢોંગ અને આડંબર આપણા સૌથી મોટા શત્રુ છે. બહાર કંઈક અને અંદર કંઈક રાખવાથી સફળતા મળતી નથી. જેની કથની અને કરણીમાં અંતર ન હોય તેમના હૃદયમાં ભક્ત અને કર્મણ્યતાના ભાવ જાગૃત થાય છે. એવા લોકો જીવનમાં દરેક કામમાં સફળતા મેળવે છે અને પોતાના સંપર્કમાં આવનારાને સન્માર્ગ ઉપર ચાલવાની પ્રેરણા આપે છે. તેઓ પોતાની પ્રતિભા અને ક્ષમતા વડે લોકોના મનની તામસી અને રાજસી વૃત્તિઓને દૂર કરીને તેમનામાં સાત્ત્વિકતાનાં બીજ વાવે છે અને તેમના જીવનને શુધ્ધ અને પવિત્ર બનાવી દે છે.

શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પવિત્રતાથી જીવનોદ્દેશની પ્રાપ્તિ શક્ય છે.

■ ■ ■

# ધર્મ સૃષ્ટિ



**પ્રા. ડો. હર્ષદેવ માધવ**
લેખક મૂર્ધન્ય સંસ્કૃત સાહિત્યકાર અને
સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા છે.

# મિત્રતાનું વૈદિક મેનેજમેન્ટ

**સા**રા મિત્રો મળવા એ જિંદગીની અમૂલ્ય ચીજ છે. વૈદિક ઋષિઓએ મિત્રતાનું મહત્ત્વ સમજીને જીવનમાં કેવા મિત્રો પસંદ કરવા અને મૈત્રીમાં કઈ - કઈ જરૂરી બાબતો છે તેનો વિચાર કર્યો છે. ઋષિઓની દૃષ્ટિ માત્ર સ્થૂળ નથી પણ, તેમની મૈત્રી આધિદૈવિક અને આધ્યાત્મિક વિશ્વ સુધી વિસ્તરેલી છે. આથી વૈદિક ઋષિ કહે છે કે,

दूते दंह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् ।
मित्रस्याह चक्षुषा सर्वाणि भूतानि समीक्षे । मित्रस्य चक्षुषा समीक्षामहे ॥
(य. वे.- ३६-१८)

અર્થાત્ હે મહાવીર (ઈશ્વર) ! વૃદ્ધાવસ્થાથી શરીર જર્જરિત થઈ જાય તો પણ પ્રત્યેક પ્રાણી મને મિત્રની દૃષ્ટિથી નિહાળે. હું મિત્રના નેત્રથી, મૈત્રીની ભાવનાથી - પ્રત્યેક પ્રાણીને નિહાળું. અમે મિત્રની દૃષ્ટિથી સહુને જોઈએ.

વૈદિક સાહિત્યમાં મિત્રનો એક અર્થ સૂર્ય પણ થાય છે. મિત્ર સૂર્ય જેવો હોવો જોઈએ. જેમ સૂર્ય અંધકારને દૂર કરે છે એમ સાચો મિત્ર આપણા તમોગુણનો નાશ કરે છે. સૂર્યના આગમનથી પુષ્પો ખીલી ઊઠે છે એમ મિત્રની ઉપસ્થિતિમાં હૃદય અને મન પ્રફુલ્લ બને છે. મિત્રની દૃષ્ટિમાં ઈર્ષ્યા અને અદેખાઈ નથી હોતી. પણ આપણો વિકાસ કરવાની ભાવના હોય છે. ક્યારેક સૂર્ય તપે છે, ગરમ થાય છે એમ સાચો મિત્ર કડવી વાતો પણ કહે છે. જોકે એ વાતો આપણી પ્રગતિ માટે હોય છે. એક અન્ય મંત્રમાં ઋષિ કહે છે કે -

यस्तित्याज सचिविदं सख्यायं न तस्य वाच्यपि भागो अस्ति ।
यदि शृणोत्यळिकं शृणोति नहि प्रवेद सुकृतस्य पन्थाम् ॥
(ऋ. वे.- १४-७१-६)

એટલે કે, 'જે મૈત્રીના મર્મને જાણનાર મિત્રને ત્યજી દે છે તેને તો બોલવાનો પણ અધિકાર નથી. જે કાંઈ તે સાંભળે છે તે ખોટું સાંભળે છે કારણ કે એ (પોતાના જીવનમાં) સત્કર્મના માર્ગને જાણતો નથી.'

અહીં ઋષિ સ્પષ્ટ કહે છે કે -

(૧) જે મિત્રનો દ્રોહ કરતો હોય એની સાથે અબોલા લેવા જોઈએ. એવા મિત્રદ્રોહીનો ભરોસો ન કરી શકાય અને તેની પાસે કશું સંભળાય નહીં.

(૨) જે મિત્ર દ્રોહી છે તે જીવનમાં સત્કર્મને જાણતો નથી આથી એવા માણસોની સાથેનો વ્યવહાર અયોગ્ય છે.

> **[ આપત્તિમાં અને સુખમાં સમાન વ્યવહાર કરે તે મિત્ર. - ભર્તૃહરિ ]**

વૈદિક ઋષિઓએ આથી જ દેવોની સાથે પણ મૈત્રીની કામના કરી છે. ઋગ્વેદ ૧-૩૧-૧માં 'देव शिव: सखा ।' કલ્યાણકારક મિત્ર હોય તેવી કામના કરી છે.'

(૩) 'शिव: सखा' શબ્દ મહત્ત્વનો છે. મિત્ર હંમેશા કલ્યાણ કરવાની ભાવનાવાળો હોવો જોઈએ.

(૪) ઋગ્વેદમાં सुमित्रिया (૧.૯૧.૧૧) એવો શબ્દ વપરાયો છે. માત્ર મિત્ર હોય તે જરૂરી નથી. સારો મિત્ર હોવો જોઈએ. ગુજરાતીમાં એક દોહો છે કે -

'શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક
જેથી સુખ-દુ:ખ વામીએ, તે લાખોમાં એક.'

યજુર્વેદમાં એક મંત્ર છે કે,

सुमित्रिया न आप ओषयय: सन्तु
दुर्मित्रियास्तस्मै सन्तु योऽस्मान्द्वेष्टि य च वयं द्विष्म: ॥
(य. वे.- ३६-२३)

અહીં ઋષિ કહે છે કે, જે પ્રાણી, જે ઔષધિઓ જે વનસ્પતિઓ હોય તે અમારી સાથે સારી મિત્રતાથી વર્તે. જે અમારો દ્વેષ કરતો હોય તેના તરફ તેઓ ખરાબ મિત્રતા રાખે. એટલે કે શત્રુ-બુદ્ધિનો નાશ થાય. વેદના ઋષિઓ સર્વ દિશાઓને મિત્ર માને છે. શત્રુઓનો નાશ નહિ પણ, શત્રુઓની શત્રુતા ભરેલી બુદ્ધિનો નાશ થાય એવું અહીં કવિ પ્રાર્થે છે. પૃથ્વી, પાણી, વૃક્ષો, પર્વતો, નદીઓ વગેરે સાથે મિત્રતા એટલે કે પર્યાવરણ સાથે હેતપ્રેમથી રહેવું. આપણે પર્યાવરણ પ્રત્યે બેદરકાર બની તેનું અપાર નુકસાન કરીને પર્યાવરણને દુશ્મન બનાવી દીધું છે આથી જ ધરતીકંપ, પૂર, વાવાઝોડા વગેરે હોનારતો સર્જાય છે. અંતમાં (૫) દેવો, મનુષ્યો, પ્રકૃતિ વગેરે સાથેની મિત્રતા એ જ મિત્રતાનું મેનેજમેન્ટ છે. આપણી મૈત્રી આધિભૌતિક આધિ-દૈવિક અને આધ્યાત્મિક સ્તરે વિસ્તરેલી હોવી જોઈએ. જીવ-સૃષ્ટિનું સર્જન કરનારાં, તેનું પોષણ કરનારાં સર્વ તત્ત્વો સાથે સ્નેહ-સહકાર અને પરસ્પર લાગણીની સંવેદનશીલતા એ જ મિત્રતાનું સાચું મેનેજમેન્ટ છે. ■

મો. ૭૮૭૪૫ ૩૨૨૨૫

# ધર્મ સૃષ્ટિ



**ડો. અમૃત કાંજિયા**
લેખક જાણીતા હાસ્ય - વ્યંગકાર
અને નિબંધકાર છે.

# શું ભક્તમાં ભગવાનને રસ હોય છે ખરો ? કેટલો ? - ગીતાના આધારે

જીવમાત્રનું ખેંચાણ, લાગણી કે પ્રેમ એ બધું શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધના વિષયો સુધી જ સીમિત રહેતું હોય છે. કારણ કે સૃષ્ટિમાંના આ પાંચ વિષયોનો અનુભવ કરી શકે એવી જ ઈન્દ્રિયો પ્રાણીને મળી છે. બની શકે કે સૃષ્ટિમાં આ પાંચ વિષય સિવાયનો કોઈ છઠ્ઠો વિષય પર અસ્તિત્વમાં હોઈ શકે, એની શક્યતા નકારી શકાય એમ. નથી. પરંતુ એ આપણા અનુભવ ક્ષેત્રથી પર રહી જાય છે. એટલે જ ઈન્દ્રિયાતીત વિષયોમાં આપણી રુચિ કે એકાગ્રતા થતી નથી.


સામાન્યત પ્રેમ આપવો, પ્રેમ પ્રાપ્ત કરવો અ માણસનો મૂળ સ્વભાવ છે. પછી એનું ક્ષેત્ર ગૌતમ બુદ્ધ જેટલું વિશાળ હોય કે મીરાં - નરસિંહ જેટલું કૃષ્ણકેન્દ્રી હોય !

સાધારણ માણસ તરીકે આપણને કોઈ વ્યક્તિ તરફ, કોઈ ખાસ પશુ કે પક્ષી તરફ, ફૂલછોડ, વૃક્ષ કે કુદરતી સૌંદર્યો તરફ પ્રેમ હોય જ છે.

સામાન્ય રીતે એક વ્યક્તિ પ્રત્યે બીજી વ્યક્તિનો પ્રેમ સામેના પાત્ર તરફથી પ્રતિપ્રેમની અપેક્ષા રાખે છે. સામેના પ્રતિભાવ પ્રમાણે પ્રેમની પ્રગાઢતા વધતી રહે છે. એવું પણ બને કે પ્રેમાસ્પદ તરફથી પ્રેમનો પ્રતિભાવ બરાબર ન મળે તો પ્રેમ ટકતો નથી કે આગળ વધતો નથી. જો બંને બાજુથી પ્રેમનો સ્રોત વહ્યા કરે તો કબીર કહે છે તેમ 'ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોઈ...' એવું છે.

ભક્તિમાર્ગ સંપૂર્ણ પ્રેમ પર નિર્ભર છે. જો પરમાત્મા કે ઈષ્ટ તરફ પ્રેમ ઉદ્ભવે જ નહીં તો જીવનભરની પૂજા-અર્ચના, યાત્રા કે તીર્થાટન પછીએ કશુંયે હાથ લાગતું નથી. ભક્તિમાર્ગની તમામ ક્રિયાઓ ઈશ્વર તરફ પ્રેમ થાય, પ્રેમ હોય તે દઢ થાય, વિકસતો રહે એ માટેના જ સાધનો છે.

આપણે કોઈ વ્યક્તિને પ્રેમ કરતા હોઈએ તો આપણી સ્વાભાવિક જિજ્ઞાસા રહે કે તે આપણને પ્રેમ કરે છે કે નહીં ? જો કરે છે તો કેટલો ? એના પ્રમાણ પણ આપણે એની વાતમાંથી, વ્યવહારમાંથી, એમની સાથેના આદાન-પ્રદાનમાંથી ચકાસતા રહેતા હોઈએ છીએ. એનાથી આપણને સંતોષ મળે છે કે એમને પણ માસમાં રસ છે જ.



આ પ્રેમની વાત થઈ. ઈશ્વર પ્રત્યેના પ્રેમને જ 'ભક્તિ' નામ અપાયું છે.

નારદભક્તિસૂત્ર એ આપણા પ્રાચીન-શાસ્ત્રોમાં અદ્ભુત 'પ્રેમગ્રંથ' છે. એમાં ભક્તિની વ્યાખ્યા કરતાં નારદ કહે છે : सा तु अस्मिन् परम प्रेम रुपा। ભક્તિ એટલે પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ.

પ્રેમ વિશેની આટલી પ્રારંભિક વાત પછી આપણે અથવા કોઈ ભક્ત ભગવાનને પ્રેમ કરે છે. ખરા હૃદયથી ચાહે છે તો વિશ્વનિયંતા ભગવાનને એ ભક્તમાં કેટલો રસ હોય છે ? એમની પ્રતિક્રિયા શું હોય છે ? આ ઉત્તર મેળવવા માટે અનેક સાધુસંતો, પુસ્તકોનો અભ્યાસ કર્યો છે. જેમાંથી ભગવદ્ગીતામાં આ વિશે જે કહેવાયું છે એ ઉદ્ધરણો તારવવાનો ઉપક્રમ છે.

આપણે જાણીએ છીએ કે ગીતા એ શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો કુરુક્ષેત્રના યુદ્ધ મેદાનમાં થયેલો સંવાદ છે.

આ પહેલા બે ઘટનાઓ એ બંને વચ્ચેના પ્રેમ અને આદરને સમજવા માટે પૂરતી છે. યુદ્ધ માટે શ્રીકૃષ્ણ પાસે દ્વારિકા મદદ માંગવા ગયેલા દુર્યોધન અને અર્જુન એ બંનેમાંથી કૃષ્ણની નજરે પ્રથમ અર્જુન પડ્યો છે એટલે અર્જુનને પ્રથમ માગવા કહે છે. પરંતુ પ્રથમ અહીં આવ્યાની દુર્યોધનની દલીલ પછી એમણે 'એક બાજુ હથિયાર નહીં ઉપાડું એવો હું એકલો અને બીજી બાજુ મારી આખી નારાયણી સેના' આવી દરખાસ્ત મૂકીને દુર્યોધનને અગ્રતા આપી છે. અર્જુન કૃષ્ણને પોતાના પક્ષે લેવા ઈચ્છતો હતો. કૃષ્ણની ઈચ્છા પણ એ જ હતી. હથિયાર ધારણ ન કરવાની ઘોષણા પાછળનું કારણ દુર્યોધનની માંગણીમાંથી બચવા માટે જ હતું. પ્રથમ માંગણી અને એમાં નારાયણી સેના મળવાથી દુર્યોધન ખૂબ ખુશ થાય છે.

પોતાના માટે જેઓ અમૂલ્ય છે એ કૃષ્ણને અર્જુન પોતાના પક્ષે માંગી લે છે. કૃષ્ણ પોતાને પક્ષે આવવાથી દુર્યોધન કરતાંય અનેક ગણો વધારે હર્ષ અર્જુનને થયો છે.

અહીં સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણ એ અર્જુનની પહેલી પસંદ છે. તો અર્જુનના કહેવાથી એ

# ધર્મ સૃષ્ટિ

કાળખંડના સમ્રાટ, સુવર્ણ દ્વારિકાના અધિપતિ શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ બની જાય છે. એ સમયે રથી ક્ષત્રિય હોય, સારથિ એમના કરતાં નિમ્નવર્ણનો રહેતો હતો. છતાં પણ આ કામ કૃષ્ણએ અર્જુન માટે બહુ પ્રેમથી પૂરી જવાબદારી સાથે કર્યું જ છે.

અર્જુનને તો કૃષ્ણ પ્રિય છે જ એ તો આખા મહાભારતમાં જોઈ શકાય છે પરંતુ કૃષ્ણ અર્જુનને કેટલો ચાહે છે, અર્જુન તરફ કૃષ્ણને કેટલો પ્રેમ છે એ ગીતામાં શોધીએ તો અચૂક મળી રહે છે.

માણસનો સામાન્ય સ્વભાવ એ છે કે પોતે જેને પ્રિય માનતો હોય એમના મુખેથી પણ તે એવું જ કંઈક, એવો એકરાર સાંભળવા સતત ઈચ્છતો હોય છે. કૃષ્ણના ધ્યાનમાં આ બાબત ન હોય એ બને જ કેમ? એટલે જ પુરાતન યોગ કહ્યા પછી કહે છે.

भक्तोऽसि मे सखा चेति रहस्यं हयेतदुतमम्। (ગીતા ૪-૩) આ ઉત્તમ રહસ્ય છે. વળી તું મારો ભક્ત અને મિત્ર છે. (એટલે જ કહ્યું છે!)

જેમ બે મળેલા દિલો ખાનગી વાતો આપસ-આપસમાં કહેતા-સાંભળતા હોય જ છે એવું આ કથન છે.

નવમા અધ્યાયનું નામ જ રાજવિદ્યા-રાજગુહ્યયોગ છે. એની શરૂઆતમાં જ કૃષ્ણ અર્જુનને કહે છે.

इदं तु ते गुह्यतम् प्रवक्ष्याम्यनसूयवे। (૯-૧) દ્વેષરહિત એવા તને હું ગુહ્યમાં ગુહ્ય અનુભવયુક્ત જ્ઞાન કહું છું.પછી અધ્યાત્મની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનાં રહસ્યો ઉજાગર કરે છે.

પ્રેમની એક વ્યાખ્યા કૃષ્ણ કહે છે,

सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः।
नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते॥
(૯-૧૪)

(મને પામવા) યત્ન કરતા તેઓ દૃઢ વ્રત ધારણ કરીને સતત કીર્તન કરતા અને મને નમસ્કાર કરતા સદા મારામાં જોડાયેલા રહી મારી ઉપાસના કરે છે. પ્રેમમાં અનાયાસ સતત સ્મરણ ક્યાં નથી હોતું ? દિલનું આંતરિક જોડાણ સતત જળવાતું હોય છે.

નારદના મતે સર્વ કર્મો ઈશ્વરને અર્પણ કરવા અને ઈશ્વરનું જરા પણ વિસ્મરણ થયે પરમ વ્યાકુળતા થવી એ ભક્તી (પરમ પ્રેમ) નું લક્ષણ છે.

नारदः तु तदार्पिताखिलाचार ता तद् विस्मरणे परम व्याकुलता इति च ।१९। આ જ વાત ગીતામાં ઉપરોક્ત રીતે કહેવાઈ છે. આ રીતે દૃઢ પ્રેમથી જોડાયેલા હોય તો ભગવાનનો પ્રતિભાવ ભક્ત પ્રત્યે કેવો હોય છે? પોતાના શ્રીમુખે ભગવાન કહે છે,

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥
(ગીતા ૯-૨૨)

જેઓ અનન્યભાવે મારું ચિંતન કરતા મને નિષ્કામ ભાવથી ઉપાસે છે, તે નિત્ય મારામાં જોડાયેલાઓના યોગ તથા ક્ષેમનો ભાર હું ઉઠાવું છું. જ્યારે એ આપણું સર્વસ્વ બની જાય છે પછી આપણી બધી આવશ્યકતાઓની જવાબદારી એ સંભાળી લે છે! એ પણ સ્વીકાર કરે છે. એટલું જ નહિ, યોગ (પ્રાપ્તિ), ક્ષેમ (પ્રાપ્ત વસ્તુની સાચવણી તેમજ કુશળતા) પણ વહન કરે છે. જેમ કોઈ ગરીબ યુવતી રાજાને ગમી જાય તો પછી એ યુવતી માટે શું કરવાનું બાકી રહે?

અહીં તો સામાન્ય રાજા નથી, રાજાધિરાજ છે. વિશ્વનિયંતા છે. એ આપણી ગરીબાઈ પણ જાણે છે. એટલે જ એમની ઉદાત્તતા આ શબ્દોમાં પ્રગટ થઈ છે.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति।
तदहं भक्त्युपहतमश्नामि प्रयतात्मनः॥
(૯-૨૬)

જે મને પત્ર, પુષ્પ, ફળ કે જળ ભક્તિથી (પ્રેમથી) આપે છે તે શુદ્ધ ચિત્તવાળાનું ભક્તિપૂર્વક આપેલું હું સ્વીકારું છું.

અર્જુનના માધ્યમથી તેઓ દરેક ભક્તને ખાત્રી આપતા કહે છે:

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुर।
मागेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः॥
(૯-૩૪)

તું મારામાં મનવાળો, મારો ભક્ત થા. મને પૂજનારો થા અને મને નમસ્કાર કર, એમ મારામાં અંતઃકરણને જોડી મારા પરાયણ થયેલો તું મને જ પામીશ.

આગળ વિભૂતિયોગ નામના દશમાં અધ્યાયના પ્રથમ શ્લોકમાં પુનઃ એક વાત દોહરાવતા શ્રીકૃષ્ણ કહે છે : મારું પરમ વચન તું ફરી સાંભળ. यतेऽहं प्रियमाणाय तक्ष्यामि हितकामच्या। મારા પર પ્રેમમય બનેલા! તને હું એ તારા હિતની ઈચ્છાથી કહીશ.

અહીં કૃષ્ણ પોતના પ્રત્યે અર્જુનને રહેલા પ્રેમનો સ્પષ્ટ એકરાર કરે છે એટલું જ નહીં, હવે જે વિભૂતિઓની વાત કહે છે એમાં અર્જુનનું પરમ હિત સમાયેલું છે. દરેક પ્રેમી પોતાના પ્રેમપાત્રનું સતત હિત અથવા સારું જ થાય એવું ઈચ્છતો રહે છે એની સાબિતી અહીં પણ મળે છે.

સાચા પ્રેમી કે ભક્તની આંતરિક સ્થિતિ કેવી હોય છે એનો ચિતાર શ્રીકૃષ્ણ આ રીતે આપે છે.

मच्चिता मद्दगतप्राणा बोधयन्तः परस्परम्।
कथ्यन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च॥
(૧૦-૯)

તેઓ મારામાં ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, પરસ્પર મારો બોધ કરતા અને મારી કથા કરતા સદા સંતોષ પામે છે તથા આનંદમાં રહે છે.

અહીં પ્રેમીની દશા રજૂ થઈ છે. નારદ ભક્તિ સૂત્રમાંનું એક સૂત્ર છે; આવી ભક્તિને

# ધર્મ સૃષ્ટિ

જાણનારો મસ્ત રહેતો હોય છે, સ્તબ્ધ થઈ ગયેલો હોય છે. સતત આત્માના આનંદમાં રમણ કરતો હોય છે.

આવા ભક્તોને ભગવાન એક વિશિષ્ટ ભેટ આપે છે. પ્રેમીજનોમાં ભેટ-સોગાદ અને વચનો અપાતા રહેતા હોય છે એમ આ સંબંધોમાં પણ ચાલતું જ હોય છે. હા, અહીં અપાતી ભેટ દિવ્ય જ હોય, કલ્યાણપ્રદ જ હોય એ નિઃશંક છે.

ભગવાનની વિશિષ્ટ ભેટ છે :

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥
(૧૦-૧૦)

એમ મને પ્રીતિપૂર્વક ભજતા, મારામાં સતત યુક્ત રહેનારા, તેમને હું એવો બુદ્ધિયોગ આપું છું કે જેથી તેઓ મને પામે છે. એટલું જ નહિ, આગળ કહે છે, તેમના ઉપર કૃપા કરવા માટે જ અંતઃકરણમાં રહેલો હું જ્ઞાનરૂપી પ્રકાશમય દીવા વડે અજ્ઞાનથી થતા અંધકારનો નાશ કરું છું.

આ વિભૂતિયોગ નામના અધ્યાયના એક શ્લોકમાં કૃષ્ણ અર્જુનને સ્વમુખે જે કહે છે તે પ્રેમીજનોના પ્રેમની ચરમ સીમારૂપ છે. કોઈપણ પ્રેમી પોતાના પરમ પ્રેમીના મુખે સાંભળવા ઝંખતા હોય એવું આ કથન છે, કૃતકૃત્ય કરનારું વિધાન છે.

अस्मि पाण्डवानां धनञ्जयः । (૧૦-૩૭)

પાંડવોમાં અર્જુન હું છું. ભક્તિગ્રંથોમાં મુક્તિના ચાર પ્રકારો કહેવાય છે. સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય. સાયુજ્યમાં જીવ-શિવની એકરૂપતા ઘટિત થાય છે. જેનું અહીં સમર્થન થયું છે.

પુરુષોત્તમનું ઐશ્વર્યમય રૂપ જોવાની અર્જુનની ઈચ્છા પણ શ્રીકૃષ્ણ પૂરી કરે છે. વિશ્વરૂપદર્શન ચર્મચક્ષુથી જોવાનું અશક્ય હોય તેઓ અર્જુનને દિવ્યચક્ષુ પણ આપે છે.

दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगेश्वरम् ॥ (૧૧-૮) આમ અર્જુનને વિશ્વરૂપદર્શન કરાવી તેની જિજ્ઞાસા પણ શાંત કરે છે ! પછી એમ પણ સ્પષ્ટ કહે છે કે, मयैवैते निहताः पूर्वमेव निमितमात्रं भव सव्यसाचिन् ॥ (૧૧-૩૩) મેં આમને પ્રથમથી જ માર્યા છે, તું માત્ર નિમિત્તરૂપ થા. અર્જુનની કેવડી મોટી જવાબદારીનું વહન કૃષ્ણ કરી રહ્યા છે ! આથી વધારે ભક્તના પ્રેમની ભગવાન મોટી ભેટ આપી પણ શું શકે ? ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન પર ખૂબ જ પ્રસન્ન છે એટલે જ પૂર્વે કોઈએ જોયું નથી, કોઈ ઉપાયોથી જોઈ શકવું શક્ય નથી એવું તેજોયમય અનંત અને આદ્ય વિશ્વરૂપ પોતાના સામર્થ્યથી બતાવ્યું છે અને અર્જુનની ઉત્કંઠા પૂરી કરી છે.

આ દર્શન भक्त्या त्वनन्यया शक्य માત્ર અનન્ય ભક્તિ વડે જ શક્ય છે. કૃષ્ણ પરમાત્મા અર્જુનને પોતાને પામવાની સહેલામાં સહેલી રીત બતાવે છે જો કે અગાઉ પણ કહી ગયેલી રીતનું પુનરાવર્તન છે. જ્યારે સ્વયં શ્રીકૃષ્ણ કોઈ બાબતની પુનરુક્તિ કરતા હોય એ ખૂબ મહત્ત્વની જ હોવી જોઈએ. એટલે એ ખૂબ ગંભીરતાથી લેવી જોઈએ.

मय्येव मन आद्यत्स्व मयि बुद्धिं निवेशय ।
निवसिष्यसि मय्येव अत उर्ध्वं न संशयः ॥
(૧૨-૮)

તું મારામાં જ મન ધારણ કર અને મારામાં બુદ્ધિ પરોવ; એ પછી તું મારામાં જ રહીશ એ વાતમાં સંશય નથી.

આગળ અધ્યાય અઢારમાં પણ પુનઃ એક વખત કહ્યું છે કે, તું મન વડે, સર્વે કર્મો મારામાં અર્પણ કરી, મારા પરાયણ થઈ, બુદ્ધિયોગનો આશ્રય કરી, સદા મારામાં ચિત્તવાળો થા. મારામાં ચિત્તવાળો તું મારી કૃપાથી સર્વ સંકટો ઓળંગી જઈશ. (૧૮-૫૭,૫૮)

અર્જુનના પ્રેમવશ જ એમણે इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ॥ (૧૮-૬૩)

આ પ્રમાણે મેં તને આ ગુપ્તથી ગુપ્ત જ્ઞાન કહ્યું. એટલું નહિ આગળ કહે છે :

सर्वगुह्यतमं भूयः श्रृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥
(૧૮-૬૪)

વળી, સર્વથી પણ વધારે ગુહ્ય આ મારું હિતકર વચન ફરી સાંભળ. તું મને ખૂબ પ્રિય હોવાથી હું તે તને કહું છું. આમ અહીં ફરીવાર અર્જુન પોતાને કેટલો પ્રિય છે એની પ્રતીતિ પણ કરાવે છે.

અર્જુન પ્રિય હોવાની પ્રતિજ્ઞા કરતા કૃષ્ણ પરમાત્મા જીવના પ્રેમનો કેવડો મોટો પ્રતિસાદ આપે છે ! અને પછીનું આશ્વાસન તો ભગવદ્‌ગીતાનું ઉત્તુંગ શિખર છે -

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥
(૧૮-૬૬)

સર્વ ધર્મો છોડી તું મને એકને શરણે આવ; હું તને સર્વ પાપોથી છોડાવીશ. તું શોક ન કર.

આમ જીવ ઈશ્વર તરફ જેટલો પ્રેમ રાખે છે એથી અનેકગણો પ્રેમ પરમાત્મા જીવ તરફ વહાવે છે એટલું જ નહિ, એથી પણ વધારે ઉત્કટપણે ભગવાન ભક્તને ચાહે છે. આખરે તો માનવ એ ઈશ્વરનું સર્જન છે. પોતાનું સર્જન માણસને પોતાને પણ પ્રિય લાગે છે તો એમને કેમ ન લાગે ? ભગવાનને પ્રેમીભક્તમાં ખૂબ જ રસ છે. આ રસ એ જ ભક્તિની મસ્તી છે.

शांतिरुपात् परमानंदरुपात चा (नारद-भक्तिसूत्र - ૬૦) પ્રેમ શાંતિ અને પરમાનંદ રૂપ છે. પ્રેમની એજ મસ્તીમાં મીરા-નરસિંહ નાચે છે, કબીર - સુરદાસ ગાય છે. ભક્તિ માર્ગ એ પ્રેમમાર્ગ છે, દિવાનગીનો માર્ગ છે, રસપૂર્ણ માર્ગ છે. પ્રેમનો અખૂટ અમીરસ મળ્યા પછી બીજું જોઈએ પણ શું ?

■ ■ ■

મો. ૯૮૭૯૮ ૭૯૯૦૦

# ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્ક લિમિટેડ

**(મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)**

**: હેડ ઓફિસ :**

અર્બન કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨, ફોન : (૦૨૭૬૨) ૨૫૭૨૩૩, ૨૫૭૨૩૪

E-mail: info@mucbank.com | Website : www.mucbank.com

## પ્રગતિનાં સોપાન (તા. ૩૧-૦૩-૨૦૨૪) અન ઓડિટેડ (ઓડિટ વર્ગ 'અ')

(રકમ રૂા. કરોડમાં)

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | ₹ ૩૮૮.૭૮ | કામકાજનું ભંડોળ | ₹ ૧૦૯૯૧.૫૦ |
| રીઝર્વ ફંડ | ₹ ૧૦૦૦.૫૦ | ગ્રોસ નફો (૩૧-૦૩-૨૦૨૪) | ₹ ૨૪૭.૯૬ |
| ધિરાણ | ₹ ૬૧૧૭.૯૪ | નફો (૩૧-૦૩-૨૦૨૪) | ₹ ૧૨૨.૯૫ |
| ડિપોઝીટ | ₹ ૯૧૮૬.૭૦ | ડીવીડન્ડ (સાધારણ સભાની* મંજૂરીની અપેક્ષાએ) | ૧૫%* |



58 શાખાઓ

### થાપણનાં વ્યાજના દર (તા. ૨૧-૦૨-૨૦૨૩ થી અમલમાં)

| | | | |
|---|---|---|---|
| ૦૭ થી ૨૯ દિવસ સુધી | ૩.૭૫% | ૧૨ માસ વધુ થી ૨૪ માસ સુધી | ૭.૨૫% |
| ૩૦ થી ૯૦ દિવસ સુધી | ૪.૨૫% | ૨૪ માસ વધુ થી પરંતુ ૩૬ માસ સુધી | ૭.૭૫% |
| ૯૧ થી ૧૮૦ દિવસ સુધી | ૫.૦૦% | ૩૬ માસ થી વધુ પરંતુ ૬૦ માસ સુધી | ૭.૫૦% |
| ૧૮૧ થી ૩૬૪ દિવસ સુધી | ૬.૦૦% | ૬૦ માસ થી વધુ પરંતુ ૧૨૦ માસ સુધી | ૭.૫૦% |
| ૧૨ માસ સુધી | ૬.૭૫% | સેવિંગ્સ ડીપોઝીટ ઉપર મળવા પાત્ર વ્યાજ | ૩.૭૫% |

સીનીયર સીટીઝન ખાતેદારને ૦.૫% વધારે વ્યાજદર ● સુપર સીનીયર સીટીઝન(૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા) થાપણદારોને સીનીયર સીટીઝન ખાતેદાર કરતા ૦.૧૦% વધારે વ્યાજ દર

**1,16,646 સભાસદો**

## અર્બન બેન્કની વિવિધ સેવાઓ

(૧) કોર બેન્કીંગ સુવિધા તમામ ૫૮ શાખાઓમાં
(૨) ATPAR ચેકબુક ફેસીલીટી, ATM તથા SMS ની સુવિધા
(૩) RTGS, NEFT તથા NACH ફંડ ટ્રાન્સફરની સગવડ
(૪) બેન્ક ગેરંટી તથા LC ઈસ્યુ
(૫) ૧૦ શાખાઓમાં સ્ટેમ્પ ફ્રેન્કીંગ તથા ૨૮ શાખાઓમાં લોકર સુવિધા
(૬) સ્થાપના વર્ષથી જ સતત ૪૦ વર્ષથી નફો કરતી બેંક
(૭) સેવિંગ્સ-કરંટ ખાતેદાર તથા બેન્કના સભાસદોને રૂા. ૫ લાખનો અકસ્માત વિમાનો લાભ વિના મૂલ્યે
(૮) બીજી બેન્કોના ATM સેન્ટરથી નાણા ઉપાડવાની સગવડ
(૯) મોબાઈલ, ઈન્ટરનેટ તેમજ વોટસએપ બેન્કીંગ સુવિધા
(૧૦) કરન્સીચેસ્ટ, પબ્લીક ઈસ્યુ ભરવા માટે ASBA ફેસીલીટી, DEMAT સુવિધા

**શ્રી કે.કે.પટેલ**
ચેરમેન

**શ્રી જી.કે.પટેલ**
વાઈસ ચેરમેન

**શ્રી એમ.એસ.પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

### બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
શ્રી નરોત્તમભાઈ એસ.પટેલ
શ્રી ઘનશ્યામભાઈ કે.પટેલ
શ્રી ઉપેન્દ્રભાઈ કે.પટેલ
શ્રી લક્ષ્મણભાઈ એસ.વણકર

શ્રી ખોડાભાઈ એન.પટેલ
શ્રી જીતેન્દ્રભાઈ પી.પટેલ
શ્રી અમૃતભાઈ જી.પટેલ
શ્રી અલ્કેશભાઈ બી.પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)
શ્રી સોમાભાઈ બી.પટેલ (પ્રો.ડીરેક્ટર)

શ્રી ડૉ.અનિલભાઈ ડી.પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ.પટેલ
શ્રી વિનોદભાઈ બી.પટેલ
શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર-આર.બી.આઈ.)

શ્રી કાનજીભાઈ એસ.પટેલ
શ્રીમતી કોકીલાબેન એન.પટેલ
શ્રીમતી દીપીકાબેન આર.પટેલ

**તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...**

**ઉત્તમ, ઝડપી, વિનયી, ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**



**ભદ્રાયુ વછરાજાની**
લેખક જાણીતા કેળવણીકાર અને મોટીવેશનલ સ્પીકર છે.

# ચાર દિવસની જિંદગી હોય તો, પછી પાંચમાં દિવસે ??

ઘણા લોકોને ઘણીવાર એવું બોલતા સાંભળીએ છીએ કે, આ જિંદગી ચાર દિવસની છે. 'ચાર દિન કી ચાંદની' એવું લોકો કહેતા હોય છે. મનમાં ક્યારેક પ્રશ્ન થાય કે, ચાર દિવસની જિંદગી છે એનો ખરેખર વ્યાપક અર્થ શો કરવો ? ચાર પછી આવતો પાંચમો દિવસ શું છે ? અને વાસ્તવમાં આ પાંચમો દિવસ ચાર પછી જ આવે કે?

મન છે એટલે એને પ્રશ્નો થવાના અને પ્રશ્ન થશે તો એના ઉત્તર શોધવા માટે ગડમથલ કરવાની. ચાલો, આજે થોડી ગડમથલ કરીએ.

ખરેખર આ ચાર દિવસમાં જ જિંદગી છે અને પછી શું મૃત્યુ છે? ના, આ ગૂઢ વાત છે. ઊંડાણવાળી વાત છે. ઝડપથી મનમાં ઊતરી જાય એવી વાત નથી. પાંચમા દિવસનો અર્થ જ એ છે કે, જ્યારે તમારી ચાર દિવસની જિંદગી પૂરી થઈ અને પરમાત્મા સાથે મિલનની ઘડી આવી તે પાંચમો દિવસ છે. ચાર દિવસમાં ઈશ્વર સાથે મિલન થતું નથી, કારણ કે જિંદગી આપણી છે એટલે એમાં અહંકાર છે. અહંકારમાં ક્યારેય મિલન શક્ય નથી. મિલન તો અહંકાર છૂટી જાય પછીનાં મૃત્યુમાં છે. જો મટી જાય છે, જે ઓગળી જાય છે. તેનું મિલન શક્ય બને તે દિવસ એ પાંચમો દિવસ છે. જે જિંદગીની બહાર હોઈ શકે, એનો અર્થ એવો થયો કે, આપણે જીવતા શીખીએ કે ન શીખીએ પણ આપણે મરતા શીખવું પડે અને તો જ પાંચમો દિવસ આપણે જોઈ શકીએ.

હકીકતમાં મરવાની કળાનું નામ ધર્મ છે. એવી રીતે મરવાની કળા કે ફરી તમારે જન્મ લેવો પડે. એવી રીતે મરવાની કળા કે જેમાં મર્યા એટલે મર્યા. કાયમ માટે મર્યા. જેમ આપણે ફના થઈ ગયા એમ કહીએ, એટલે કે ભસ્મ થઈ ગયા, એમ શૂન્ય થઈ ગયા. તો અસલી જિંદગી જો મેળવવી હોય તો ફના થઈ જવું પડે. અસ્તિત્વ સાથે મેળાપ કરવો હોઈ, વાસ્તવિક અસ્તિત્વ સાથે ભળી જવું હોય તો આપણે મરણની કળા શીખવી જોઈએ. વાત તો જરા ઉલ્ટી થઈ કે તમારે જીવનનું રહસ્ય સમજવું હોય તો મૃત્યુનું રહસ્ય પહેલાં સમજવું પડે. જિંદગીની ચાવી મૃત્યુમાં રાખેલી છે. આપણે જીવનભર એની શોધ કરીએ છીએ. એટલે આપણને એનું રહસ્ય મળતું નથી. પરંતુ રહસ્ય એને મળે છે, જે મૃત્યુમાં તેને શોધે છે.



આપણે પેલી જૂની પુરાણી વાર્તાઓ યાદ કરીએ. બાળકોની કહાનીઓમાં એવું કહેવામાં આવતું કે, કોઈ રાજા એવો હતો કે જેને કોઈ મારી ન શકે, એટલે પોતાની જીંદગી એક પોપટમાં, પોપટની ગરદનમાં રાખી દે, રાજા ઉપર ગમે તેટલા ઘા કરો પણ તે મરે નહીં પણ તમે જેવું જઈને પોપટની ગરદન મરડી દો, તે તરત જ રાજા મરી જાય !! ત્યારે તો આ વાર્તા ક્ષુલક લાગતી હતી. આજે હવે અર્થપૂર્ણ લાગે છે. આમ જો કે બાળકોની જ વાર્તા છે, વૃદ્ધ સમજી ન શકે, પણ નાનપણમાં આપણને એ રહસ્ય સમજાવવા તરફ ઈશારો કરતી એ કહાની છે. એમ કહેવા માંગે છે કે જ્યાં તમને જિંદગી દેખાય છે, ત્યાં જિંદગી નથી. જિંદગીનું રહસ્ય કોઈ બીજી જગ્યાએ પડ્યું છે. તમે જેના વિશે વિચારી પણ નથી શકતા એ જગ્યાએ છુપાયેલું છે. હું અને તમે જેની કલ્પના ન કરી શકીએ એવી જગ્યાએ એ પડ્યું છે અને તેથી જે હોશિયાર છે તે લોકો એવી જગ્યાએ વસ્તુને સંતાડી દે છે કે જેના વિશે કોઈને કશો વિચાર ન આવે.

એક ઉદાહરણ લઈએ. મારી પાસે કેટલાક અસલી હીરા છે. હવે એને હું મારા ઘરમાં રહેલી કચરો ભરવાની બાલ્ટીમાં નીચે સંતાડીને રાખી દઉં છું. આમ કરવાથી ઘરમાં ઘૂસીને ચોર કશું પણ મેળવવા માગે તો એને હીરા સુધી પહોંચવામાં તકલીફ પડવાની. કારણ કે કોઈ ચોર આવીને કચરા ટોપલી નથી જોવાનો. એ તિજોરીમાં શોધશે. જેની ઉપર

# શિક્ષણ સૃષ્ટિ

બહાર તાળું લટક્યું છે, તેની અંદર હશે એમ માનશે. ક્યાંક જમીનમાં ટાઈલ્સ ઊંચી થઈ ગઈ હશે તો એ ખોલીને જોશે. કોઈ એવું વિચારી પણ નથી શકતું કે જે હીરો છે એ બહાર પડેલી કચરા ટોપલીમાં હશે. જે ઘરનો કચરો બહાર ફેંકી દેવાનો હોય એની અંદર હીરા છુપાયેલા પડ્યા છે. બસ આવું જ છે. જિંદગીનું રહસ્ય મૃત્યુમાં છુપાઈને પડ્યું છે, જેના વિશે કોઈ વિચાર નથી કરી શકતું.

મૃત્યુ એ જિંદગીથી ઉલ્ટી પ્રક્રિયા છે. એવી રીતે જીવો કે તમારું સરનામું ખોવાઈ જાય અને એવી રીતે મરો કે તમારું નિશાન પણ ન રહે. એક જ ઉપાય છે, પાંચમો દિવસ. ચાર દિવસની જિંદગી અને પછી પાંચમો દિવસ. આ ચાર દિવસની જિંદગી તો એવી રીતે વીતી જાય છે, 'દો આરઝૂ મેં બીતે, દો ઈંતજાર મેં.' બે દિવસ માગવામાં ગયા અને બે દિવસ પ્રતિક્ષામાં ગયા. બહુ કંઈ હાથ લાગ્યું નહીં.

હવે પાંચમો દિવસ મહત્ત્વનો છે જ્યારે મને ને તમને ખબર પડે કે, મારું હોવું એ મારું હોવામાં જ અડચણ બરાબર છે. કારણ કે મારા હોવાનો મતલબ છે, હું પરમાત્માથી અલગ છું. હું છું એમ માનું છું ત્યારે જ હું પરમેશ્વરને આઘો મૂકું છું. મારું હોવાનો મતલબ જ એ કે હું એક નથી, સંયુક્ત નથી. એ પરિપૂર્ણની સાથે હું એકરસ નથી. આ જ મોટું સ્પીડબ્રેકર છે. આ જ દુ:ખ છે અને આ જ નરક છે.

જો દીવાલ હટી જાય, મારા હોવાપણાનો ખ્યાલ જતો રહે, તો જે મળે છે એ મૃત્યુ છે. ફરી એકવાર મૃત્યુનો અંત એ કે જેમાં હું છું 'આઈ એમ સમથિંગ' એ અહંકારને આપણે કાપીને ફેંકી દઈએ. હું તારાથી અલગ નથી, હું તારી અંદર છું. મારી અંદર જેવી સાગરની લહેરો ઊઠે છે એવી જ લહેરો તારી અંદર છે. મોજા સમુદ્રથી અલગ નથી હોતા. ગમે તેટલા ઉછળે, ગમે તેટલી ઊંચાઈ પર જાય, જહાજોને ડુબાડી શકે છે, પહાડોને ડુબાડી શકે છે. પરંતુ એ લહેર સાગરની છે, સાગરથી અલગ શક્ય નથી.

પોતાની જાતને અલગ માનવી એ આપણાં જીવનની મોટામાં મોટી અડચણ છે. ત્યાંથી જ પરમાત્મા અને આપણી વચ્ચે સંઘર્ષ શરૂ થાય છે અને એ જ ક્ષણ જો આપણને ખબર પડે તો ખ્યાલ આવે કે જિંદગીના ચાર દિવસ પછીનો દિવસ વીતવાની શરૂઆત થઈ. એવું નથી પાંચમે દિવસે બધું પૂરું થાય. પાંચમા દિવસ પછી પણ આપણે જીવી શકીએ. ભગવાન બુદ્ધનો પાંચમો દિવસ ચાલીસ વર્ષ પછી આવ્યો. ભગવાન બુદ્ધનો પાંચમો દિવસ આવ્યો તે પછી તો એ ૪૦ વર્ષ વધુ જીવ્યા, પરંતુ એ જિંદગી પહેલા જેવી ન હતી, અલગ હતી. એ જિંદગીનો રસ કોઈ જુદો હતો. ઉત્સવ કોઈ જુદો હતો. એના પછી તો તેઓ સાચું જીવ્યા. બુદ્ધ પોતાના શિષ્યોને કહેતા, 'તમે તમારી જિંદગી એ દિવસથી ગણજો. તમારું જીવન એ દિવસથી ગણજો. જે દિવસ તમે સંન્યાસ લો. એના પહેલાંની જિંદગીને ગણતરીમાં લેતા નહીં.

એ સમયનો એક સમ્રાટ હતો 'પ્રસ્યેનજીત'. એ બુદ્ધના દર્શન માટે આવતો. આવીને એક વખત બાજુમાં બેઠો ત્યારે એક ભિક્ષુ આવ્યા. જેની ઉંમર લગભગ ૭૫ વર્ષ હશે. એ વૃદ્ધ હતા. એમણે ઝૂકીને વૃદ્ધને નમસ્કાર કર્યા. બુદ્ધે પૂછ્યું 'ભિક્ષુ તમારી ઉંમર કેટલી ?' એ ભિક્ષુએ વિનમ્રતાથી જવાબ આપ્યો કે, 'ચાર વર્ષ પ્રભુ.' પ્રસ્યેન-જીત તો હેરાન થઈ ગયો. એને થયું કે, હદ થઈ, ચાર જ વર્ષ ! એકાદ-બે વર્ષ આઘા પાછા હોત તો ચલાવી લેત, પણ આ દેખાય છે તો ૭૫ વર્ષનો. કદાચ ૬૫ કહ્યા હોત કે ૭૦ કહ્યા હોત તોય વાંધો ન હતો. એને આમ થયું કે કદાચ મને બરાબર સંભળાયું નથી. એ વૃદ્ધને પ્રસ્યેનજીતે કહ્યું કે, 'મહાનુભાવ હું બરાબર સાંભળી ન શક્યો, આપે શું જવાબ આપ્યો. જરા જોરથી કહેશો ? 'કેટલી ઉંમર છે આપની ?' તે વૃદ્ધે કહ્યું, 'મહારાજ ચાર વર્ષ'. પ્રસ્યેનજીતે વૃદ્ધની તરફ જોયું. બુદ્ધ હસવા લાગ્યા. એમણે કહ્યું, 'તમને કદાચ ખબર નહીં પડે કે અમે ઉંમર કઈ રીતે ગણીએ છીએ. આ વ્યક્તિ ચાર વર્ષ પહેલાં સંન્યાસી થયા છે તો એની ઉંમર પણ ચાર વર્ષની જ ગણાય ને. એના પહેલા તો તે સુતા હતા. ધ્યાનની કોઈ પ્રકારની ઝલક પ્રાપ્ત થઈ ન હતી તો એ નીંદરનાં વર્ષોને કેમ ગણાય ?? એ તો અંધારું હતું, એ રાત હતી, એની ગણતરી તો નકામી કહેવાય, કચરો કહેવાય. અને તેથી એ દિવસથી ગણતા આ વ્યક્તિને ચાર વર્ષ થયા છે. જે દિવસથી વ્યક્તિ શ્રોતાપન્ન થયો, જે દિવસથી એણે સત્યની ખોજની તલાશનું પહેલું કામ ઉઠાવ્યું, એ દિવસથી અમારે ત્યાં હંમેશાં ઉંમર ગણાય છે.

બુદ્ધનો પાંચમો દિવસ ચાલીસ વર્ષ પછી શરૂ થયો. પછીનાં ચાલીસ વર્ષ એ જીવ્યા, પરંતુ આ જે ચાલીસ વર્ષ હતા એ જુદા જ મહિમાનાં હતાં, જુદી ગરીમાના હતાં, જુદા જ પરમાત્મમય અને ભગવત્તા પૂર્ણ હતાં. એમાં સીમા ન હતી. ચાલીસ વર્ષ સુધી લહેરની તરફ જીવ્યા પરંતુ પાંચમો દિન આવ્યો અને પછીના ચાલીસ સાલ સાગરની જેમ જીવ્યા. આપણી જિંદગી ભલે ચાર દિવસની રહી, આપણે સ્વાગત તો પાંચમા દિવસનું કરવાનું છે.

■ ■ ■



**ડો. ભાવેશ જેતપરિયા**
કવિ, લેખક, સંશોધક અને પૂર્વ પ્રોફેસર
જે. એ. પટેલ મહિલા કોલેજ, મોરબી

# આપણે ભરોસે આપણે ચાલીએ

**મા**નવીય વ્યવહાર સાથે શ્રદ્ધા-વિશ્વાસ-ભરોસો અનિવાર્ય રીતે જોડાયેલ છે. આ ત્રણેય શબ્દોને આપણે પર્યાયવાચી માનીને પ્રયોજી નાખીએ છીએ. ખરેખર આ ત્રણેય શબ્દો વચ્ચે તાત્વિક ભેદરેખા છે. લૌકિક વ્યવહાર વિશ્વાસ વિના ચાલે નહિ. 'વિશ્વનો શ્વાસ છે વિશ્વાસ' એવું કહેવાય છે. એના વિના વ્યવહાર ચાલે જ નહિ. પતિ પર પત્નીને, માતા પર બાળકને, દર્દીને ડોક્ટર પર, મુસાફરોને ડ્રાઈવર પર વિશ્વાસ હોય છે. વિશ્વાસઘાતને મહાપાપ માનવામાં આવે છે. ધર્મ સાથે શ્રદ્ધા અનિવાર્ય રીતે જોડાયેલી છે. એક ભજનમાં ભરોસા વિશે કહે છે:

**તારો ભરોસો મને ભારી ઓ ભૂધરા, તારો ભરોસો મને ભારી,**
**શ્રદ્ધા છૂટે ના મારી ઓ ભૂધરા, તારો ભરોસો મને ભારી...**

આત્મા-પરમાત્મા, જીવ-શિવ, ભક્ત-ભગવાનની વાત આવે ત્યારે અનન્ય શ્રદ્ધા, દ્રઢ શ્રદ્ધા જેવા શબ્દપ્રયોગ થાય છે. ઋષિ શ્રદ્ધાની પ્રાપ્તિ માટે શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરે છે. શ્રદ્ધાથી ભાવિકજનો અને ઈષ્ટદેવ સંતુષ્ટ થાય છે. શ્રદ્ધાથી યજ્ઞનો અગ્નિ પ્રદીપ્ત કરી હવિ હોમાય છે. શ્રદ્ધા જ સર્વશ્રેષ્ઠ અને કલ્યાણકારી છે. ઋગ્વેદમાં 'શ્રદ્ધાસૂક્ત' આવે છે :

**શ્રદ્ધામ્ પ્રાતર્હવામહે શ્રદ્ધામ્ માધ્યંદિનમ્ પરિ ।**
**શ્રદ્ધા સૂયસ્ય નિમ્રુચિ શ્રદ્ધે શ્રદ્ધાપયેહ નઃ ॥**

ભગવાન ભૂખ્યા સૂવાડે નહિ, કીડીને કણ અને હાથીને મણ આપે જ છે. એ વિશે શાસ્ત્રમાં પ્રમાણ મળે છે. શ્રદ્ધાથી માનવી આ લોક અને પરલોકમાં સુખ પ્રાપ્ત કરે છે. શ્રદ્ધા સૂક્ષ્મતાથી ધર્મ અભિમુખ કરે, શ્રદ્ધા અદ્ભુત તપ છે. શ્રદ્ધા જ સ્વર્ગ, મોક્ષ અને સમગ્ર જગત હોવાનું કહે છે. સ્કંધપુરાણમાં કહ્યું છે કે શ્રદ્ધા વિના દાન ન આપવું અને શ્રદ્ધાવાન પાસેથી જ ભિક્ષા લેવાનું કહ્યું છે. કોઈ પણ વ્યક્તિને પૂછો એટલે કહેશે કે અમે શ્રદ્ધાવાન છીએ. કસોટી કરવામાં આવે તો ખબર પડે કે શ્રદ્ધા સાચી છે કે ખોટી છે. શ્રદ્ધા વિશે ચાર સવાલો કરી શકાય તેમ છે : શ્રદ્ધા-ભરોસો ખરેખર છે શું ? કોના ઉપર શ્રદ્ધા-ભરોસો રાખવો ? શા માટે શ્રદ્ધા-ભરોસો રાખવો ? શ્રદ્ધા-ભરોસો સફળ થાય ?

દરેક વ્યક્તિ પોતપોતાની પરિસ્થિતિ અનુસાર કે અનુકરણથી કોઈ ઈષ્ટદેવ ઉપર શ્રદ્ધા રાખે છે. શ્રદ્ધા સાથે સત્ય જોડાય છે. શ્રદ્ધા જ્યારે પ્રબળ શક્તિ તરીકે ઉભરે છે ત્યારે સુખ મળે, સંશય નાશ પામે, અભય મળે, શાંતિ અને સિદ્ધિ પણ મળે છે. એ રીતે શ્રદ્ધા મનોકામનાઓ પૂર્ણ કરનારી છે. શ્રદ્ધા તર્કયુક્ત ન હોય તો અશ્રદ્ધાથી અંધશ્રદ્ધા તરફ જતા વાર ન લાગે અને પતન તરફ જવાનું થાય છે. એક ભજનમાં કહ્યું છે :

**બુદ્ધિ શ્રદ્ધા વૈરાગ્ય ત્યાગ, ચાહિયે ચારો ગુણ ભક્તિમેં;**
**દેવારામ કહે ઈસ દુનિયામેં, વે હેં નહીં કોઈ વ્યક્તિમેં.**

ભક્તિ કરવી હોય તો શ્રદ્ધા સાથે બુદ્ધિ, વૈરાગ્ય, ત્યાગ વગેરે હોય તો સફળતા મળે છે. શ્રદ્ધા વિના તો ચાલે જ નહીં. ગમે ત્યારે ગમે તેના પર વિશ્વાસ તો મુકવો જ પડે છે. બીજો કોઈ ઉપાય જ નથી. સૂતા પછી ઉઠીશું એવો ભરોસો છે. અગાઉનો અનુભવ છે. ઊઠીએ છીએ એટલે ભરોસો છે. આપણને આપણી ઉપર ભરોસો હોવો જોઈએ. આપણે એ સવાલના ઉત્તરમાં એક ભજનવાણીમાં યોગ્ય જ કહ્યું છે :

**તમને તમારી જાત પર નહીં એતબાર,**
**પારકા ભરોસે રે પાર નહીં ઉતરો રે..**

દરેક વ્યક્તિની શ્રદ્ધા અલગ-અલગ પ્રકારની હોય છે. તો કોના ઉપર શ્રદ્ધા રાખવી ? કઈ બાબતમાં શ્રદ્ધા રાખવી ? એ સવાલ છે. એના માટે કહી શકાય કે આપણી શ્રદ્ધા ફક્ત કહેવા પુરતી ન હોવી જોઈએ. નરસિંહ કે મીરાં જેવી અનન્ય શ્રદ્ધા હોવી જોઈએ. જેલમાં હાર પહેરાવી જાય, ઝેરના કટોરા પી જાય. આપણે ત્રિશુલવાળી દેવી ઘરમાં હોય તોય તિજોરીમાં તાળાં લગાવીએ છીએ. એમ કેમ ? આપણે આપણી શક્તિ અને સામર્થ્ય લગાવતા હાંફી જાય પછી ભરોસા પર આવીએ છીએ. શ્રદ્ધા અનન્ય હોય. નામ પુરતી કે કહેવા પુરતી ન હોવી જોઈએ.

શ્રદ્ધા રાખવી કે નહીં ? આપણે શ્રદ્ધાવાન છીએ. શ્રદ્ધા તો રાખવી જ પડે. ભક્તિમાર્ગમાં બુદ્ધિ કરતા શ્રદ્ધા વધારે કામ લાગે છે. ઈશ્વરના અસ્તિત્વનો શ્રદ્ધાભાવે સ્વીકાર કરીને જ આગળ વધવાનું હોય છે. ધીમે-ધીમે શ્રદ્ધા દ્રઢ બનતી જાય છે. પછી પાકો પ્રેમ બંધાય છે. અદ્વૈત સધાય છે. ભક્તિ થઈ જાય એમ શ્રદ્ધા બંધાઈ જાય છે. માન્યતા સાચી-ખોટી સાબિત ન થઈ શકે તે શ્રદ્ધા. એમાં કારણ ન ચાલે. શ્રદ્ધાની વાત હોય તો જરૂર જ નથી પુરાવાની કેમકે ધર્મશાસ્ત્રમાં ક્યાંયે ઈશ્વરના હસ્તાક્ષર થયેલા મળતા નથી. શ્રદ્ધા એવી હોવી જોઈએ કે જેથી બીજાનું અહિત ન થાય. ઘણીવાર આપણે અંધશ્રધ્ધામાં ખૂંપતા જઈએ અટવાતા જઈએ અને પુરુષાર્થથી પલાયન થતાં જઈએ છીએ. સાચી શ્રદ્ધા એ છે કે જે ખરાબ કામ કરતા અટકાવે, પહેલા ચેતવે અને અટકાવે, સાચી દિશામાં પ્રેરિત કરે, હિંમત આપે.

# શિક્ષણ સૃષ્ટિ

વિશ્વાસ એ શ્રદ્ધા નથી. વિશ્વાસ જીવંત વ્યક્તિ પર હોય છે. વિશ્વાસમાં આદાન-પ્રદાન છે. શ્રદ્ધા એકતરફી હોય, વિશ્વાસ પરસ્પર હોય. વિશ્વાસઘાતની શક્યતા છે. વિશ્વાસ વિના શ્રદ્ધા શક્ય નથી, બાધા, આખડી, માનતા એ શરતી છે, શ્રદ્ધા ન કહી શકાય કારણ કે તેમાં શરત છે. લેવડદેવડ છે. શ્રદ્ધા સિદ્ધાંત તરફી છે અને વિશ્વાસ વ્યક્તિ તરફી છે. દેવ, દેવી, અવતારી, પિતૃ, શૂરાપૂરા, ગુરુ, મહાપુરુષ, આ પૂજનીય છે, એમાંથી પ્રેરણા લેવી જોઈએ. કર્મ કોઈને છોડતું નથી. સત્કર્મનું વાવેતર કરવાનું હોય. કર્મ લોકહિતાર્થે કરવામાં આવે તો ઈશ્વર સહાય કરે છે. જેને તરવું હોય તેને પ્રયત્ન કરવો પડે છે.

આપણને આપણી જાત ઉપર ભરોસો હોવો જોઈએ. આત્મવિશ્વાસ, આસ્થા અને શ્રદ્ધા માણસ સાથે જોડાયેલ છે. કવિ પ્રહલાદ પારેખે 'આપણે ભરોસે' કાવ્યમાં ભરોસા વિશે સમજની સરસ ચાવી આપી છે :

**આપણે ભરોસે આપણે હાલીએ, હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે...**
**એક મહેનતના હાથને ઝાલીએ, હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે...**
**ખુદનો ભરોસો જેને હોય નહીં રે તેને ખુદાનો ભરોસો નકામ;**
**છો ને એ એકતારે ગાઈ ગાઈને કહે: 'તારે ભરોસે, રામ !'**
**એ તો ખોટું રે ખોટું પિછાણીએ. બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,**
**સાગર મોઝારે ઝુકાવીએ; આપણા વહાણનાં સઢ ને સૂકાનને આપણે જ સંભાળીએ**
**કોણ રે ડૂબાડે વળી કોણ રે ઊગારે, કોણ લઈ જાય સામે પાર ?**
**એનો કરવૈયો કો આપણી બહાર નહીં, આપણે જ આપણે છીએ.**

અહીંયા કવિએ ઈશ્વર અને શ્રદ્ધાને પરસ્પર જોડી વિચાર કર્યો છે. કવિ કહે છે કે, આપણે જે કંઈ છીએ, જે કંઈ કરીએ છીએ, જે કંઈ જાણીએ છીએ કે માણીએ છીએ તે બધામાં આપણે પોતે જ કારણભૂત હોઈએ છીએ. એ સાથે આપણી શ્રધ્ધા, આપણો આત્મવિશ્વાસ પ્રેરણારૂપ હોય છે. **બીજાના ભરોસે રહેવાથી કાંઈ વળે નહિ. 'પારકી આશા સદા નિરાશા'** એટલે જ કહ્યું છે. આપણને કોઈ પરિચય પૂછે તો આપણે નામ, જ્ઞાતિ, અભ્યાસ કે હોદો વગેરે કહીએ છીએ પણ આપણી જાતનો પરિચય નહિ આપીએ, જેનો આપના વ્યવહારથી બીજાને અનુભવ થાય છે. આપણે ઘણીવાર કહીએ છીએ કે તમને તમારી જાત પર ભરોસો નથી. આપણે શરીરની આજુબાજુનો પરિચય આપીએ છીએ. ઘર અને ઘરનો માલિક બેય અલગ છે. ખુદની જાત કઈ છે ? એનો ઉત્તર આપતા એક સંત કહે છે :

**જાત હમારી ચેતન હૈ, અવિનાશી મેરા નામ હૈ.**

અધ્યાત્મ અભેદમાર્ગી છે. અભેદ હોય તો અભય આવે. એ માટે ક્યાંય ભટકવાની જરૂર નથી. બંધિયાર નાલામાં કૂવામાંના દેડકાની જેમ ગોંધાઈને ઉત્તમ હોવાનો અહંકાર કરીને બીજાની સામે ડ્રાઉં ડ્રાઉં કરવાની જરૂર નથી. અધ્યાત્મ ગંગાપ્રવાહ છે. એ પવિત્રપ્રવાહ છે. દરેક કાંઠે સમાનભાવે વહે છે. એને અશુદ્ધ કે શુદ્ધ જોવી/બનાવી દેવી/કોઈ કાંઠે ઊભા ઊભા ભેદ ઊભો કરવો એ વ્યક્તિગત ખ્યાલ છે. કબીરસાહેબ સરસ કહે છે :

**કબીર કૂવા એક હૈ, પનિહારી અનેક;**
**બર્તન ન્યારે ન્યારે ભયે, પાની સબમેં એક.**

આપણી જાત ઉપર વિશ્વાસ ઊભો થવો જોઈએ કે હું ચેતન છું, અવિનાશી છું. અજ્ઞાનવશ આપણે સમજી શકતા નથી. અવિનાશી છે આતમતારમાંથી અશ્રદ્ધા કે સ્થૂળતાનો નાશ થવો જરૂરી છે. મૂળ કક્ષાએ પહોંચવું જોઈએ. એ માટે ક્યાંય દોડધામ કરવાની જરૂર નથી. આપણી છીછરી સમજનું પરિણામ હોય છે. અખાએ એ વિશે ખૂબ કટાક્ષ કરેલો છે. સાધક પોતાના હેતુ અને સાધન વિશે સાચી સમજ ધરાવતો હોવો જોઈએ. અધ્યાત્મપંથને પોતાનું એક ધ્યેય હોય છે. દુખમાંથી મુક્ત થવું. એ માટે આત્મભાન હોવાનું જીવાભગત કહે છે :

**ચરખે ચિત્ત પ્રોતી લેવા પાર પરિબ્રહ્મ ગોતી...**
**પરખ્યા તેને પરવડ્યા, ના પરખુને આડા...**

સભાનતાપૂર્વક સ્વીકારીને વર્તવા લાગીએ એટલે પરિણામ મળશે. આત્મા અને પરમાત્મા આ બનેની વચ્ચે અંતર કેટલું ? તો એ વિશે એક ઉદાહરણથી સમજીએ. આત્મા ગોટલા સમાન છે અને પરમાત્મા વૃક્ષ સમાન છે. વૃક્ષ કંઇ આકાશમાંથી નથી પડ્યું. વૃક્ષ બીજમાંથી જ ઊગે છે. એમ આત્માથી પરમાત્માની કક્ષાએ પહોંચાય છે. પણ એ પદ્ધતિ હાથવગી હોવી જોઈએ. શ્રદ્ધા તો આપણે આપણી જાત ઉપર જ રાખવી પડશે. નરસિંહ મહેતા કહે છે :

**બીજમાં વૃક્ષ તું વૃક્ષમાં બીજ તું....**
**હું ખરો તું ખરો તું વિના હું નહિ...**

અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, તું તારામાંથી નીકળી જા અને મને સંપૂર્ણ સમર્પિત થઈ જા, તો તારી સંપૂર્ણ ખેવના હું રાખીશ. કર્મ કરતા રહીને, કર્મફળની અપેક્ષા રાખ્યાં વિના કર્મયોગી બનવાનું છે. ડર અંદરથી ઉદભવે છે. એ તરફ મનોમંથન કર્યું ન હોય સત્ય સમજ ન આવે એટલે અંદર અથડામણ થાય છે. સતનો તાર તૂટે છે એટલે ભરોસો તૂટે છે. એ રીતે જાતથી જાતે જ તરવાનું રહે છે. તરવા માટે જાતને ઓગાળવાની રહે છે. ઓગળ્યા વિના રૂપાંતર પ્રક્રિયા શક્ય નથી. ■

**મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭**



ડૉ. નરેભરામ જે. રાંકજા
લેખક પ્રોફેસર અને ખેતીવાડી વૈજ્ઞાનિક છે.
એગ્રીકલ્ચર યુનિવર્સિટી, જુનાગઢ અને
મેમ્બર ફોર બોર્ડ ઓફ સ્ટડીઝ, ફેક્લ્ટી ઓફ સાયન્સ,
એગ્રીકલ્ચર, મારવાડી યુનિવર્સિટી, રાજકોટ

# શ્રધ્ધા અને અંધશ્રધ્ધામાં અટવાતો આધુનિક માનવ

**આ**જના વૈજ્ઞાનિક અને આધુનિક ટેક્નોલોજી યુક્ત યુગમાં જીવતો માનવી પણ શ્રધ્ધા અને અંધશ્રધ્ધામાં કેવો અટવાયેલો રહે છે. ક્યારેક બુધ્ધિ પણ બેર મારી જાય છે કે કોને શ્રધ્ધા કહેવીને કોને અંધશ્રધ્ધા કહેવી. અંધશ્રધ્ધાથી દૂર રહીને પણ ક્યારેક મનમાં અંધશ્રધ્ધા પેદા થાય છે કે આ ખોટું તો નથી થયું ને ? શ્રધ્ધા એ એક આપણી ચેતનાનું પરિણામ છે અને તે આપણી આંતરિક સમજશક્તિથી જાગૃત થાય છે તેમજ કોઈપણ સંજોગોમાં ખંડિત થતી નથી. શ્રધ્ધાને આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રાણ કહેવામાં આવે છે. આ દુનિયામાં ઈશ્વર અને આત્માનું અસ્તિત્વ છે તે કોઈ વૈજ્ઞાનિક સાબિત કરી શકશે નહીં તેમજ દુનિયાની કોઈપણ લેબોરેટીરીમાં ટેસ્ટીંગ થઈ શકશે નહીં. તે એક શ્રધ્ધાનો વિષય છે. જેવી રીતે લોઢું અને અગ્નિ. આ બંનેના સમન્વયથી વિવિધ પ્રકારના હથિયારો તેમજ અનેક પ્રકારના ઓજારો બનાવી શકાય છે. તેમ શ્રધ્ધા અને વિશ્વાસ બે સાધનો છે જેના સમન્વયથી જીવનની નૈયા પાર કરી શકાય છે તેમજ અનેક આધ્યાત્મિક કે ચમત્કારિક શક્તિઓ મેળવી શકાય છે. શ્રધ્ધા અને વિશ્વાસના સમન્વય વિના કોઈની જીવનયાત્રા ચાલી શકે નહીં પછી ભલે તે સાંસારિક, બ્રહ્મચારી કે સાધક હોય.

શ્રધ્ધા અને વિશ્વાસ આ બંનેમાં ફરક છે. વિશ્વાસ તેને કહેવાય કે જેમાં આપણા પોતાના વિચારો કે બીજાના વિચારો ઉપરથી આપણે સહમતી બતાવીએ છીએ એટલે તે વિશ્વાસ હંમેશા સાચો પડતો નથી તે ક્યારેક ખોટો પણ હોઈ શકે, કેમ કે તે આપણો વિચાર છે જ્યારે શ્રધ્ધા એ કોઈના વિચારોથી આવતી નથી પરંતુ અંદરથી આપોઆપ આવે છે. દા.ત. આપણા ગામમાં કોઈ મહાન સંત પધારવાનાં હોય અને આપણે તેના દર્શન કરવા જઈએ, ત્યારે તેમને જોઈને તુરત જ એમ લાગે કે આ સંત તો ખરેખર મહાન અને આધ્યાત્મિક છે. તેવું લાગે તો આપણને તેના પ્રત્યે તુરત જ શ્રધ્ધા જાગૃત થશે જે અંદરથી થશે. કોઈ જીવંત કે નિર્જીવ વસ્તુ પ્રત્યે અંદરથી આદર અને સન્માનનો ભાવ પેદા થાય તેને શ્રધ્ધા કહેવામાં આવે છે અને અંધશ્રધ્ધા તેને કહેવામાં આવે છે કે કોઈપણ જાતનું વિચાર્યા વગર, ફક્ત ને ફક્ત બીજાના અભિપ્રાયને અધારે આપણને કોઈ પ્રત્યે આદરનો ભાવ પ્રગટ થાય તેને અંધશ્રધ્ધા કહેવામાં આવે છે. આ દુનિયામાં અંધશ્રધ્ધા જેવી ચીજ છે પરંતુ શ્રધ્ધાની અંદર અંધશ્રધ્ધા હોતી નથી. વિશ્વાસ એક એવી વસ્તુ છે કે જે પોતાના વિચારો ઉપર કે બીજાના વિચારો ઉપર પોતાની સહમતી દર્શાવવામાં આવે છે. જ્યારે આપણે કંઈ પણ વિચાર્યા વિના કોઈ વસ્તુની ગુણવત્તા ઉપર વિશ્વાસ કરી લઈએ ત્યારે તે અંધશ્રધ્ધા બને છે. દા.ત. આપણામાં એવી માન્યતા છે કે આપણે ચાલ્યા જતા હોઈએ અને રસ્તામાં બિલાડી આડી ઉતરે તો તેને આપણે અપશુકન માનીએ છીએ. આ માન્યતા અત્યારે પણ છે. આ માન્યતા કોઈપણ જાતના તર્ક વિના અને બીજા પારંપરિક વિચારોથી ઉભી થયેલ છે, જેને અંધશ્રધ્ધા કહેવામાં આવે છે. જ્યારે આપણે કોઈપણ માણસના વ્યક્તિત્વ કે ચરિત્રથી પ્રભાવિત થઈને તેના પ્રત્યે અંદરથી સન્માનની ભાવના જાગે તો



તેને શ્રધ્ધા કહે છે. જ્યારે કોઈ ધાર્મિક પુસ્તકો વાંચીને, કોઈ મહાન ૠષિ મુનિ પ્રત્યે આપણને અંદરથી ભાવ થાય તેને શ્રધ્ધા કહે છે, તેમજ આપણા કુટુંબમાં વડીલો પ્રત્યે આપણને માન સન્માન છે તે પણ એક શ્રધ્ધા છે. જ્યારે જીવનમાં શક કે શંકાનું સંપૂર્ણ નિરાકરણ આવી જાય છે ત્યારે તેમાં શ્રધ્ધા ઉત્પન્ન થાય છે. શ્રધ્ધા કોઈ દિવસ અધૂરી નથી હોતી. જ્યારે વિજ્ઞાનની સીમાઓ પૂરી થાય છે, ત્યાંથી શ્રધ્ધા શરૂ થાય છે.

અંધશ્રધ્ધા એ એક દેશપૂરતી સીમિત નથી, પરંતુ આખી દુનિયામાં ફેલાયેલ એક રોગ છે. આવું સદીઓથી ચાલતું આવે છે. પરંતુ તેના સ્વરૂપો બદલાતા રહે છે. અંધશ્રધ્ધા એ કોઈ જાતિ, સમાજ કે સમુદાયને સ્પર્શતી નથી, પરંતુ તે દરેક માણસને લાગુ પડે છે. ક્યારેક અમુક સમાજમાં અમુક પ્રકારની અંધશ્રધ્ધા વધુ પડતી હોય તેવું જણાય છે. અંધશ્રધ્ધા એક એવી વસ્તુ છે કે જે માણસને અંદરથી કમજોર બનાવી દે છે તેમજ આવી વસ્તુ સાથે સંકળાયેલ માણસ ક્યારેક એવું કરી બેસે છે કે તે હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાઈ જાય છે અને તેના ગંભીર પરિણામો મૃત્યુ સુધી પણ દોરી જાય છે. આપણા દેશમાં

# શિક્ષણ સૃષ્ટિ

ઘણી જગ્યાએ નાના મોટા શુભ કે અશુભ કાર્યમાં કે કોઈ રોગ અથવા બિમારીમાં અંધશ્રદ્ધાનો માર્ગ અપનાવવામાં આવે છે. આજે પણ સદીઓથી ચાલી આવતી અંધશ્રદ્ધા જેવી કે ઘરની બહાર નીકળતા છીંક આવવી, રસ્તામાં બિલાડી આડી ઉતરવી, આરતી કે પૂજાનો દિવો વચ્ચેથી બુઝાઈ જવો, અડધી રાતે કૂતરાઓને ભોંકવું કે સામૂહિક રૂદન કરવું આવી અનેક બાબતો છે કે જેને આપણે અપશુકન માનીએ છીએ. ભણેલ ગણેલ વર્ગ પણ આમાંથી બાકાત નથી. આજે ઘણો એવો શિક્ષિત પણ વર્ગ છે કે જેઓ અંધશ્રદ્ધામાં માને છે જેના કારણે આપણા દેશના વિકાસની ગતિ ધીમી છે. આપણે જાણીએ છીએ કે ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ એ વૈજ્ઞાનિક કારણો સાથે સંકળાયેલા છે છતાં પણ આજે ઘણી જગ્યાએ તેમાં અંધશ્રદ્ધા રૂપે ઘણું બધું કરવામાં આવે છે તેમજ તે દરમ્યાન માણસ ભયભીત રહે છે. ખરેખર તેમાં છુપાયેલા રહસ્યો વૈજ્ઞાનિક ઢબે જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. ક્યારેક ધર્મનું અનુકરણ કરવામાં પણ અંધશ્રદ્ધા જોવા મળે છે તો આવી અંધશ્રદ્ધા આપણે કેમ દૂર નથી કરતા ? બીજા કોઈ આપણને આંગળી ચીંધે તે પહેલા આ દૂર કરીને તેમને આંગળી ચીંધવાનો અવસર આપવો જોઈએ નહીં. શ્રદ્ધા હંમેશા દિલથી આવે છે તેમાં દિમાગની કોઈ જરૂરિયાત નથી. જ્યારે અંધશ્રદ્ધામાં દિલ કે દિમાગની કોઈ જરૂરિયાત નથી. શ્રદ્ધા હંમેશા આસ્થાને કારણે ઉદ્‌ભવે છે, જ્યારે અંધશ્રદ્ધા ડરના કારણે ઉદ્‌ભવે છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેના અંતરની જો આપણને ખબર ન પડે તો શ્રદ્ધાને પણ અંધશ્રદ્ધામાં પરિવર્તિત થતા વાર લાગતી નથી. શ્રદ્ધા એટલે સત્ય અને ભાવને સાથે રાખીને કરવામાં આવતી સેવા અને તેનાથી ઉલટું સેવાભાવ હોય પરંતુ સત્યના રસ્તે ન હોય તો તે અંધશ્રદ્ધા છે. બીજાનું આંધળું અનુકરણ તે પણ એક અંધશ્રદ્ધા છે જેવી રીતે જીવીત માતા-પિતાની સેવાર કરવી તે એના પ્રત્યેની શ્રદ્ધા બતાવે છે જ્યારે માતા-પિતા જીવતા હતા ત્યારે સેવા કરી નહીં ને મૃત્યુ પામ્યા પછી તેની પાછળ શ્રાધ્ધ કરવામાં આવે છે તે એક અંધશ્રદ્ધા છે. અંધશ્રદ્ધા તેને કહેવામાં આવે કે જે સૃષ્ટિના કે કુદરતના નિયમથી વિપરીત હોય છે. ધર્મના નામે કોઈપણ જીવની હિંસા કરવી એ પણ એક અંધશ્રદ્ધાની પારાકાષ્ટા છે. પહેલાના જમાનામાં આપણા ઋષિમુનિઓ સમાજને નવું આપવા માટે ધર્મ સાથે જોડીને આપતા, જેની સાથે હકીકતે વૈજ્ઞાનિક કારણ જોડાયેલ હોય. જે તે સમયે શિક્ષણનો વ્યાપ એટલો બધો હતો નહીં તેમજ લોકોમાં ધર્મને નામે અંધશ્રદ્ધા વધુ હતી. આવા સમયે આપણા વૈદિક ઋષિમુનિઓએ આ વૈજ્ઞાનિક પધ્ધતિઓને લોકો વચ્ચે લાવવા માટે ધર્મનો આશરો લેવો પડતો કારણ કે તેઓ જાણતા કે આને ધર્મ સાથે જોડ્યા વિના લોકોના મગજમાં બેસાડી શકશું નહીં. કેટલીક વખત પ્રશ્ન થાય છે કે વાસ્તુશાસ્ત્ર એ શું છે ? વૈજ્ઞાનિક છે કે કોઈ અંધશ્રદ્ધા ? વાસ્તુશાસ્ત્ર હકીકતમાં વાસ્તુકલા અને એન્જિનિયરીંગ આધારિત પ્રાચીન વિજ્ઞાન છે જેને ધર્મ સાથે જોડી દીધેલ છે. સમય જતા આવી પ્રવૃત્તિઓમાં પણ અંધશ્રદ્ધા ભળી ગયેલ છે જે જાણીને તેનાથી દૂર રહેવું જરૂરી છે. કોઈપણ ધર્મ ક્યારેય તર્ક વિરુધ્ધ હોતો નથી. સૃષ્ટિના નિયમોને અનુકૂળ થઈને સત્યમાં વિશ્વાસ કરવો એ શ્રદ્ધા છે, જ્યારે સૃષ્ટિના નિયમોથી વિરુધ્ધ જઈને જે કરવામાં આવે છે અંધશ્રદ્ધા છે. આપણા દેશમાં અનેક પ્રકારની ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે જે હિન્દુ ધર્મને ચેતનવંતો બનાવે છે. આમાંની યોગ, ધ્યાન, મંત્રપૂજા, પ્રાર્થના, પૂજા યજ્ઞ જેવી ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેને ઘણા લોકો અંધશ્રદ્ધા માને છે. પરંતુ સંશોધનના આધારે આમાંથી ઘણી બધી પ્રવૃત્તિઓ વૈજ્ઞાનિક રીતે પણ ફાયદાકારક સાબિત થયેલ છે. ભારતમાં બાળકોને ગર્ભમાંથી સંસ્કાર આપવાની વાતો આપણી સંસ્કૃતિમાં છે. કેટલાક લોકો તેને અંધશ્રદ્ધામાં ખપાવે છે, પરંતુ વિજ્ઞાને પણ તેનો સ્વીકાર કરેલ છે. ક્યારેક બુદ્ધિ બધી જ સમસ્યાઓનો જવાબ આપી શકે નહીં ત્યારે શ્રદ્ધાને સ્વીકારવી પડે છે.

આપણી વિધાનસભામાં ઓગષ્ટ-૨૦૨૪ માં અંધશ્રદ્ધા વિરુદ્ધ એક ઐતિહાસિક બીલ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ. આ એક ખૂબ જ આવકારદાયક પગલું હતું. કેટલીક વખત જે પ્રથા જનહીતમાં ન હોય છતાં પણ લોકો તેને પકડી રાખે, તેનું આંધળું અનુકરણ કરે તેમજ સમજાવટથી પણ સમજે નહીં તેવા સમયે કાયદાથી તેને અંકુશમાં લાવવું જરૂરી બને છે. આ વિધયકમાં માનવબલી, અઘોરી પ્રથા, ભૂત-ડાકણ કે દુષ્ટ આત્માને શરીરમાંથી કાઢવાના બહાને લોકો ઉપર અત્યાચાર કરતા તત્ત્વો સામે કાયદાકીય પગલાં લેવા, મંત્ર, તંત્રથી ભય ઉભો કરવો, અંધશ્રદ્ધા રૂપી દોરા ધાગા કરવા, આવા દસ જેટલા અંધશ્રદ્ધાના કૃત્યોમાં સજાની જોગવાઈ કરવામાં આવેલ છે અને તેની સામે દંડ તથા જેલની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. ગુજરાત સરકારે જે પગલું ભરેલ છે તે ખૂબ જ આવકાર્ય છે. શિક્ષણ, યોગ્ય ચિંતન કે કાયદાથી આવી અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસ ધીમે ધીમે ઓછા થતા જશે અને કાલા જાદુ કરનારા અને જીવ બલી ચઢાવનારા તત્ત્વો અદશ્ય થઈ જશે. ■

**મો. ૯૮૨૫૯ ૫૦૪૬૨**
E-mail:njrankja2007@yahoo.com


उन्नति
सबमर्सिबल पम्प
Unnati
SUBMERSIBLE PUMP
"Together we can do it
Together we have always done it"
CE
Unnati Pumps Private Limited
81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128
Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com

## નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
નારીવાદી લેખિકા, રાજકોટ

# દીકરી વિના સૂનો સંસાર

**ભા**રતના પુરુષપ્રધાન સમાજમાં માતા-પિતા દીકરો ઈચ્છે તે સાવ સામાન્ય વાત છે. એક સ્ત્રી પણ ઈચ્છે છે કે તે એક દીકરાની મા બને. સમાજમાં ભલે આધુનિકતા આવે પરંતુ લોકોની માનસિકતામાં જરાયે પરિવર્તન આવતું નથી. દીકરો ના હોય તો વંશ આગળ ના વધે અને દીકરો ના હોય તો પાછળ નામ પણ ના રહે. આમ દીકરીને ક્યારેય આપણા સમાજે વંશવેલામાં સ્થાન આપ્યું નથી. સમજાતું નથી કે લોકો શા માટે દીકરીને સાપનો ભારો સમજે છે?

"પગલીનો પાડનાર દેને રન્ના દે" ગાતી સ્ત્રી ભલે દીકરો માગે પણ ખરેખર તો એક દીકરી વગર માનું જીવન અધૂરું અને અપૂર્ણ જ છે. "ગોળ વિના મોળો કંસાર" એમ "દીકરી વિના સૂનો સંસાર". દીકરી તો કરુણાની મૂર્તિ છે, દયાની દેવી છે. એક દીકરીને મા-બાપ પ્રત્યે જેટલી લાગણી અને પ્રેમ હોય છે તેટલી દીકરાને નથી હોતી.

જ્યોર્જ બર્નાડ શોએ લખ્યું છે કે...

"યૉર સન ઈઝ યૉર સન ટિલ હિ ગેટ્સ એ વાઈફ
બટ યૉર ડૉટર ઈઝ યૉર ડૉટર ફૉર ધર હોલ લાઈફ"

એટલે કે દીકરો તો એની પત્ની આવે ત્યાં સુધી જ તમારો દીકરો છે, જ્યારે તમારી દીકરી તો આખી જિંદગી સુધી તમારી દીકરી જ રહે છે. દીકરી લગ્ન કરીને સાસરે જાય છે તો પણ દિલથી મા-બાપની કેટલી ચિંતા કરતી રહે છે. સાસરીમાં રહીનેય મા-બાપને યાદ કરીને આંસુ સારે છે. કહેવાય છે કે દીકરો હંમેશા માને વહાલો હોય છે અને દીકરી પિતાને વહાલી હોય છે. પિતાને દીકરા વહાલા તો હોય પણ દીકરી ઉપર તેને વિશેષ પ્રેમ હોય છે. માને પણ દીકરી વહાલી તો હોય જ. કહેવાય છે કે પિતાનો અઢળક પ્રેમ અને માતાનું નિર્મળ વહાલ ભેગું થઈને આકાશમાં ચડે, એનાં વાદળ બંધાય અને જ્યારે વાદળ અનરાધાર વરસે એનું નામ દીકરી.... આ દીકરીનું રૂપ એ તો સ્ત્રીના જીવનનું સૌથી નિર્દોષ અને મુગ્ધ સ્વરૂપ છે.

દીકરી તો સમર્પણ અને ત્યાગની મૂર્તિ છે. કહેવત છે કે પોતાના ઘરમાં દીવો કરે તે દીકરો, પરંતુ બીજાના ઘરમાં જઈને દીવો કરે તે દીકરી. દીકરો કુળને તારે એ વાત સાચી પણ દીકરો તો એક જ કુળને તારે છે જ્યારે દીકરી તો પિયર અને સાસરું એમ બંને કુળને તારે છે. આ દીકરી નાની હોય કે મોટી - સાસરે હોય કે પિયરમાં હંમેશા મા-બાપને સ્નેહની હૂંફ આપતી રહે છે. ક્યારેય એના સ્નેહમાં ઓટ આવતી જ નથી.

જે દીકરીને પોતાના જીવથી વિશેષ સાચવી હોય તેને કોઈ અજાણ્યાના હાથમાં સોંપી દેવાની - દીકરી ઉપરનો આપણો બધો જ હક્ક જતો કરી બીજાને સોંપી દેવાની એ કલ્પના જ કેટલી દુઃખકારી છે. તો વાસ્તવમાં જ્યારે દીકરીને સાસરે વળાવવાનો સમય આવે ત્યારે મા-બાપના દિલ પર શું વીતતું હશે?

પૂજ્ય સંતશ્રી મોરારીબાપુએ કહ્યું છે કે, "દીકરો બાપનો હાથ છે પરંતુ દીકરી તો બાપનું હૈયું છે. કન્યાદાન કરતી વખતે પિતા જમાઈના હાથમાં દીકરીનો હાથ નહીં પરંતુ પોતાનું હૈયું સોંપે છે."

મહાકવિ કાલિદાસ રચિત "અભિજ્ઞાન શાકુન્તલમ્" માં શકુન્તલા વિદાયના પ્રસંગે કવિ કણ્વ ઋષિના મનની વાત જણાવે છે કે...

"જાશે આજ શકુન્તલા ! હૃદયને લાગ્યો અજંપો જ શો !
રોક્યા અશ્રુથી સાદ ગદ્‌ગદ્ થતો, ચિંતાથી ઝાંખુ સૂઝે,
આવી જો વનવાસીની વિકલતા સ્નેહથી મારી અહો !
તો સંસારી પીડાય શા પ્રથમ હા પુત્રીવિયોગે દુઃખે ?

કણ્વ ઋષિ તો વૈરાગી હતા. સંસાર છોડી દીધો હતો અને શકુન્તલાના સગા નહીં પણ પાલકપિતા હતા. છતાંયે શકુન્તલાની વિદાય વખતે હૈયું હાથ રહેતું નથી અને રોઈ પડે છે.

કવિ દાદ "કાળજાનો કટકો" માં એક પિતાની હૃદયની હાલત જણાવતા લખે છે કે...

લૂંટાઈ ગયો મારો લાડ ખજાનો "દાદ" હું તો જોતો રહ્યો,
જાન ગઈ જાણે 'જાન' લઈ, મારો સૂનો માંડવડો
કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો.

આ કવિતામાં એક પિતાના દિલની અબોલ વેદના ભરાયેલી છે. જે લાગણીની, આંસુની, મમતાની અને કરુણાની પ્રતીતિ કરાવે છે. આવો પ્રેમ પામવા એક દીકરીના બાપ બનવું જરૂરી છે. મા-દીકરી એકબીજાના મનની વાત જે રીતે સમજી શકે તે ભાગ્યે જ બીજું કોઈ સમજી શકે છે. બંને એકબીજાની સખી-સહિયર છે. યુવાન થયેલી દીકરી માના દિલના દર્દને મહસૂસ કરે છે અને મા-દીકરીના મનની વાત જાણે છે. દીકરી મા પાસે હૈયાની વાત કરે છે.

દીકરી વગર મા અધૂરી જ રહે છે. કારણ કે, દીકરી તો માનું પ્રતિબિંબ છે. એક મા દીકરીમાં પોતાનો ભૂતકાળ જુએ છે અને દીકરી પોતાની 'મા' માં પોતાનું ભવિષ્ય નિહાળે છે. દીકરી તો સ્નેહનું ઝરણું અને મા-બાપ વચ્ચેની વહાલની કડી છે. દીકરીનું જીવન એટલે સ્મરણોની સુગંધ. આ દીકરી તેના કોઈપણ રૂપમાં હંમેશા પોતાની જાતને ચંદનની જેમ ઘસીને બીજાને સુખ - શાંતિ અને શીતળતા અર્પે છે.

■ ■ ■



**પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**
લેખક, જાણીતા વરિષ્ઠ પત્રકાર, સાહિત્કાર, કોલમિસ્ટ, ૬૦ થી વધુ પુસ્તકોના લેખક અને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત છે.

# દ્રૌપદી અગ્નિસ્નાન કરીને પવિત્રતા સિદ્ધ કરતાં હતાં

'દ્રૌપદી' સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ છે - 'પ્રજ્વલિત'. જાજરમાન વ્યક્તિત્વ ધરાવતાં મહારાણી દ્રૌપદીની પ્રતિભા ભારત વર્ષમાં અદ્વિતીય છે. અધર્મ સાથે લડનારી દેશના આ પ્રથમ નારીવાદી અને શક્તિશાળી સ્ત્રી હતાં.

દ્રૌપદીની જન્મની કથા રસપ્રદ છે. તે પાંચાલ નરેશ રાજા દ્રુપદની પુત્રી તરીકે ઓળખાઈ, પરંતુ તેનો જન્મ રાજા દ્રુપદનાં પત્નીની કૂખે થયો નહોતો. યુવાનીના સમયમાં રાજકુમાર દ્રુપદ અને દ્રોણ એ બે મિત્રો હતા. એ સમયગાળા દરમિયાન રાજકુમાર દ્રુપદે દ્રોણને કોઈક એક વચન આપ્યું હતું. પરંતુ દ્રુપદ રાજા બન્યા અને દ્રોણને તેમના સંતાનની ભૂખ મિટાવવા તકલીફ પડવા લાગી ત્યારે બચપણના વચનને યાદ કરી તેઓ રાજા દ્રુપદ પાસે ગયા. રાજા દ્રુપદે એ વચનને પાળવા ઈનકાર કરી દીધો. નારાજ થયેલા દ્રોણ હસ્તિનાપુર ગયા અને પાંડવ પુત્રોના ગુરુ બન્યા. અર્જુન તેમનો પ્રિય શિષ્ય હતો. અર્જુનની મદદ લઈ દ્રોણે યુદ્ધ કરી રાજા દ્રુપદનું અડધું રાજ્ય પડાવી લીધું. દ્રોણે પડાવી લીધેલા અડધા રાજ્યને દ્રુપદ પાછું મેળવવા ઈચ્છતા હતા, પરંતુ તેમને કોઈ પુત્ર નહોતો. દ્રોણ સામે લડવા માટે સમર્થ પુત્રની જરૂર હતી. સંતાન પ્રાપ્તિ માટે તેમણે ઋષિઓની સલાહ લીધી. ઋષિઓએ તેમને પુત્ર પ્રાપ્તિ માટે એક યજ્ઞ કરવાની સલાહ આપી.

રાજા દ્રુપદે યજ્ઞ કર્યો. યજ્ઞની પ્રજ્વલિત વેદીમાંથી એક પુત્ર પેદા થયો તેનું નામ ધૃષ્ટદ્યુમ્ન. થોડી વાર પછી એ જ યજ્ઞની વેદીમાંથી એક તેજસ્વી કન્યા પ્રગટી. તે યજ્ઞમાંથી પેદા થઈ હોવાથી તેનું નામ યજ્ઞસેની પડ્યું. તે રાજા દ્રુપદની પુત્રી કહેવાતા. તેનું નામ દ્રૌપદી પડ્યું. પાંચાલ દેશની રાજકુમારી બનતાં પાંચાલી પણ કહેવાઈ. પુરાણ કથાઓ કહે છે કે, તે શ્યામ વર્ણની હોવા છતાં તે સમયના વિશ્વની અત્યંત સુંદર સ્ત્રી હતી. દ્રૌપદીની આંખો



કમળની પાંખડીઓ જેવી હતી. એના દેહમાંથી નીકળતી સુગંધ જોજનો સુધી પ્રસરી જતી. એના જન્મ વખતે આકાશવાણી થઈ હતી. "આ અદ્વિતીય સૌંદર્યા ભવિષ્યમાં કૌરવોની હારનું નિમિત્ત બનશે અને એના કારણે જ ધર્મનું શાસન સ્થાપિત થશે."

દ્રૌપદી ભગવાન શ્રીકૃષ્ણને સખા કહેતાં હતાં. ભગવાન શ્રીકૃષ્ણએ દ્રૌપદીના સ્વયંવરમાં તે અર્જુનને પરણે તેવા મત્સ્યવેદનું આયોજન કર્યું હતું. દુર્યોધને મામા શકુનિની યોજના પ્રમાણે પાંડવોને જુગટું રમવા બોલાવ્યા. યુધિષ્ઠિર પોતાના ભાઈઓ, રાજ્ય સહિત દ્રૌપદીને પણ હારી ગયા. તે પછી દુઃશાસન રાણી દ્રૌપદીને રાજ્યસભામાં ખેંચી લાવ્યો. એ વખતે દ્રૌપદી રજસ્વલા હોઈ તેમણે એક જ વસ્ત્ર પહેર્યું હતું. વાળ પણ ખુલ્લા હતા. દુઃશાસને ભરી સભામાં તેનાં ચીર ખેંચ્યા ત્યારે દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણને યાદ કર્યા અને શ્રીકૃષ્ણએ તેનાં ચીર પૂરી તેની લાજ બચાવી. તે વખતે ભીમે દુઃશાસનની છાતી ચીરી નાખવાની પ્રતિક્ષા લીધી અને એ વખતે જ દ્રૌપદીએ પણ પ્રતિજ્ઞા લીધી હતી કે, "જ્યાં સુધી હું દુઃશાસનના રક્તથી મારા માથા વાળા નહીં ધોઉં ત્યાં સુધી હું માથાના વાળ ખુલ્લા રાખીશ."

આ રીતે રાણી દ્રૌપદી ભારત વર્ષનાં પહેલા નારીવાદી સ્ત્રી હતાં. ભરી રાજ્યસભામાં પોતાનાં વસ્ત્રોનું ચીરહરણ કરનાર દુર્યોધન જ્યારે દ્રૌપદીના રાજમહેલમાં પ્રવેશ્યો ત્યારે ફર્શ પર પાણી છે કે ફર્શ એ નક્કી નહીં કરી શકનાર દુર્યોધનને 'આંધળાના પુત્રો આંધળા' કહેવાની હિંમત પણ રાણી દ્રૌપદીએ જ બતાવી હતી. અલબત્ત, આ સંવાદ વેદવ્યાસના મહાભારતમાં નથી, પરંતુ પાછળથી ઉમેરાયેલો છે અને લોકોએ તેને સ્વીકાર્યો પણ છે. પછી જ કુરુક્ષેત્રનું યુદ્ધ થયું.

હવે કુરુક્ષેત્રના યુદ્ધ પછીની વાત.

# નારી સૃષ્ટિ

કુરુક્ષેત્રના યુદ્ધમાં બધાં જ કૌરવો મૃત્યુ પામ્યા. કેટલાક સમય બાદ પાંડવો પણ તેમનું આયુષ્ય પૂરું થતાં હિમાલય તરફ આરોહણ કરી ગયા. હવે ધર્મક્ષેત્ર એટલ કે ચિત્રગુપ્તના દરબારમાં બધાનાં કર્મોનાં લેખાંજોખાં શરૂ થયાં. અહીં પાંડવો અને કૌરવો પણ બેઠેલા છે. ધર્મક્ષેત્રમાં દ્રૌપદીએ જ સૌથી પહેલાં તેમના સાસુ કુંતા માતાને પૂછ્યું, "મને તો એકમાત્ર અર્જુન જ સ્વયંવરમાં જીતીને લાવ્યા હતા. તેઓ શું જીતીને લાવ્યા છે તે જાણ્યા વગર જ અને પાછળ જોયા વગર જ તમે એમ કેમ કહ્યું કે જે લાવ્યા છો તે પાંચેય ભાઈઓ વહેંચી લો. તમે પાછળ જોયું જ નહોતું અને મારે તમારા પાંચેય પુત્રોની પત્ની બનવું પડ્યું.

દ્રૌપદીના આ પ્રશ્નના જવાબમાં કુંતા માતા બોલ્યાં, "હું જાણતી જ હતી કે મારો પુત્ર અર્જુન સ્વયંવરમાં તને જીતીને લાવ્યો છે, પરંતુ હું એ વાત પણ જાણતી હતી કે તારા અસાધારણ સૌંદર્ય અને પ્રતિભાના કારણે મારા બીજા પુત્રો અર્જુનની ઈર્ષા કરતા અને કૌરવો સામે લડવાના બદલે તેઓ અંદરોઅંદર લડીને વિખૂટા પડી જાત. તું મારા પાંચેય પુત્રોની પત્ની બની તેથી તેઓ એક રહ્યા અને કૌરવો સામે લડીને મહાભારતનું યુદ્ધ જીત્યા. એ બધાની એકતા તારા કારણે જ રહી."

એ પછી ધર્મક્ષેત્રમાં રાણી દ્રૌપદીએ 'મહાભારત'ના રચયિતા ભગવાન વેદવ્યાને પૂછ્યું, "તમે મહાભારતમાં મારું એવું નિરૂપણ કેમ કર્યું ? મારા આવા ચારિત્ર્યનું નિરૂપણ કેમ કર્યું ? આવનારી પેઢીઓ શું વિચારશે ? હું પાંચ પુરુષોની પત્ની ?"

દ્રૌપદીના આ પ્રશ્નના જવાબમાં ભગવાન વેદવ્યાસે કહ્યું, "રાણી દ્રૌપદી, તમને તમારા પાછલા જન્મની ખબર નથી. તમે પાછલા જન્મમાં તપ કરીને શિવજીને પ્રસન્ન કર્યા હતા અને શિવજી પાસે માગ્યું હતું. "હે ભગવાન, મને એવો પતિ આપજો જે ધર્મમાં સ્થિર અને ધર્મપરાયણ હોય, શ્રેષ્ઠ બાણાવળી હોય, શરીર સૌષ્ઠવથી શક્તિશાળી હોય, રૂપાળો હોય અને જ્ઞાની પણ હોય !" તે પછી ભગવાન શિવે કહ્યું, "આ બધું એક પુરુષમાં શક્ય નથી." તે માટે આવા સ્વતંત્ર ગુણોવાળા અલગ અલગ પાંચ પતિઓ તમને મળ્યા, પરંતુ એક વાત યાદ રાખજો. આવનારી તમામ પેઢીઓ તમને 'ભારત ભાગ્ય વિધાતા' તરીકે ઓળખશે. આવનારા સમયની દરેક સ્ત્રી તમારી પ્રતિભા અને તાકાતની છૂપી ઈર્ષા કરશે. કારણ કે અધર્મ સામે લડનારી તમારા જેવી એક સ્ત્રીના કારણે મહાભારતનું યુદ્ધ થયું અને અધર્મનો નાશ થયો. ધર્મની સ્થાપના થઈ. અનીતિનો પરાજ્ય થયો અને નીતિની સ્થાપના થઈ. ભારત વર્ષની સૌથી શક્તિશાળી નારી તરીકે આવનારી પેઢી તમને ઓળખશે."

વેદવ્યાસનાં આ વચનોથી રાણી દ્રૌપદીને સંતોષ થયો.

રાણી દ્રૌપદી તેમના દામ્પત્યજીવનને વ્યવસ્થિત રાખવા માટે એક વર્ષ માટે એક પતિ સાથે રહેતાં હતાં અને શિવજીના વરદાન પ્રમાણે તે પછી અગ્નિમાં ચાલી સદા પોતાની પવિત્રતા અકબંધ છે કે નહીં તેનું પરીક્ષણ કરતાં હતાં.

પુરાણો કહે છે કે, રાણી દ્રૌપદી સૌથી વધુ પવિત્ર નારી હતાં. પોતાની પવિત્રતા એ વાતથી સિદ્ધ થતી હતી કે તેઓ ધગધગતા અંગારા પર ચાલી અગ્નિસ્નાન કરતાં હતાં અને તે જ એમની પવિત્રતાનું પ્રમાણ હતું.

સંસ્કૃત 'મહાભારત'માં દ્રૌપદીને વિભિન્ન દેવી-દેવતાઓનો અવતાર દર્શાવવામાં આવ્યો છે. આદિ પર્વમાં દ્રૌપદીને દેવી શચીનો આંશિક અવતાર માનવામાં આવે છે. વેદવ્યાસ તેમને 'શ્રી' અથવા 'દેવી શ્રી' ના રૂપમાં વર્ણવે છે. હાલની જીવિત પરંપરાઓમાં મહારાણી દ્રૌપદીને દેવી કાલીનો અવતાર માનવામાં આવે છે. દેશના એક ભાગમાં 'દ્રૌપદી અમ્માન સંપ્રદાય' અર્થાત્ દ્રૌપદી ભક્તિ સંપ્રદાય પણ છે અને ગામડાંના લોકો તેમની પૂજા પણ કરે છે. એ લોકો દ્રૌપદીને દેવી કાલીનો અવતાર માને છે. દ્રૌપદી અમ્માન મંદિરોમાં અગ્નિ પ્રગટ કરી તેની પર ચાલવાની એક પરંપરા પણ છે. બેંગ્લોરના એક મંદિરમાં દ્રૌપદીને આદિશક્તિ અને દેવી પાર્વતીના અવતાર તરીકે પૂજા કરી ઉત્સવ મનાવાય છે. ભારતમાં આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક જ્યારે અન્ય દેશોના જેવા કે શ્રીલંકા, સિંગાપુર, મલેશિયા, મોરેશિયસ, રિયુનિયન અને દક્ષિણ આફ્રિકામાં દ્રૌપદીને સમર્પિત ૪૦૦ થી વધુ મંદિરો છે. ખાસ કરીને વનિયાર જાતિના લોકો આ ક્ષેત્રોમાં દ્રૌપદીની પૂજા કરે છે અને દિવસો સુધી તહેવાર મનાવે છે.

'મહાભારત' શ્રેણીમાં ભારત વર્ષની સૌથી શક્તિશાળી નારી દ્રૌપદીનો રોલ કરનાર સુપ્રસિદ્ધ અભિનેત્રી રૂપા ગાંગુલી કહે છે, "દ્રૌપદીનો રોલ મારા વાસ્તવિક જીવન માટે એક રિહર્સલ સમાન હતો."

■ ■ ■



નવી દિશા... નવા વિચાર...
સહકારથી સમગ્ર સમાજની સેવા
જય સહકાર... જય કિસાન...
દિનેશભાઈ પટેલ
ઈન્ચાર્જ સેક્રેટરી
અરવિંદભાઈ પટેલ
વા. ચેરમેન
દિનેશભાઈ પટેલ
ચેરમેન
તથા ડિરેક્ટરગણ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા
APMC
UNJHA

## સમાજ સૃષ્ટિ



**શ્રી શ્રુતપ્રજ્ઞ સ્વામી**
લેખક આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક વક્તા છે.

# સમય અનુસાર પરિવર્તન જરૂરી

ગૌરશેખર ભટ્ટાચાર્ય નામના પ્રસિદ્ધ શ્રીમંત, ચિંતક અને લેખકે પોતાના સંયુક્ત પરિવારને જે રીતે ચલાવ્યો એ આશ્ચર્ય પમાડે એવી ઘટના છે. એમના પરિવારમાં ૬૦-૭૦ સભ્યો હતાં. યુવાનોમાં કોઈ પુરાણપંથી હતા, કોઈ ભગવદ્-ભક્ત હતા, કોઈ રાષ્ટ્રીય સેવક હતા અને કોઈ બિલકુલ આધુનિક સૂટ-બૂટધારી હતા. ભટ્ટાચાર્યજી રોજ સવારે વહેલા ઊઠી મંદિરે જતા અને પછી લખવા બેસી જતા. પરંતુ યુવકોમાંથી કોઈનો પરિવાર ઘણો મોડો ઊઠતો, તો કોઈનો પરિવાર રાતના હોટલથી મોડો ઘેર આવતો. આવી ટેવોને કારણે એમના અનેક મિત્રો ભટ્ટાચાર્યજીને ઠપકો આપતા કે તમારો પરિવાર તો અનુશાસનહીન અને ઉચ્છૃંખલ છે. તમે અંકુશ કેમ નથી રાખતા?

ભટ્ટાચાર્યજી ત્યારે કહેતા : 'બંધુ, સંયુક્ત પરિવાર ઉપર મારો એટલો જ અંકુશ છે કે અમે પારંપરિક ઉત્સવ, જન્મદિવસ, વિવાહ વગેરે સૌ એક રીતિ-નીતિથી એકસાથે મનાવીએ છીએ. જેઓ આંગણામાં બેસી મારી સાથે ભોજન કરી શકે તેઓ એકીસાથે બેસી ભોજન કરે, પરંતુ કોઈને બહાર જવું હોય કે બીજે ક્યાંય જઈ ભોજન કરવું હોય તો તેઓ તેમ કરવા સ્વતંત્ર છે. હું જાણું છું કે વધુ પડતો અંકુશ રાખવાથી વિદ્રોહ ઊભો થશે, અપરાધો જન્મ લેશે. અને બીજું, જૂની પેઢી આ જ કારણને લીધે તો અસહ્ય થઈ જાય છે. એ એમ સમજે છે કે જેમ અમે વિચારીએ, એવી રીતે જ બધાંએ વિચારવું જોઈએ. અમે વિચારીએ એજ માર્ગ સાચો, બીજાં વિચારે એ માર્ગ સાવ ખોટો.'

જરા વિચારો સત્યનું આ કેટલું વિલક્ષણ રૂપ છે! એટલે તો બે પેઢીઓ વચ્ચેનું અંતર વધી રહ્યું છે, જેના પરિણામે બંધનો ઢીલાં પડી રહ્યાં છે. જૂની પેઢી જે પોતાની વિચારધારાને જ સાચી માને અને એમ ઇચ્છે કે બધા લોકો એમના વિચાર પ્રમાણે જ ચાલે, તો વૃદ્ધજનોને અપ્રિયતાનો ભોગ બનવું પડશે અને નવી પેઢીથી કપાઈ જવું પડશે. સમય અનુસાર પરંપરાગત વિધિ-વિધાનોમાં બદલાવ લાવવો જ પડશે, તો જ ઘરમાં સૌ શાંતિનો શ્વાસ લઈ શકશે અને પ્રેમથી એકબીજાનાં કાર્યમાં મદદરૂપ થઈ શકશે. અમુક સમયે વડીલોએ પોતાનાં વિચારો અને વર્તનને પોતાનાં બાળકોના જીવનને અનુરૂપ વળાંક આપવો જોઈએ. બાળકોનાં કાર્યો અને પ્રવૃત્તિઓમાં રસ લેવાથી તેમનું જીવન તો સરસ બને જ છે, સાથોસાથ તેઓ બાળકોને તેમની વધુ નજીક લાવી શકે છે.

એક વખત હું કોઈ વિશેષ કાર્ય માટે યાત્રા પર ગયો. ત્યાં એક પરિવારને ત્યાં રોકાવાનું થયું. એ પરિવારનું વાતાવરણ એટલું બધું સરસ હતું કે એક વાર તમે સ્વર્ગને પણ ભૂલી જાઓ. વડીલો પ્રત્યે પૂજ્યભાવ, વડીલોનો પુત્રો-પૌત્રો પ્રત્યે સ્નેહભાવ, મહેમાનો પ્રત્યે આદરભાવ, કોઈ પણ પ્રશ્ન કે મૂંઝવણની એકસાથે બેસી મુક્તમને ચર્ચા - આવી કેટલીય વાતો આવકારપાત્ર હતી. આ બધા સદ્‌ગુણો પાછળનું કારણ શું હશે એવો વિચાર મારા જિજ્ઞાસુ મનમાં આવવા લાગ્યો. ત્યાં જ અચાનક મને એનું કારણ મળી ગયું.

તે વખતે ક્રિકેટમૅચ ચાલતી હતી ને છોકરાઓ સહુ કાન આગળ રેડિયો રાખી કૉમેન્ટ્રી સાંભળતા હતા, ત્યારે ૬૫ વર્ષની આસપાસની ઉંમરના એ ઘરના વડીલ અવારનવાર તેમના પૌત્રને સ્કોર પૂછ્યા કરે અને ક્રિકેટને લગતી ચર્ચા કર્યા કરે, એ જોઈ હું તો નવાઈ પામી ગયો. એમનો એ પૌત્ર બહાર જતાં એ વડીલને હું પૂછી બેઠો : 'વડીલ, તમને હજુયે આ ઉંમરે ક્રિકેટ વિશે બેહદ રસ હોય એવું લાગે છે!' ત્યારે એ વડીલે જે જવાબ આપ્યો, તે આજેય હું ભૂલ્યો નથી.

ભાઈ, રસ તો આવડી ઉંમરે શું હોય, પરંતુ મને-કમને રસ ધરાવવો પડે છે, કારણ કે જો અમે વડીલો અમારી જૂની-પુરાણી વાતો જ એમની સાથે કર્યા કરીએ, તો એ લોકો એનાથી કંટાળી જાય, દાદા પાસે આવતા બંધ થઈ જાય અને કદાચ નફરત કરતા પણ થઈ જાય. આ સંજોગોમાં એમને ગમતી વાતો એમની સાથે કરવી અને એમાં રસ ધરાવવો શું ખોટો ? એના પરિણામે ઘરમાં મુક્ત વાતાવરણ સર્જાય છે અને ઘરનાં બધા સભ્યો એકબીજા પ્રત્યે સાચી લાગણી ધરાવતાં થાય છે. આથી ઘરમાં ક્યારેય ઝઘડા થતા નથી, એકબીજા પ્રત્યે પ્રેમભાવ ખૂબ વધે છે અને સૌથી મોટો ફાયદો એ કે જૂની નવી પેઢી વચ્ચે ઘર્ષણની જે ફરિયાદ આજકાલ ઘેરઘેર જોવા-સાંભળવા મળે છે. તે આ ઘરમાં તમને ક્યારેય જોવા નહિ મળે.'

મારા મનમાં વિચાર આવ્યો કે દરેક ઘરનાં વડીલો આવી જીવનરીતિ અપનાવે તો કેટલું સારું! હું સૌ વડીલોને ક્રિકેટમાં રસ લેવાનું નથી કહેતો, એ તો એક પ્રસંગ-માત્ર છે, પણ બાળકો સાથે બાળકો જેવાં થઈ જઈએ અને એમને રુચિકર લાગતા વિષયો વિશે જો ચર્ચા-વિચારણા કરીએ, તો ઘણી બધી સમસ્યાઓનું સમાધાન થઈ જાય એવું મને જણાય છે.

**કાંટા નહિ, ફૂલ બનો :**

વૃદ્ધાવસ્થામાં વડીલોએ વિચારોમાં પરિવર્તન લાવવું જરૂરી છે; પરંતુ માત્ર વડીલોએ જ નહિ, ઘરના દરેક સભ્યે સમય અનુસાર વિચાર, વ્યવહાર અને સ્વભાવમાં બદલાવ લાવવો અનિવાર્ય છે. ઘરની શાંતિમાં માણસનો સ્વભાવ સૌથી વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રેમાળ અને ઉદાર સ્વભાવ સૌનાં દિલ જીતી લે છે અને એથી ઊલટું ક્રોધી, કંજૂસ અને શંકાશીલ સ્વભાવ ઘરની શાંતિનો ભંગ કરે છે.

મહાકવિ મિલ્ટન અંધ હતા, પરંતુ કવિ તરીકે એમની ખ્યાતિ ખૂબ ફેલાઈ હતી. એમની કાવ્ય-કલાથી પ્રભાવિત થઈને એક રૂપવતી સ્ત્રીએ લગ્નનો પ્રસ્તાવ એમની સામે મૂક્યો. ભાવુક મિલ્ટને તરત જ મંજૂરી આપી દીધી, પરંતુ લગ્નના કેટલાક દિવસ પછી એમને ખબર પડી કે તેમની પત્ની એક ઝઘડાળુ સ્ત્રી છે. એક દિવસ મિલ્ટનનો એક મિત્ર એમને મળવા આવ્યો. એ એમની સુંદર, રૂપાળી પત્નીને જોઈને પ્રશંસાના અવાજે બોલી ઊઠ્યો : 'મિસ્ટર મિલ્ટન, તમારી પત્ની તો એકદમ ગુલાબ જેવી લાગે છે!' મિલ્ટને એક ઊંડો શ્વાસ લેતાં કહ્યું : 'તું સાચું કહે છે, મિત્ર! પરંતુ મને તો હજુ સુધી એના કાંટા જ વાગ્યા કરે છે. ફૂલની ખુશબૂ ક્યારેય માણી શકીશ કે નહિ, કહી નથી શકતો.'

પોતાના પતિની ટિપ્પણી સાંભળીને તે સ્ત્રીને પોતાની ભૂલ સમજાઈ અને તે જ દિવસથી તેણે પોતાનો સ્વભાવ બદલી નાખ્યો. માટે ક્યારેય કાંટા જેવો સ્વભાવ ન રાખો, સ્વભાવને ફૂલ જેવો સુગંધીદાર અને આકર્ષક બનાવો.

જે શાંતિ હજારો ઉપાયથી નથી મળતી તે માત્ર સ્વભાવને મધુર બનાવવાથી પ્રાપ્ત થઈ જાય છે.

સારો અને મધુર સ્વભાવ કોને કહેવાય તથા સ્વભાવને મધુર બનાવવા શું કરવું જોઈએ એ આપ સૌ હવે પછીના લેખમાં જાણી શકશો. ■

## સમાજ સૃષ્ટિ



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવૉર્ડથી વિભૂષિત છે.

# જીવનને વ્યાકુળ બનાવતો 'બોરડમ' નો બોજ !

જીવનમાં સૌથી વધુ પ્રાપ્તિ થતી હોય તો તે ચિંતાની છે ! ધનપ્રાપ્તિ, જ્ઞાનપ્રાપ્તિ કે સુખપ્રાપ્તિ કે પછી કોઈપણ 'પ્રાપ્તિ' જીવનમાં હોય, છતાં સૌથી મોખરે તો ચિંતા પ્રાપ્તિ હોય છે. ચિંતામુક્ત જીવન વિશે વ્યાખ્યાન આપો, તો આખો સભાખંડ છલોછલ છલકાઈ ઊઠે અને એને વિશે ગ્રંથ લખો, તો એ બેસ્ટ સેલર બની જાય ! ચિંતા એ માત્ર આ યુગની દેન નથી, દરેક યુગમાં દરેક માનવીના માથે એક યા બીજી ચિંતા સવાર થતી રહી છે. જમાનો બદલાય, તેમ ચિંતાનો વેશ બદલાય, પણ એક યા બીજા રૂપે ચિંતા તો ઠરીઠામ જ ! ચિંતાને ભલે તમે ચિતા સમાન ગણતા હો, પણ જીવતો માણસ વારંવાર આ ચિતામાં ઝંપલાવતો હોય છે. પશુઓ જેમ ખોરાક વાગોળે છે, એનાથીય વધારે માનવી પોતાની ચિંતાને સતત વાગોળતો હોય છે.

આથી રશિયાના પ્રસિદ્ધ નવલકથાકાર અને નવલિકાકાર મૅક્સિમ ગૉર્કીએ જ્યારે અમેરિકાનાં પ્રસિદ્ધ જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી, ત્યારે ભોમિયાએ એમને જનમનરંજનને માટે ઊભા કરેલા જુદા જુદા પાર્ક, વર્લ્ડ કે મનોરંજન પીરસતાં ગૃહો બતાવ્યાં. અપાર સમૃદ્ધિમાં આળોટતા અમેરિકાની વિદાય લેતાં કોઈએ ગૉર્કીને પૂછ્યું, 'અમેરિકામાં આટલાં બધાં મનોરંજનનાં સ્થળો અને સાધનો જોયા પછી તમને એમ લાગતું હશે કે આ દેશની પ્રજા કેટલી બધી સુખી અને આનંદી છે, ખરું ને !' ત્યારે મૅક્સિમ ગૉર્કીએ જવાબ આપ્યો, 'જે દેશની પ્રજાને મનોરંજન મેળવવા માટે આટલાં બધાં સ્થળો બનાવવાં પડે, સાધનો રાખવાં પડે અને જાતજાતના કાર્યક્રમો યોજવા પડે, એ દેશની પ્રજા હકીકતમાં કેટલી બધી દુઃખી અને ચિંતિત હોવી જોઈએ, તેનો વિચાર કરું છું.'

ચિંતાના પ્રમાણનો વિચાર કરીએ તો ગરીબો પાસે ચિંતાને પચાવીને જીવવાની વધુ શક્તિ હોય છે. અમીરોને હંમેશાં ચિંતાનો આફરો ચડેલો હોય છે. દેશનો ગરીબમાં ગરીબ માણસ સાંજે ભજન-ભક્તિ કરતો હોય, મિત્રો સાથે ભેગા મળીને ટોળ-ટપ્પાં લગાવતો હોય કે પછી કુટુંબ સાથે લૂખું-સૂકું ભોજન કરતો હોય, પણ એ સમયે તો એ એની ચિંતાથી સર્વથા મુક્ત હોય છે. ગરીબની ચિંતા એના ખિસ્સામાં હોય છે, અમીરની ચિંતા એના હૃદય પર હોય છે.

ગરીબ પોતાની ચિંતામાં બીજાને બહુ ભાગીદાર બનાવતો નથી. શ્રીમંતને પોતાની ચિંતા બીજાને વહેંચવાની બહુ ઈચ્છા હોય છે. એને સમૃદ્ધિની સિદ્ધિ મેળવવા માટે ચિંતાનું આવરણ ઓઢ્યું હોય છે. પ્રાપ્ત થયું છે તેના સંતોષને બદલે શું પ્રાપ્ત કરવું છે તેનો અસંતોષ તેને ઘેરી વળે છે અને સમય જતાં એ એનું સ્વપ્ન કહો તો સ્વપ્ન, ધ્યેય કહો તો ધ્યેય અને મહેચ્છા કહો તો મહેચ્છા, એ એના જીવનમાં ચિંતા અને સ્ટ્રેસરૂપ બની જાય છે.

વિસ્મરણને બદલે સ્મરણ એ ચિંતાની જીવાદોરી છે. જો તમે ચિંતાનું સમૂળગું વિસ્મરણ કરી દો, તો આપોઆપ એ જીવનમાંથી અલોપ થઈ જશે. અમેરિકામાં અશ્વેતોની કારમી ગુલામીને વખતે વૉશિંગ્ટન કાર્વરે ખંત અને પરિશ્રમથી અભ્યાસ કરીને અધ્યાપકની નોકરી મેળવી ત્યારે એક અશ્વેતને માટે આ ઘણી મોટી સિદ્ધિ હતી. એણે વૈજ્ઞાનિક દૃષ્ટિ રાખીને કરેલા પ્રયોગોને પરિણામે એ સમયે મગફળીનું ઉત્પાદન વધારી દીધું અને રંગ, રસાયણ, દવાઓ અને કપડાં જેવી સેંકડો વસ્તુઓ બનાવીને જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વરે હબસીઓ માટે એક ઋષિ સમાન કાર્ય કર્યું.

કાર્વરે પોતાની આખી જિંદગીની બચતને થાપણ રૂપે બેંકમાં મૂકી હતી, પણ બેંક ફંડચામાં જતાં ચાલીસ હજાર ડૉલરની સઘળી બચત રાતોરાત ગુમાવી બેઠા. આની જાણ થતાં એમના એક સ્નેહીએ નિરાશાભર્યા સૂરે એમ કહ્યું, 'ઓહ ! તમે તો દેવાળિયા બની ગયા છો.'

'શું કહો છો ? મેં પણ આવું કંઈક સાંભળ્યું છે.' આટલું કહી જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર પોતાના સંશોધનમાં ડૂબી ગયા. એમણે આ વાતને પોતાના મનમાંથી રૂખસદ આપી દીધી હતી અને વિશેષ તો એમની જાતને નવાં નવાં સંશોધનોમાં ડુબાડી દીધી હતી. પોતાની જાતને પોતાના કાર્યમાં ઓગાળી દેનાર વ્યક્તિને ચિંતા કશું કરી શકતી નથી.

લાલબહાદુર શાસ્ત્રીને રાષ્ટ્રની સેવાના સમયે આર્થિક ભીંસ હોવા છતાં એણે ક્યારેય ચિંતાનું રૂપ લીધું નહોતું. આલ્બર્ટ આઈન્સ્ટાઈન કે થોમસ આલ્વા ઍડિસન જેવા વિજ્ઞાનીઓનાં જીવન જોઈએ તો ખ્યાલ આવે કે એમને એમનાં સંશોધનોને માટે મબલખ સમય હતો, પરંતુ ચિંતા કરવા માટે એક ક્ષણ પણ નહોતી.

જ્યારે વ્યક્તિ પોતાના કાર્યમાં એકરૂપ થઈ જાય છે ત્યારે ચિંતાને ચિત્તવટો મળે છે. આમેય ચિંતાને રહેવા માટે આળસુ અને પ્રમાદી લોકોનું ઘર વધુ ફાવે છે. વ્યક્તિ પોતાના ચિત્તને પોતાના કાર્યમાં એકાગ્ર કરે એટલે આપોઆપ ચિંતાનાં જામેલાં સઘળાં વાદળો વિખેરાઈ જાય છે. કાર્યમાં વ્યસ્ત મનને બીજી બાબતો વિશે વિચારવાનો કોઈ મોકો મળતો નથી. શત્રુની સેના પર હુમલો કરવા જતું સૈન્ય કે પર્વતનાં એક પછી એક શિખરોને આંબી જવા મથતો પર્વતારોહક ક્યારેય ચિંતાનો શિકાર બનતો નથી.

વ્યક્તિ ચિંતાનો શિકાર બનતી નથી, પરંતુ ચિંતા ગાફેલ વ્યક્તિનો શિકાર કરે છે. એકવાર વ્યક્તિના આળસુ, પ્રમાદી કે કામ વિનાના ચિત્તમાં ચિંતા પ્રવેશે, પછી એ એના પર પોતાનો કબજો જમાવી દે છે. પછી એના જીવનમાં સ્થાયીભાવ રૂપે ચિંતા હશે. ડાયાબિટીસનો દર્દી પોતાના રોગ વિશે સતત સભાન હોય છે. કોઈ લગ્ન-સમારંભમાં મઘમઘતી મીઠાઈ જુએ અને મોંમાંથી પાણી છૂટે છતાં એ લાચારીભર્યા સ્વરે એમ કહેશે કે, 'ડાયાબિટીસ છે, માટે ખાઈ શકતો નથી.'

આ તો ઠીક, પરંતુ એ સાંજે કોઈ બગીચામાં લટાર મારવા નીકળ્યા હોય અને સામેથી કોઈ મિત્ર પૂછે કે, 'તમે કેમ છો ?' અને એના ઉત્તર રૂપે કહે, 'ડાયાબિટીસ હમણાં કાબૂમાં રહેતો નથી.' એ મિત્રએ ડાયાબિટીસનું પ્રમાણ જાણવા માટે ખબર પૂછી નથી, માત્ર આ તો એમની ઔપચારિક રજૂઆત હતી પણ એ રીતભાત પણ એને માટે રોગની ચિંતાનું પ્રગટીકરણ બની રહે છે. આપણે પણ આપણી આવી ચિંતાઓ આ પ્રકારે અભિવ્યક્ત કરીને એને વારંવાર આલિંગન તો કરતા નથી ને ? ■



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# પતિ - પત્ની વચ્ચે વાતચીત વગરનું મૌન ક્યારેક અગાધ પ્રેમનું ઉંડાણ હોઈ શકે છે

**ઉમાસૃષ્ટિ મેગેઝીનમાં નિયમિત આર્ટિકલ - લેખ લખતા રસિક પટેલનું પુસ્તક 'આંટીઘૂંટી' તાજેતરમાં પ્રકાશિત થયું છે. આ બુકનું વિમોચન પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ, શ્રી રાઘવજી માધડ, રક્ષાબહેન શુકલ અને શ્રી હરદ્વાર ગોસ્વામીના હસ્તે કરવામાં આવ્યું. આ માટે લેખકને અભિનંદન.**

પતિ - પત્નીના અગાધ પ્રેમનું ઉંડાણ ક્યારેક બન્ને વચ્ચેના મૌનમાં સમાયેલું હોય છે. મૌન એટલે બન્ને પાત્રો વચ્ચે અબોલા નહિ... કારણ કે મૌન અને અબોલામાં બહું મોટો ફરક છે. એક પાત્ર વિદેશ હોય ત્યારે વાતચીતનું મુખ્ય માધ્યમ વિડિયો કોલ હોય છે. એક ક્ષણ એવી આવે કે ચાલુ વાતચીતમાં બન્ને વચ્ચે મૌન છવાઈ જાય... બન્નેમાંથી કોઈ કશું જ બોલે નહીં... બસ બન્ને એકબીજાને જોયા કરે...કવિઓ કહે છે કે આ એજ ક્ષણ છે કે બન્ને દૂર હોવા છતાં બન્ને એકબીજાની ખૂબ નજીક હોય છે. બન્ને વચ્ચે એક આભા પ્રસરેલી હોય છે અને આ આભામંડળના સ્નેહાળ ભાવમાં બન્ને ભીંજાતા રહેતા હોય છે. બન્ને એકબીજા સાથે વાત કરીને પોતાનો ભાર ઓછો કરતા હોય છે...હળવા થઈ જતાં હોય છે.

પતિ - પત્નીનું સાથે ચાલવા જવું અને રસ્તો માપતા જવું એ જીવનને માપતા જવા જેવું છે. જોડે રહેવું અને જોડે ચાલવું એ આત્મીયતા ઉભી કરે છે...સાનિધ્ય..હૂંફ ઉભી કરે છે. બન્ને વચ્ચેનો ખટરાગ જોડે ચાલવાથી દૂર થાય છે. બે પતિ - પત્ની જ્યારે જોડે ચાલતા હોય છે ત્યારે રસ્તાને સાથે લઈને ચાલતા હોય છે અને જીવનને પણ જોડે લઈને ચાલતા હોય છે. રસ્તો માપતા માપતા બન્ને જીવનની આંટીઘૂંટીઓ અને ગૂંચોને પણ ઉકેલતા રહેતા હોય છે. સંયુક્ત ફેમિલીમાં રહેતી પત્ની માટે તો પતિનું જોડે ચાલવા આવવું તે ઘણું રાહત આપનારનું હોય છે. આખા દિવસની ભેગી થયેલી વાતો જે ઘરમાં ના થઈ શકે... તેવી વાતો જે ફક્ત પોતાના પતિને કહેવા ઈચ્છતી હોય છે તે ચાલતા ચાલતા કહી શકે છે અને પોતાનું હૈયું હળવું કરી શકે છે. જ્યાં તે પોતે અને ફક્ત પોતાનો પતિ જ હોય છે. ચાલતા ચાલતા... વાતો કરતા કરતા... બન્ને વચ્ચે જે સાનિધ્ય ઉભું થાય છે તે બન્નેના જીવનને મધુરતાથી ભરી દે છે. ચાલવાનો લય તેમના જીવનનો લય બની જાય છે. પતિ - પત્ની જોડે ચાલતા હોય છે ત્યારે બન્નેના હૃદય પણ...એકબીજાની હૂંફ માણતા હોય છે. બન્નેના હૃદયની ધડકનનો ધબકારો પણ જોડે ચાલતો હોય છે. ચાર પગ જ્યારે જોડે ચાલતા હોય છે ત્યારે ઘણીવાર રસ્તો પોતે થંભી જતો હોય છે અને બન્ને પતિ - પત્નીની વાતો સાંભળવામાં મશગૂલ - તલ્લીન થઈ જતો હોય છે.

પતિ - પત્નીના સબંધોમાં એકબીજા ઉપરનો ભરોસો લગ્ન જીવનની ઈમારતને મજબૂતાઈ બક્ષે છે. કોઈપણ પ્રકારનો સંદેહ કે શંકા આ ઈમારતને હલાવી દે છે. સંપૂર્ણ વિશ્વાસ સાથે આગળ વધતો સબંધ લગ્ન જીવનનો આધારસ્તંભ બની જાય છે. ભરોસો તૂટે એટલે લગ્ન જીવનની નૌકા ડોલવા માંડે છે અને ક્યારેક ડૂબી પણ જાય છે. સંવાદ એ લગ્નજીવનનું ઘરેણું છે તો સામે અબોલા એ લગ્નજીવન માટે ઘાતક સિદ્ધ થઈ શકે છે. જે સબંધોમાં વારંવાર ચોખવટો.. સ્પષ્ટતાઓ.. કરવી પડતી હોય તેવા સબંધોનું આયુષ્ય ખૂબ ટૂંકું હોય છે. અઢળક પ્રેમ...સમર્પણ... એકબીજા માટેનો ત્યાગ, લગ્ન જીવનને ઉચ્ચ શિખરે પહોંચાડે છે. એકબીજાથી કંઈ પણ છુપાવ્યા વગરના...જૂઠ જ્યાં પ્રવેશ કરી ના શકે તેવા સાચુંકલા સ્વચ્છ નિર્મળ પતિ - પત્નીના સબંધો ઉંચાઈ પ્રાપ્ત કરે છે અને તેવા સબંધો એક રોલ મોડેલ બની જાય છે, એવા જ સબંધો બેમિસાલ અને સુંદર જીવન આપે છે અને બન્ને પાત્રોને સુખદ અનુભૂતિ કરાવે છે.

પતિ - પત્નીના નાજુક સબંધોમાં જ્યારે "ચાલાકી" પ્રવેશ કરે છે ત્યારે હૂંફાળા સબંધો તેની નિર્દોષતા ગુમાવી દે છે. બન્ને પાત્રો વચ્ચે જ્યારે હુકમનું પાનું કે વર્ચસ્વ જમાવવાની લડાઈ ચાલુ થાય છે ત્યારે અહમ્‌નો ટકરાવ થતો હોય છે. બંધ મુઠ્ઠીના સબંધો કરતા ખુલ્લી મુઠ્ઠીના સબંધોનું આયુષ્ય ઘણું લાંબુ હોય છે કારણ કે તેમાં કપટ હોતું નથી. "ચાલાકી" ની જગ્યાએ સમર્પણ અને ત્યાગની ભાવના લગ્ન જીવનને એક આગવી ઉંચાઈ ઉપર પહોંચાડે છે. ક્યારેક વધારે પડતી ચાલાકી લગ્ન જીવનના ભંગાણનું કારણ પણ બની જાય છે. માણસનું ભોળપણ ક્યારેક પ્રેમનું ઉદ્‌ભવ બિંદુ બની જાય છે. કોઈ પુષ્પ ઉપર જેમ કોઈ અંકુર ફૂટે તેમ પ્રેમનું અંકુર ફૂટવાનું નિમિત્ત પણ માણસનું ભોળપણ બની જતું હોય છે. આપણે જેવા છીએ તેવા જ આપણે દેખાઈએ છીએ ત્યારે આડંબર... દેખાદેખી આપણા વ્યક્તિત્વથી જોજનો દૂર રહે છે, જે ઉપર ઉપર દેખાતું હોય છે તે ઘણીવાર અંદર હોતું નથી. જેમ કે નાળિયેર ઉપર ઉપરથી કઠોર રુક્ષ હોય છે પરંતુ તેની અંદર મુલાયમ મલાઈ અને મીઠું પાણી ઉપલબ્ધ હોય છે. નિર્દોષ અને ભોળા માણસનું વ્યક્તિત્વ બસ આવું જ કંઈક હોય છે તે નિર્વિવાદ છે. ■

મો. ૯૮૨૫૦ ૧૪૦૬૩

## કલા સૃષ્ટિ



**અશોક ખાંટ - વલ્લભ વિદ્યાનગર**
લેખક વાસ્તવદર્શી ચિત્રકાર,
લલિતકલા અકાદમી ગૌરવ પુરસ્કાર વિજેતા,
વિશ્વના ૬૩ દેશમાંના એક શ્રેષ્ઠ ચિત્રકાર તરીકે સ્થાન પામ્યા છે

# ગુજરાતના કળા જગતમાં પાટીદારોનું પ્રદાન

**એ**ક ગુજરાતી તરીકે પાટીદાર કુળમાં જન્મેલા અને કલાક્ષેત્રે રાષ્ટ્ર તેમજ આંતર-રાષ્ટ્રીય કક્ષાએ અસાધારણ પ્રતિભા તરીકે ઉભરી આવેલા સર્જકોની સંખ્યા જૂજ છે. જો કે પાટીદાર વર્ગ ખેતી વ્યવસાય સાથે જોડાયેલ હોવા છતાં વિવિધ વ્યવસાય, ઉદ્યોગ, ઉચ્ચ શિક્ષણ અને રાજકીય ક્ષેત્રે હરણફાળ પ્રગતિ જરૂર કરી છે. બીજી તરફ નજર કરીએ તો સર્જનાત્મક વિષયો પર પાટીદાર વર્ગનું ખેડાણ ઓછું છે. પહેલાના સમયમાં મોટાભાગના મધ્યમવર્ગીય ખેડૂત પરિવારોનું સંયુક્ત પારિવારિક જીવન સરળ, સાદું, મહેનતકશ તેમજ સંતોષી હતું. ઈર્ષા, હરિફાઈ કે દ્વેષભાવ વિના નાના-મોટાનો કોઈ ભેદભાવ જોવા મળતા નહિ. પાડોશ-ફળિયામાં સૌ કોઈ ભાઈચારાથી જીવન જીવતા અને આનંદિત રહેતા. આજે ગામડાઓમાં વસતા મોટાભાગની વ્યક્તિઓને પૈસા કમાવા મહાનગરો તરફ દોટ મૂકવા લાલસા જાગી છે. આ દોડમાં પારિવારિક તેમજ પારંપારિક સબંધો, સંસ્કારો, ભાવનાત્મક વ્યવહારો ભુલાતા જાય છે. જીવનનો એક ધ્યેય માત્ર ભૌતિક સુખ-સગવડો પ્રાપ્ત કરવાનો બની રહ્યો છે. ગાડી, બંગલા કે કરોડોના ફ્લેટ ખરીદવા તેમજ દેખાદેખીની અસરતળે પાર્ટી-પ્લોટોમાં નાના-મોટા સમારંભો યોજવાની જાણે ફેશન બની ગઈ છે. લોનના દેવા તળે પીસાતો અને માનસિક તાણ અનુભવતો મધ્યમવર્ગીય પરિવારનો મોભી આમ છતાં હસતું મોં રાખી પોતાને સુખી સમજવા અંદરથી મન મનાવી લેતો હોય છે.

માણસના ચિત્તમાં થતી સર્જનાત્મક અનુભૂતિ એટલે વિવિધ કળાઓને માણવા ભીતરમાં થતી અદૃશ્ય હલચલ ! આવી સર્જનાત્મક હલચલ મનુષ્યની ચેતનાઓ દ્વારા હૃદયમાંથી નીપજેલી લાગણીઓમાં હોય છે. જીવનનો સાચો માનસિક આનંદ માણવાની પ્રવૃત્તિથી કેટલાક લોકો આ પ્રકારના ક્ષેત્રોથી ગરિમાથી બિલકુલ અજાણ હોય છે. વૈચારિક રીતે પણ તેઓ જોજનો દૂર હોય છે. આપણે ત્યાં સામાજિક જીવનરીતિમાં વણાયેલી કળાઓ સંગીત, સાહિત્ય, ચિત્ર, શિલ્પ, નૃત્ય, અભિનય, છબીકલા, લોકગાયકી વિગેરેને વ્યવસાયિક કે વ્યાપારિક ક્ષેત્રે ખાસ મહત્ત્વ અપાતું નથી. આવી કળાઓની સાધના કરવાથી વ્યક્તિઓ તેમના વિષયમાં નિપુણ કે સિદ્ધહસ્ત તો જરૂર બને છે. પરંતુ પોતાના ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા તેઓએ કર્મશીલ બની કંઈક બનવા પાછળ આખી જિંદગી પણ ખર્ચવી પડે છે. બીજા ક્ષેત્ર કરતાં અહીં આર્થિક કમાણીના સ્રોત પૂરતા શક્તિશાળી નથી હોતા. આ કારણે સર્જનાત્મક ક્ષેત્રમાં ડૂબેલા વ્યક્તિઓના ભાગે જીવનસંઘર્ષ સાવ સહજ બની આસાનીથી પ્રવેશ કરતો હોય છે. એટલે જ સમજવા જેવી આ વાસ્તવિકતા એવી છે કે જે સર્જકો રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે પૂર્ણ રીતે સફળ થયા છે તેઓની સંખ્યા ઓછી છે. પાટીદાર સમાજમાં આ ખોટ ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારને કાયમ સ્પર્શી છે.

અંગ્રેજોના શાસનમાં ગુજરાતમાં ચિત્રકલા વિષય પર વિશેષ પવન ફૂંકાયો ન હતો. ચિત્રકારી કરવી એટલે 'દુકાનના પાટિયા ચિતરનાર પેઈન્ટર' એટલે સુધીની જ સમજ આપણા સમાજમાં પ્રવર્તતી હતી. ભારતની આઝાદી બાદ ગુજરાતના કલાગુરુ તરીકે પછીથી સ્થાન પામનાર પદ્મશ્રી રવિશંકર રાવળે ચિત્રકલા વિશે ઉપરોકત છાપ ધરાવતી માનસિકતાનો છેદ ઉડાડ્યો. તેમણે અમદાવાદમાં અનેક નામી-અનામી શિષ્યોને 'ગુજરાત કલાસંઘ સ્થાપી' કલાશિક્ષણ આપ્યું. 'કુમાર' મેગેઝીન દ્વારા કલાની સાચી વ્યાખ્યા કલા અને સાહિત્ય સર્જકોને પીરસી. ગુજરાતી કલાકારોની ગરિમાને રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરે વિશેષ ગૌરવ અપાવવા ખૂબ પ્રયત્નો કર્યા. રાજ્યમાં વિવિધ સ્થળે કલાશાળાઓ સ્થપાઈ અને લલિતકલાનું શિક્ષણ આપવા આ સંસ્થાઓ કટિબદ્ધ બની. સમાજની વિવિધ જ્ઞાતિઓના કલાકારો શિક્ષિત થઈ શ્રેષ્ઠ સ્થાન પામ્યા. આજે આપણે ગુજરાતના ચિત્રકલા ક્ષેત્રે લેઉવા/કડવા પાટીદાર કલાકારોના પ્રદાન વિશે થોડી વાત કરીશું. જેઓએ વિશેષ ખ્યાતિ પ્રાપ્ત કરેલ છે તેમનો ટૂંકો પરિચય અને કલાક્ષેત્રે જેઓ કાર્યરત કલાકારો છે, તેમના નામની નોંધ અહીં મૂકી છે.

૧૯૩૦માં જન્મેલા ચરોતર પ્રદેશના સોજીત્રાના વતની જેરામ પટેલનું નામ ચિત્રકલા ક્ષેત્રે અગ્રક્રમે આવે. મુંબઈની જે.જે. સ્કૂલ ઑફ આર્ટમાં કલા - અભ્યાસ કરી કાષ્ઠ માધ્યમ પર બ્લોટૉર્ચનો ઉપયોગ કરવાની પદ્ધતિ જાપાનમાં તેઓએ શીખેલી. ભારતમાં તેની પહેલ કરી. એમ.એસ.યુનિવર્સિટી, વડોદરામાં ફેકલ્ટી મેમ્બર તરીકે સેવાઓ આપી અનેક વિદ્યાર્થીઓને કલા શિક્ષણ આપ્યું. તેઓ અમૂર્તતાવાદી તરીકે જાણીતા બન્યા. તેમના મૃત્યુ પહેલા દિલ્હીની કિરણ નાદાર કલાવિથીએ જેરામ પટેલે સર્જેલા જીવનભરના બધા જ ચિત્રો કરોડોની રકમમાં ખરીદી લીધા.

૧૯૨૫માં જન્મેલા બાલકૃષ્ણ એટલે

# કલા સૃષ્ટિ

રવિશંકર રાવલની કલાશાળામાં તાલીમ લઈ શાંતિ દવે સાથે કામ કર્યું. વડોદરામાં એન.એસ. બેન્દ્રે પાસે અવૈધિક શિક્ષણ મેળવ્યું અને આધુનિક કલાના માર્ગ પર પગરણ કર્યા. ૧૯૫૭માં કેન્દ્રની લલિતકલા અકાદમી તેમજ ૧૯૬૯ અને ૧૯૭૮ ના બે રાષ્ટ્રપતિ એવોર્ડ તેમને પ્રાપ્ત થયેલા છે. કલાકૃતિઓની હરરાજી કરતી સોથબીઝ કંપની દ્વારા લંડન ખાતે આ ચિત્રકારનું ચિત્ર 'મેડિટેશન' વિક્રમી સંવત $8721 યુ.એસ.ડી. (અમેરિકન ડૉલર) માં વેચાયું હતું.

૧૯૪૭માં અમદાવાદ પાસેના નાનકડા ગામમાં જન્મેલા અમૃત પટેલે સી.એન.કૉલેજ ઓફ ફાઈન આર્ટ્સમાં ડિપ્લોમાં કલાભ્યાસ કર્યા બાદ વનસ્થલીમાં ફ્રેસ્કો અને ભીંત-ચિત્રોની તાલીમ લીધી છે. કેન્દ્રના કાપડ મંત્રાલયના વિવર્સ સર્વિસ સેન્ટરમાં તેઓ જોડાયા. રાષ્ટ્રીય લલિતકલા અકાદમી ઉપરાંત અન્ય ઈનામો સન્માનો પ્રાપ્ત કરનાર આ કલાકાર અમેરિકા, દિલ્હી અને ક્યારેક અમદાવાદમાં પણ વસવાટ કરતા હોય છે.

આ સિવાય ચિત્રકલા ક્ષેત્રે અજિત પટેલ, અશોક ખાંટ, દિનુ પટેલ, સુરેન્દ્ર પટેલ, છગનભાઈ પટેલ, જગદીશ વૈષ્ણાણી, જયંતિ રાબડિયા, જયંતી ગજેરા, સંતોકબા અને ભાનું દુધાત, અરવિંદ અને શારદા પટેલ, કનુ પટેલ, યશવંત પટેલ, ઉમેશ કયાડા, હરિભાઈ પટેલ (સાંસદ), હંસા પટેલ, કાનન ખાંટ, નરેન્દ્ર પટેલ, પ્રશાંત પટેલ, નટુ પટેલ, ચિંતન ઝાલાવાડિયા, નગીન પટેલ, શૈલેષ પટેલ, અલ્પેશ પટેલ, બિપિન પટેલ, આરતી પટેલ, ફાલ્ગુની વેકરીયા, સંદીપ અને મોના પટેલ, મનસુખ અને ચેતના ઘાડીયા, વિક્રમ પટેલ, ચંદ્રકાંત પટેલ, રમેશ બગસરિયા, તુષાર પટેલ, મુકેશ ધોળકિયા અને સુધાર ઘેવરિયા જેવા નામો ચિત્રકારી કલા જગતમાં અવારનવાર ચમકતા રહ્યા છે.

૧૯૧૦માં જન્મેલા પ્રાણલાલ પટેલ ફોટોગ્રાફીનાં વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેઓ આઝાદીની ચળવળમાં પણ જોડાયેલા. ગાંધી, નેહરુ અને સરદાર પટેલના અદ્ભુત ફોટોગ્રાફ્સ તેમની દૃષ્ટિએ કેમેરાના લેન્સ દ્વારા ઝડપાયા છે. છબીકલામાં વિશેષ પ્રદાન બદલ ભારત સરકારના માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા તેમનું લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ આપીને સન્માન કરવામાં આવેલ છે. તેમના પુત્ર આનંદ પટેલ પણ ઉચ્ચ કોટિના તસવીકાર છે. પાટીદાર તરીકે અન્ય છબીકારોમાં સુરેન્દ્ર પટેલ, ગૌતમ પટેલ, મોહન પટેલ, ડાહ્યાભાઈ પટેલ, અરજણ રાસડીયા, હીરાભાઈ અને મૂળજીભાઈ ઝાલાવાડીયા, બિપિન પટેલ, ભૂપેશ પટેલ, સુરેન અને આરતી પટેલ, રાજેશ પટેલ તેમજ કલબ લેબ અને ફોરકલર પ્રોસેસમાં કિશોર લાલાની, બાબુ ગજેરા, અરવિંદ ભાણવડિયા, અરવિંદ માંરડીયા, જીવન પટેલ, કિરીટ ફળદુનું વિશેષ પ્રદાન ગણી શકાય.

૧૯૨૫માં બોર્નિયો ઈન્ડોનેશિયામાં જન્મેલા અને મૂળ સોજીત્રાના વતની એવા પદ્મશ્રી કાંતિભાઈ પટેલ ગુજરાતના વાસ્તવિક શિલ્પકાર તરીકે આગવી ઓળખ ધરાવે છે. આઝાદીની લડતમાં તેઓએ જેલવાસ પણ ભોગવેલો. જે. જે. સ્કૂલ ઓફ આર્ટ, મુંબઈની તાલીમ મેળવી ભાઈકાકાના આમંત્રણથી તેઓએ વલ્લભ વિદ્યાનગરમાં અનેક વિભૂતિઓના શિલ્પો કંડાર્યા છે. જેમાં સરદાર પટેલના બસ્ટ અને લાઈફ ગુજરાત તેમજ ચરોતર પ્રદેશના મોટાભાગના ગામોમાં જોવા મળે છે. અમદાવાદમાં ચાંદલોડિયા વિસ્તારમાં તેમનો વિશાળ સ્ટુડિયો હતો, જે તેઓએ લલિતકલા અકાદમી દિલ્હીને ભેટ અર્પણ કરેલ. અનેક કલાકારો ઉપરાંત બંકીમ પટેલ જેવા શિલ્પકાર તેમના કામથી પ્રભાવિત છે.

૧૯૩૬માં સૌરાષ્ટ્રના ગોંડલ પાસેના અનીડા ગામે જન્મેલા રાઘવ કનેરિયાનું શિલ્પકલા તેમજ છબીલા ક્ષેત્રે વિશેષ પ્રદાન છે. તેઓની કલાકૃતિઓમાં કાસ્ટિંગ, ઔદ્યોગિક સ્ક્રેપ અને ટેરાકોટાનું એસેમ્બલ દેખાય છે. વિશ્વભરના અનેક મ્યુઝિયમ અને આર્ટ ગેલેરીઓમાં તેમની કૃતિઓ સચવાયેલી છે. ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારોના પ્રાપ્તકર્તા આ કલાકારના ભાઈ રમણિક કનેરિયા પણ શિલ્પકળામાં માહિર છે. તેમના અનેક શિષ્યો ખ્યાતિ પામ્યા છે. રતિલાલ કાંસોદરિયા, બીના પટેલ, જીતુભાઈ પટેલ ઉપરાંત અન્ય કાર્યરત શિલ્પકાર તરીકે નામાંકિત થયેલા દયાળ પટેલ, રાધા પટેલ, મમતા પટેલ, મુકેશ કલોલા, શૈલેષ પટેલ, રોહિત પટેલ તેમજ લાલજી પાનસુરીયા નામ અગ્રગણ્ય ગણી શકાય.

કલાકારો પોતાના સામાજિક જીવન અને સંસ્કૃતિ સાથે સંકળાયેલા હોય છે. કેટલાક અલ્લડ અને સ્વતંત્ર મિજાજ કે ડાબેરી વિચારધારા ધરાવતા કલાકારોને ભારતીય સમાજ સ્વીકારતું નથી. દરેકનો દસકો હોય છે એમ જીવનમાં કાર્યશીલ રહી પ્રગતિ કરવાનો પણ એક સમય નિશ્ચિત હોય છે. યુવાનીમાં મનમાં કંઈક કરવાની હામ હોય, એક-એક મિનિટનો યોગ્ય ઉપયોગ કરી સમયનો સદ્ઉપયોગ કરવાની ધગશ હોય, આ સાથે યોગ્ય પ્લેટફોર્મ મળી જાય તો કલાક્ષેત્રે ટોચ પર પહોંચતા કોઈ રોકી શકતું નથી. જીવનનો ધ્યેય માત્ર આર્થિક ઉપાર્જન ન બનતા મનુષ્યની અંદર પટેલી શક્તિઓને યોગ્ય દિશાઓ તરફ વાળી આપણા વ્યક્તિત્વને ઉજાગર કરવાનો બની રહે તો જીવન સાર્થક થયું ગણાય. ■

મો. ૯૮૭૯૬ ૫૦૬૭૫

## કૃષિ સૃષ્ટિ



**એચ. એસ. પટેલ - I.A.S. Rtd.**
નિ. કલેક્ટર, કમિશ્નર
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.

# લોકોપયોગી માર્ગદર્શન

## જમીન / મિલ્કતના સત્તા પ્રકાર અંગે પ્રવર્તતી વિસંગતતાઓ

જમીન / મિલ્કતના નિયમન માટે જમીન મહેસૂલ કાયદો-૧૮૭૯ સર્વોપરી છે અને આ કાયદાનું ઘડતર મુખ્યત્વે જમીન ઉપરનું મહેસૂલ ઉઘરાવવાનું અને હક્કપત્રકના નિયમો હેઠળનું વ્યવસ્થાતંત્ર મુખ્યત્વે છે. આઝાદી મળી તે પહેલાંથી બ્રિટીશ શાસન વ્યવસ્થા દરમ્યાન ઘડાયેલ આ કાયદો અમલમાં છે. આઝાદી મળ્યા પહેલાં બ્રિટીશ હકુમત વિસ્તાર સિવાય સબંધિત રાજ્યના જમીન મહેસૂલ કાયદા હતા. દા.ત. બરોડા, ગોંડલ,ભાવનગર વિગેરે જ્યારે બ્રિટીશ હકુમતના જીલ્લાઓમાં સુરત, ભરૂચ, પંચમહાલ, ખેડા, અમદાવાદના ભાગનો સમાવેશ થતો હતો અને સબંધિત રજવાડાઓમાં જમીનોના જુદા સત્તા પ્રકાર હતા. દા.ત. દેવસ્થાન, ઈનામી, પસાયતા, ચાકરીયાત વિગેરે. આ ઉપરાંત જુદા જુદા વિસ્તારોમાં દા.ત. પાન્દુ, મેવાસ, ડીસા વિગેરેમાં પણ જુદા જુદા સત્તા પ્રકાર હતા અને આ સત્તા પ્રકારોમાં જમીન મહેસૂલ લેવું / ન લેવું / મહેસૂલ માફી વિગેરે બાબતો હતી. આઝાદી મળ્યા બાદ જમીન સુધારાઓના ભાગરૂપે જમીન ઉપરના Superior Holder અગ્રહક્કે ધારણ કરનારાઓના બદલે કબજેદારોને / ગણોતીયાઓને જમીન ઉપરના કાયમી હક્ક આપવાની સાથે તમામ જમીનોને મહેસૂલને પાત્ર બનાવી. સિવાય કે રાજ્ય સરકાર દ્વારા ચોક્કસ હેતુ માટે મહેસૂલ માફી આપવામાં આવે છે. દા.ત. શૈક્ષણિક હેતુ માટે. આમ રાજ્યના તમામ ભાગોમાં જમીન મહેસૂલને પાત્ર ગણવામાં આવી અને તે અંગેનું વ્યવસ્થાતંત્ર ગામના નમૂના નં.-૧ થી ૧૮ માં સમાવેશ થાય છે.

બીજું કે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૩૭ પ્રમાણે તમામ જમીન સરકારી ગણાય છે. નમૂના નં.-૭માં ઉપરના મથાળે "સરકારી" દર્શાવવામાં આવે છે અને જમીનના કબજેદારના કોલમમાં જમીનના ધારણ કર્તાનું નામ દર્શાવવામાં આવે છે. એટલે કે પાયાના સિધ્ધાંત તરીકે જમીન મહેસૂલ અધિનિયમ હેઠળનો વહીવટ જમીન ઉપરના હક્કો "માન્યતા આધારિત" Presumptive Value ઉપર છે અને વિરુદ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી "Unless Contrary Proved" જમીન ઉપરના હક્કો રેકર્ડ આધારિત માન્ય ગણવામાં આવે છે. જ્યારે કોઈ માલિકી હક્ક અંગે તકરાર થાય તો ફક્ત સિવિલ કોર્ટને માલિકી હક્ક નક્કી કરવાની સત્તાઓ છે અને તે હુકમ આધારે મહેસૂલી રેકર્ડમાં નોંધ કરવામાં આવે છે. આમ જમીન મહેસૂલનું રેકર્ડ અદ્યતન રાખવાના ભાગરૂપે હક્કપત્રકના નિયમો દ્વારા હક્ક પત્રકમાં નોંધ રાખવામાં આવે છે. જ્યારે જમીન સુધારા કાયદાઓ જેવાં કે ગણોતધારો, ખેત જમીન ટોચ મર્યાદા ધારો અને સત્તાપ્રકાર નાબૂદી ધારાઓ (Tenure Abolitions) અમલમાં લાવવામાં આવ્યા ત્યારે જેમ જણાવ્યું તેમ જમીન ઉપરના કાયમી હક્કો આપવા અને જમીન મહેસૂલને પાત્ર બનાવવા માટે ઔપચારિક સ્વરૂપે મોટાભાગે છ પટ્ટ (આકારની રકમ) ની રકમ વસૂલ લઈને જમીન ગ્રાન્ટ કરવાના હુકમો કરવાના હતા અને આ કામગીરી ઝુંબેશ સ્વરૂપે કરવાની હતી. પરંતુ ઘણી જગ્યાએ જમીનના કબજેદારો / ખેડૂતો પણ અભણ/ અજ્ઞાન હોવાને કારણે આટલી નાની રકમ ભરીને કાર્યવાહી થયેલ ન હતી. ખરેખર તો રાજ્ય જ્યારે ખેતીની જમીન ઉપરનું મહેસૂલ પણ હાલ વસુલ કરતા નથી તો રાજ્ય સરકાર અવારનવાર આવી જમીન ગ્રાન્ટ કરવા આજે પણ મુદત લંબાવે છે. (દા.ત. પસાયતા-આકરીયાત) તો જેમ ૧૫ વર્ષ બાદ નવીશરતની ખેતીની જમીન જુની શરતની ગણવાના હુકમો કરવામાં આવે છે, તે સ્વરૂપે કરવા જોઈએ.

હવે ઉક્ત પૂર્વ ભૂમિકા સાથે જમીનોના સત્તાપ્રકાર (Tenure) અંગે વિવરણ કરવામાં આવે તો મુખ્યત્વે જમીન જુની શરત એટલે કે જમીન તબદીલીને પાત્ર અને કલેકટરની પૂર્વ પરવાનગી સિવાય તબદીલ થઈ શકે, જ્યારે નવી શરત અને નિયંત્રિત સત્તાપ્રકાર અથવા બિન તબદીલીને પાત્ર તેવા શબ્દ પ્રયોગ કે જમીન કલેકટરની પરવાનગી સિવાય વેચાણ/તબદીલી થઈ શકતી નથી. જેમાં ગણોતધરા હેઠળની, ખેત જમીન ટોચ મર્યાદા હેઠળ ફાળવેલ, સરકાર દ્વારા ચોક્કસ હેતુઓ માટે ફાળવેલ જુદા જુદા સત્તાપ્રકાર અધિનિયમ, ભુદાન હેઠળ વિગેરે. આ તમામ પૈકી ખેત જમીન ટોચ મર્યાદા હેઠળ ફાળવેલ ખેતીની જમીન અને ભુદાન હેઠળની જમીન સરકાર કે કલેકટરને પણ આવી જમન તબદીલ ન કરવાની જોગવાઈઓ છે. ૨૦૨૧-૨૦૨૨માં રાજ્ય સરકારે જમીન સુધારાના ભાગરૂપે અગાઉ જે ઈનામી / દેવસ્થાન તેમજ જુદા જુદા સત્તાપ્રકાર નાબૂદી અધિનિયમની જમીનો અને વિસંગતતાઓ થતી હતી તે અંગે સરળીકરણના પરિપત્રો કર્યા છે. પરંતુ આ પરિપત્રોમાં પણ છેલ્લે મહેસૂલ વિભાગે ૨૦૧૭માં જે પરિપત્ર કરેલ તે ધ્યાનમાં લેવા જણાવેલ એટલે કે પૂર્વવત સ્થિતિ જીલ્લાના મહેસૂલી અધિકારીઓ દ્વારા ભેદભાવયુક્ત (Discriminatory) તેમજ વિવેકાધીન વલણને કારણે Pick and Choose મુજબ નિર્ણયો લેવાય છે. દા.ત. ઈનામ નાબૂદી કાયદો ૧૯૬૯. આ કાયદામાં જ સ્પષ્ટ જણાવેલ છે કે ૧૯૬૯ પહેલાંનો જમીન ઉપરનો કબજેદાર હોય તો જમીન જુની શરતની ગણવી તેજ રીતે દેવસ્થાન હેઠળ કે અન્ય સત્તાપ્રકારોમાં સરકારના નિયમ મુજબ ફક્ત છ પટ્ટની રકમ ઉપર જણાવ્યું તેમ ભરપાઈ કરાવીને કબજેદાર ઠરાવવાના હતા. પરંતુ તેમાં પણ આજે વિસંગતતા છે.

# કૃષિ સૃષ્ટિ

થોડા સમય પહેલાં સુરત જીલ્લાના ડુમ્મસની જમીનનો કિસ્સો. ગાંધીનગર જીલ્લાના કલોલની મુલાસણાની જમીનો કે સુરેન્દ્રનગરની વીડીનો જમીનો અંગે જે હકીકતો બહાર આવી છે તે જોતાં જમીન ઉપરના કાયદાકીય ધોરણો અપનાવવામાં પાછળથી વિવેકાધીન સત્તાઓ વાપરવામાં કલેકટર અને મહેસૂલી અધિકારીઓ પણ રાજકીય હસ્તક્ષેપના કારણે નિર્ણયો લે અને પાછળથી પ્રશ્નો ઉભા થાય ત્યારે મહેસૂલી તંત્રની જવાબદારી નક્કી કરવામાં આવે છે. જેમાં ખરેખર તો કાયદાના શાસનના સિધ્ધાંતને અનુસરીને કાર્યવાહી કરવી જોઈએ અને આ તમામ બાબતોમાં સામાન્ય માણસોના કામમાં કે તેમના હિતમાં ઘણીવાર નિર્ણયો લેવાતા ખથી. જ્યારે સ્થાપિત હિતો દ્વારા જે વગ વાપરીને નિર્ણયો લેવાય તો તેમાં વહીવટીતંત્ર ઉપર વિપરીત છાપ ઉપસ્થિત થાય છે. જેથી જમીનોના તમામ સત્તાપ્રકારો અંગે સંકલિત ઠરાવ બહાર પાડી પારદર્શક સ્વરૂપે માર્ગદર્શક સૂચનાઓ આપવી જરૂરી છે. જેથી વિવેકાધીન સત્તાને અવકાશ ન રહે.

જેમ ખેતવિષયક જમીનોના સત્તા પ્રકારની બાબત છે તેમ શહેરી વિસ્તારોના સીટી સર્વે વિસ્તારમાં આવેલ જમીનોના પણ સત્તાપ્રકાર આપવામાં આવે છે. આમ તો પાયાની બાબત તરીકે જ્યારે હક્ક ચોકસી અધિકારી હક્ક ચોક્સીની કામગીરી કરે તે દરમ્યાન જમીનના સત્તાપ્રકાર સૂચવવામાં આવે છે. રાજ્યના સેટલમેન્ટ કમિશ્નર દ્વારા ૨૦૦૮ અને ૨૦૧૨ સીટી સર્વે વિસ્તારની જમીનોના સત્તાપ્રકાર નક્કી કરવામાં આવેલ છે. જેમાં “એ” થી શરૂ કરીને ૨ મિતાક્ષર આપવામાં આવેલ છે. જેમાં “એ” સત્તાપ્રકાર હોય તો ગામતળની જમીન અને મહેસૂલ માફી ગણવામાં આવે. “સી” સત્તાપ્રકાર હોય તો બિનખેતી ધારો વસૂલ કરવા પાત્ર તેમજ ધર્માદા અને ટ્રસ્ટો દ્વારા ધારણ કરેલ જમીન હોય તો “ઈ” અને “એફ” સત્તાપ્રકારો હોય છે. આ સત્તાપ્રકારો નક્કી કરવામાં મૂળ જે જમીનોના સત્તાપ્રકાર હોય તેને આધારભૂત ગણવામાં આવે છે. સીટી સર્વે મિલ્કતોના મિલ્કત કાર્ડમાં પણ ભૂલથી જે સત્તાપ્રકાર આપવા પાત્ર હોય તેના કરતાં જુદા દર્શાવવામાં આવે અને પાછળથી ખૂબ જ જટીલ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. એટલે સીટી સર્વેના મિલ્કત રજીસ્ટરોમાં દર્શાવવા પાત્ર સત્તાપ્રકારો અંગે પણ પારદર્શક સ્વરૂપ સંકલિત અદ્યતન મિતાક્ષરી સત્તા પ્રકાર જાહેર કરવાની જરૂર છે જેથી સામાન્ય જાહેર જનતાને તેઓએ ધારણ કરેલ જમીનના દરજ્જા અંગે જાણકારી પ્રાપ્ત થાય. ■





**યુવાનોના પ્રેરણાસ્રોત**
**સ્વામી વિવેકાનંદ**

# ઈશ્વર અને ધર્મ

દરેક જીવાત્મા પરમાત્મા સ્વરૂપ છે. બાહ્ય અને આંતર પ્રકૃતિને કાબૂમાં લાવીને અંદર રહેલ આ દૈવી તત્ત્વનો આવિર્ભાવ કરવો એ જીવનનું લક્ષ્ય છે. નિષ્કામ કર્મ, ભક્તિ, યોગ કે તત્ત્વજ્ઞાન દ્વારા, એમાંથી એક કે એકથી વધારેની મદદ લઈને અથવા તો બધાંની મદદ લઈને એ લક્ષ્ય સિદ્ધ કરો અને મુક્ત થાઓ. આમાં બધો ધર્મ આવી જાય છે. સિદ્ધાંતો અથવા વિધિઓ એ તો ગૌણ વાતો છે...

ઈશ્વર હોય તો આપણે તેને જોવો જ જોઈએ; આત્મા હોય તો આપણને સાક્ષાત્કાર થવો જ જોઈએ; નહીં તો પછી એમાં માનવું જ નહીં, એ ઠીક. ઢોંગી થવું તેના કરતાં ખુલ્લે-ખુલ્લા નાસ્તિક થવું વધારે સારું.

અભ્યાસ (સાધના) ખૂબ જ જરૂરી છે. તમે મારી પાસે બેસીને દરરોજ કલાકના કલાક ધ્યાનપૂર્વક વ્યાખ્યાન સાંભળ્યા કરો, પણ જો તમે તેનો અભ્યાસ ન કરો તો તમે એક ડગલું પણ આગળ વધશો નહીં. બધો આધાર ફરી ફરીને આચરણ ઉપર છે. જ્યાં સુધી આપણને અનુભવ ન થાય ત્યાં સુધી આ વાત કદી સમજાતી નથી. આપણે જાતે સ્વાનુભવ કરવો પડશે. માત્ર સિદ્ધાંતો અને વિવેચન સાંભળવાથી કાંઈ વળશે નહીં.

એક ભાવના લો. એ ભાવનાને તમારું જીવન બનાવો; તેનો વિચાર કરો; તેનાં સ્વપ્નાં સેવો, એને આધારે જીવો; મગજ, સ્નાયુઓ, માંસપેશીઓ, તમારા શરીરના દરેક ભાગને એ ભાવનાથી ભરી દો, રંગી દો અને બીજી બધી ભાવનાઓને એકબાજુ રાખો. આ જ વિજયનો માર્ગ છે. અને આ રીતે જ મહાન આધ્યાત્મિક પ્રતિભાશાળી વ્યક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે.



મહાન પયંગબરોમાં કંઈ અસાધારણતા ન હતી. તેઓ પણ મારા તમારા જેવા મનુષ્યો જ હતા. તેઓ મોટા યોગી હતા. તેઓએ આ ઋતંભરા પ્રજ્ઞા મેળવી હતી અને હું તથા તમે પણ એ મેળવી શકીએ. તેઓ કંઈ વિશિષ્ટ વ્યક્તિઓ ન હતી. એક પણ માણસ ક્યારેય એ સ્થિતિએ પહોંચ્યા તે વાત જ એમ સાબિત કરે છે કે, દરેક માણસ એ સ્થિતિએ પહોંચી શકે તેમ છે; એટલું જ નહીં, પણ દરેક માણસે છેવટે તો એ સ્થિતિએ પહોંચવું જ પડશે; અને તેનું નામ ધર્મ છે.

સ્વતંત્રતાની મૂર્તિને, પ્રકૃતિના અધિષ્ઠાતાને આપણે ઈશ્વર કહીએ છીએ. તમે તેને 'છે નહિ' એમ કહી શકો એવું નથી, કારણ સ્વતંત્રતાની ભાવના વિના તમે હાલીચાલી કે જીવી શકો નહીં.

કોઈપણ જીવન નિષ્ફળ નીવડશે નહિ. વિશ્વમાં નિષ્ફળતા જેવી કોઈ ચીજ જ નથી. અનેકવાર માણસ પોતાને ઈજા કરશે. અનેકવાર પડશે, આખડશે, પણ પોતે ઈશ્વર છે, એવો તેને છેવટે તો સાક્ષાત્કાર થશે જ. ધર્મ એ કાંઈ સિદ્ધાંતોમાં, મતવાદોમાં કે બૌદ્ધિક વાદવિવાદમાં સમાઈ જતો નથી. એ તો છે ધર્મરૂપ થવું, અને જીવવું. ધર્મ એટલે સાક્ષાત્કાર.

ઈશુના શબ્દો યાદ કરો - 'માગો અને તે તમને મળશે, શોધો તો તે તમને સાંપડશે. ટકોરા મારો તો બારણાં ઊઘડશે.' આ શબ્દો અક્ષરશઃ સાચા છે, એમાં કલ્પના કે અહંકાર નથી.

બાહ્ય પ્રકૃતિને જીતવી એ સારું છે. ભારે જબરું કામ છે, પણ આંતર પ્રકૃતિને જીતવી એ તેનાથી ચડિયાતું છે. આંતર પ્રકૃતિ પરનો આ વિજય, માનવમનની અંદરનાં સૂક્ષ્મ અદ્‌ભૂત આંદોલનોનાં રહસ્યો સમજવાં અને તેના છૂપાભેદો જાણવા એ બધાંનો સમાવેશ ફક્ત ધર્મમાં જ થાય છે.

જીવનમાં તેમજ મૃત્યુમાં, સુખમાં તેમજ દુઃખમાં સમાન રીતે પરમાત્માની હાજરી છે. સમસ્ત વિશ્વ વિભુથી પરિપૂર્ણ છે. તમારી આંખો ઉઘાડો અને તેમનાં દર્શન કરો.

ઈશ્વરને પૂજવામાં આપણે સદા આપણા આત્માની જ પૂજા કરતા આવ્યા છીએ.

ધર્મનો સ્વાનુભવ - સાક્ષાત્કાર થઈ શકે છે. તમે તે માટે તૈયાર છો ? તમારે તે જોઈએ છે ? ઈચ્છા હશે તો તમને તેનો સાક્ષાત્કાર થશે, અને ત્યાર પછી જ તમે ખરેખર ધાર્મિક થશો. જ્યાં સુધી તમને આવો સાક્ષાત્કાર થાય નહિ ત્યાં સુધી તમારી અને નાસ્તિકની વચ્ચે કશો જ તફાવત નથી. નાસ્તિકો વધારે નિખાલસ છે, પણ જે માણસ 'ધર્મમાં માનું છું' એમ કહે છે, અને કદી સ્વાનુભાવ માટે પ્રયત્ન કરતો નથી, તેનામાં નિખાલસતા નથી.

# યુવા સૃષ્ટિ

ભૂતકાળમાં થઈ ગયેલા બધા ધર્મોને હું માન્ય રાખું છું, અને એ બધાની રીતે પ્રભુની ભક્તિ કરું છું. ગમે તે સ્વરૂપમાં તેઓ તેની પૂજા કરતા હશે તો પણ તે દરેક પ્રમાણે હું ઈશ્વરની પૂજા કરીશ.

હું મુસલમાનની મસ્જિદમાં જઈશ. ખ્રિસ્તીમાં દેવળમાં જઈશ અને ક્રોસની સમક્ષ નમન કરીશ; હું બૌદ્ધોનાં ચૈત્યોમાં જઈશ અને ત્યાં બુદ્ધ અને બૌદ્ધધર્મનું શરણ સ્વીકારીશ; હું જંગલમાં જઈશ અને દરેક વ્યક્તિના અંતરને અજવાળતી જ્યોતિનાં દર્શન કરવા પ્રયત્ન કરતા હિંદુની સાથે ધ્યાન ધરવા બેસી જઈશ.

આવી ધર્મપ્રાપ્તિ યોગ દ્વારા - મિલન દ્વારા થાય છે. કર્મયોગીને માટે આ મિલન મનુષ્ય અને સમગ્ર માનવજાતિ વચ્ચેનું છે. યોગીને માટે તે જીવાત્મા અને પરમાત્માનું છે, ભક્તને માટે તેનું અને પ્રેમસ્વરૂપ પરમેશ્વરનું મિલન છે તથા તત્ત્વજ્ઞાની માટે સત્તામાત્રનું છે. યોગનો અર્થ આ રીતે સમજવાનો છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે ધર્મ ખરેખર કંઈ કાર્યસિદ્ધિ કરી શકે તેમ છે કે નહીં ? જરૂર, તે કરી શકે એમ છે. મનુષ્યને તે શાશ્વત જીવન સમર્પે છે. મનુષ્ય જે છે તે તેને આભારી છે અને આ માનવ-પ્રાણીમાંથી ધર્મ જ તેને ઈશ્વર બનાવશે. ધર્મ આવું કરી શકે તેમ છે. જો માનવ સમાજમાંથી ધર્મ લઈ લો તો શું બાકી રહેશે ? બીજું કાંઈ નહિ, પણ જંગલનાં પ્રાણીઓ.

તમને તે વળી કોણ મદદ કરશે ? તમે પોતે જ વિશ્વને મદદ કરનાર છો. આ વિશ્વમાં તમને કોણ મદદ કરી શકે ? તમારા ઉપર સત્તા કોણ ચલાવી શકે ? તમે જ વિશ્વના નિયંતા છો. તમે શા માટે જ્યાં ત્યાં ફાંફાં મારો છો ? તમારા પોતાના સિવાય બહાર બીજે ક્યાંયથી પણ મદદ આવતી નથી. જે પ્રાર્થના તમે કરતા અને સફળ થતી એ તમારા અજ્ઞાનને લઈને તમે એમ ધારતા કે કોઈ અન્ય સત્તાને લઈને સફળ થયેલ છે, પણ ખરી રીતે તો તમે પોતે જ તમારી જાણ વિના તે પ્રાર્થનાને સફળ બનાવી છે.

પુસ્તકોના અભ્યાસથી આપણે કેટલીકવાર એવા ભ્રમમાં પડી જઈએ છીએ કે તે દ્વારા આપણને આધ્યાત્મિકતામાં સહાય મળે છે; પણ જો આપણી પોતાની જાત પર આપણે આ પુસ્તકના અધ્યયની અસરનું પૃથ્થકરણ કરીશું તો આપણને માલૂમ પડશે કે આવા અધ્યયન દ્વારા વધારેમાં વધારે કહીએ તો આપણી બુદ્ધિને ફાયદો થયો છે, આપણા અંતરાત્માને નહિ. આધ્યાત્મિક ઉન્નતિને વેગ આપવાની પુસ્તકોની અશક્તિને કારણે આપણામાંનો લગભગ દરેક આધ્યાત્મિક વિષયો સંબંધી અદ્‌ભૂત રીતે ચર્ચા કરી શકે છે, પણ જ્યારે આચરણની વાત આવે છે, ખરું આધ્યાત્મિક જીવન જીવવાની વાત આવે છે, ત્યારે આપણામાં બેહદ ઊણપ દેખાય છે. આત્માને સતેજ કરવા માટે બીજા આત્મા પાસેથી પ્રેરક બળ મળવું જોઈએ.

એક ઈશ્વર જ અસ્તિત્વ ધરાવે છે; આત્મા જ વિદ્યમાન છે; આધ્યાત્મિકતા જ સત્ છે : આ વાતને પકડી રાખો.

જગતમાં ચાલી રહેલા જુદા જુદા ધર્મો પૂજા પદ્ધતિમાં ભેદવાળા હોવા છતાં ખરેખરી રીતે તો એક જ છે.

ધ્યાન એ બહુ અગત્યની વસ્તુ છે, ધ્યાન ધરો ! ધ્યાન સૌથી વધારે મહત્ત્વનું છે. ધ્યાનમગ્ન મન એ આધ્યાત્મિક જીવનની બિલકુલ નજીક છે. આપણા દૈનિક જીવનની એવી ક્ષણે આપણે પૂરેપૂરા નિર્વિષયી હોઈએ છીએ. તે વખતે પ્રકૃત્તિના પંજામાંથી છૂટીને આત્મા આત્માનું ચિંતન કરતો હોય છે. આ છે આત્માનો અદ્‌ભૂત સ્પર્શ.

કહેવાતા બધા કાર્યકર્તાઓ કરતાં જેઓ પોતાની જાતને પરમાત્માને સમર્પી દે છે, તેઓ જગતને માટે વધારે કાર્ય કરે છે. ઉપદેશકોના સંઘ કરતાં જે માણસે પોતાની જાતને પૂરેપૂરી પવિત્ર બનાવી છે, તે એકલો વધારે કાર્ય કરી શકે છે.

ઈશ્વર છે, અને આપણે અત્યારે ને અત્યારે તેનાં દર્શન કરી શકીએ તેમજ તેની સત્તા અનુભવી શકીએ, એ જાણવાની આપણને જરૂર છે.

'ખાવાનું, ખાવાનું' એમ બોલવામાં અને ખરેખર ખાવામાં, 'પાણી, પાણી' એમ બોલવામાં અને ખરેખર પાણી પીવામાં મોટો ફેર છે, તે જ પ્રમાણે 'ઈશ્વર', 'ઈશ્વર' એવા શબ્દના ઉચ્ચાર માત્રથી આપણે સાક્ષાત્કારની આશા રાખી શકીએ નહિ. આપણે યત્ન અને અભ્યાસ કરવો જોઈએ.

અનિષ્ટની ભયંકરતા વચ્ચે પણ કહો, 'મારા ઈશ્વર, મારા પ્રેમાસ્પદ !' મૃત્યુની વિકટ ઘડીએ પણ કહો, 'મારા ભગવાન, મારા પ્રેમના આશ્રયસ્થાન !' સંસારની સર્વ વિટંબણાઓ વખતે કહો, 'મારા પ્રભુ, મારી પ્રેમમૂર્તિ ! તું અહીં જ છે, હું તને જોઉં છું. તું મારી સાથે જ છે. હું તને અનુભવું છું. હું તારો છું, મારો સ્વીકાર કર. હું સંસારનો નથી પણ તારો છું; તો પછી મને છોડતો નહિ.' હીરાની ખાણ છોડી કાચના મણકા પાછળ દોડતા નહિ. આ જીવન એક મહાન તક છે. દુનિયાના વિષયભોગ પાછળ શા માટે દોડો છો ? પરમાત્મા બધા આનંદનું ઉત્પત્તિ સ્થાન છે. ઉત્તમોત્તમની શોધ કરો, સર્વશ્રેષ્ઠને તમારું લક્ષ્યસ્થાન બનાવો અને તમે ચોક્કસ પરમાત્માને પામશો. ■

## યાત્રા સૃષ્ટિ



**પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# મહાદેવની દ્વાદશ જ્યોતિર્લિંગ યાત્રા

**પ્રસ્તાવના :**

૧૨ જ્યોતિર્લિંગનું માત્ર ધાર્મિક મહત્ત્વ જ નથી. વૈજ્ઞાનિક દષ્ટિકોણથી એ ભૌગોલિક, વાસ્તુશાસ્ત્ર, માનસિક સ્વાસ્થ્ય, અખૂટ ઊર્જા અને જળપ્રવાહ સાથે જોડાયેલ છે. એમની સંરચના ચુંબકીય અને ભૂમિ પ્રાકૃતિક ખનીજોથી ભરપૂર હોવાથી ૧૨ જ્યોતિર્લિંગનું અનોખું મહત્ત્વ છે. આ જ્યોતિર્લિંગની યાત્રા માનવીના સ્વાસ્થ્ય અને મસ્તિષ્ક પર સકારાત્મક અસર થવાથી શરીરમાં એક નવી ચેતના અને ઉર્જાનો સંચાર થવાથી યાત્રિકોને માનસિક શાંતિની મહાદેવની પરમ-સત્તાનો એહસાસ થાય છે. આ જ્યોતિર્લિંગમાં ઉત્તર ભારતના જ્યોતિર્લિંગ કેદારનાથ, કાશી વિશ્વનાથ, વૈદ્યનાથ એકબીજાથી અપેક્ષાકૃત નજીક છે. દક્ષિણમાં રામેશ્વરમ્ અને મલ્લિકાર્જુન અન્ય જ્યોતિર્લિંગોથી દૂર છે. પશ્ચિમ ભારતમાં સોમનાથ અને નાગેશ્વર, ગુજરાતમાં અને મહારાષ્ટ્રમાં ભીમાશંકર, ત્ર્યંબકેશ્વર અને ધૃષ્મેશ્વર એકબીજાથી નજીક છે. વૈજ્ઞાનિક દષ્ટિકોણથી આ જ્યોતિર્લિંગોના સ્થાન સમગ્ર દેશમાં એક સંતુલન અને ઉર્જાના કેન્દ્રના રૂપમાં મહત્ત્વપૂર્ણ છે. ભગવાન શિવ જ્યાં જ્યાં સ્વયંભૂ પ્રગટ થઈ ભક્તોને દર્શન આપ્યા એ જગ્યાએ ૧૨ જ્યોતિર્લિંગ સ્થાપિત થયા. આપણે સંક્ષેપમાં ૧૨ જ્યોતિર્લિંગની માહિતી મેળવી યાત્રા દ્વારા મહાદેવની કૃપાના અધિકારી બનીએ.



૧૨ જ્યોતિર્લિંગનું હિન્દુઓમાં અદકેરું મહત્ત્વ છે. ૧૨ જ્યોતિર્લિંગમાં સૌરાષ્ટ્ર સ્થિત સોમનાથ અને નાગેશ્વર મહાદેવનો સમાવેશ થાય છે. ૧૨ જ્યોતિર્લિંગની યાત્રા કરનાર પુણ્યશાળી ગણાય છે. અહીં આ ૧૨ જ્યોતિર્લિંગની આછેરી ઝલક આપી છે.

**(૧) શ્રી સોમનાથ મહાદેવ :**

ગુજરાત રાજ્યમાં આવેલું આ સોમનાથ જ્યોતિર્લિંગ ગીર સોમનાથ જીલ્લામાં પ્રભાસ પાટણ નગરમાં આવેલું છે. સમુદ્ર કિનારા પર ભવ્ય મંદિર કલા કારીગરીથી શોભાયમાન છે. ચંદ્ર પ્રજાપતિ દક્ષના જમાઈ હતા. દક્ષની સત્યાવીસ કન્યાઓ જે અત્યારે નક્ષત્રોના નામથી ઓળખાય છે. તેમના ચંદ્ર સાથે વિવાહ થયા હતા. પરંતુ આ કન્યાઓમાં જે રોહિણી હતી તેને જ ચંદ્ર વધુ ચાહતા જેના કારણે અન્ય છવ્વીસ કન્યાઓ ચંદ્રના સ્નેહભાવથી પર હતી. આ વાતથી ક્રોધિત થઈ દક્ષ પ્રજાપતિએ તેને શાપ આપેલો કે ચંદ્ર તારું તેજ જતું રહે. શાપના ભયથી ચંદ્રએ પ્રભાસ સ્થાન પર આવી ચાર હજાર વર્ષ સુધી ભગવાન શંકરની ઉપાસના-આરાધના કરી હતી. ત્યારે ચંદ્રની ભક્તિથી પ્રસન્ન થઈ શિવજીએ વરદાન આપ્યું હતું કે દર મહિનાના શુક્લપક્ષમાં તમારું તેજ દિન-પ્રતિદિન વધશે પછી પ્રજાપતિ દક્ષના શાપ પ્રમાણે મહિનાના કૃષ્ણપક્ષમાં ક્રમાનુસાર તેજ ઘટશે. ત્યારબાદ ચંદ્ર તથા તેનાં પત્ની રોહિણી બંનેના હાથે જે શિવલિંગ સ્થાપિત થયું તે ભગવાન સોમેશ્વર/સોમનાથ જ્યોતિર્લિંગથી ઓળખાય છે. મંદિર નજદીક ચંદ્રકુંડ, અગ્નિકુંડ ત્રિવેણી સંગમ, ભગવાન શ્રીકૃષ્ણ દેહોત્સર્ગ તીર્થ, યાદવાસ્થલી અને ભાલકા તીર્થ આવેલું છે. જ્યાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અંતિમ શ્વાસ લીધા હતા

સૌરાષ્ટ્રદેશે વિશદેડતિરમ્યે જ્યોતિર્મય ચંદ્રકલાવતંસમ્
ભક્તિપ્રદાનાય કૃપાવતીર્ણં તં સોમનાથં શરણં પ્રપદ્યે ॥

**(૨) શ્રી મલ્લિકાર્જુન મહાદેવ :**

શ્રી મલ્લિકાર્જુન બીજું જ્યોતિર્લિંગ આંધ્રપ્રદેશમાં કર્નુલ જીલ્લામાં નંદીકોટુર તાલુકામાં શ્રી શૈલ પર્વત ઉપર દોરનાલ ગામથી આશરે ૫૦ કિલોમીટર ઉપર આવેલું છે. આ સ્થળ શિવજીના મુખ્ય આઠ સ્થાનોમાંનું એક સ્થાન ગણાય છે. શ્રી શૈલ પર્વત મુખ્ય શક્તિપીઠ તથા તંત્રમાર્ગી બૌદ્ધ ધર્મના એક કેન્દ્ર તરીકે પણ પ્રસિદ્ધ છે. મહાશિવરાત્રીના પવિત્ર દિવસોમાં યાત્રાળુ દર્શનાર્થીઓ ખૂબ જ આવે છે. મંદિરમાં પોતાની માલિકીનાં અનેક ગેસ્ટહાઉસ અને કવાટર્સ છે. યાત્રિઓને રહેવાની ઉત્તમ સગવડતા પણ છે. મંદિરને ફરતે સુંદર પહાડી અને વનપ્રદેશ છે. પૂર્વમાં કૃષ્ણા નદી આવેલી છે ત્યાંથી નાગલુટી જવા માટે ટેકરાવાળો રસ્તો છે. મંદિરનું નિર્માણ દક્ષિણના મંદિરોની માફક વિશાળ છે.

મંદિરનો ચોક ૫૦૦ ફૂટ પહોળો અને ૬૦૦ ફૂટ લાંબો છે. વિશાળ જગ્યામાં આજુબાજુ નાના-નાના મંદિરો છે. જગ્યાની ચારે બાજુ દિવાલ છે

# યાત્રા સૃષ્ટિ

જેના ઉપર હાથી ઘોડાની હારોની શિલ્પકૃતિઓ બેસાડવામાં આવી છે. મંદિરના સભાગૃહમાં સ્તંભો અને છત ઉપર વિવિધ કૃતિઓ ચિત્રો કંડારવામાં આવેલ છે. મંદિરના સ્થળને ચાર દ્વાર આવેલાં છે. મંદિરની અંદરની દીવાલો ઉપર ભગવાન શંકરની અનેક પ્રચલિત કથાઓની સુંદર શિલ્પકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે. વિજયનગરના મહારાજાઓએ મંદિરના ઉત્કર્ષ અને નિર્માણ કાર્યોમાં તન-મન અને ધનથી સેવા કરી મંદિરનું ગૌરવ વધાર્યું છે.

### (૩) શ્રી મહાકાલેશ્વર મહાદેવ :

મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ ત્રીજા નંબરનું છે. મધ્યપ્રદેશમાં ઉજ્જૈન (અવંતિ) નગરીમાં રેલ્વે સ્ટેશનથી આશરે ૨ કિલોમીટર દૂર એક વિશાળ પ્રાંગણમાં ખંડવાળું ભવ્ય મંદિર આવેલું છે. ઉપરના ખંડમાં ઓમકારેશ્વર મહાદેવનું લિંગ સ્થાપિત છે. નીચેના ખંડમાં ભગવાન મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ બિરાજમાન છે. ક્ષિપ્રા નદીના કિનારે આવેલી ઉજ્જૈન નગરીમાં આવેલું મહાકાલેશ્વરનું મંદિર દેવતાઓના શિલ્પી ભગવાન વિશ્વકર્માએ બનાવ્યું હતું તેવું પુરાણોમાંથી જાણવા મળે છે. મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનો મહિમા ખૂબ અપાર હતો. મુસ્લિમ સુલતાનોએ અનેક વખત આ શિવાલયનો નાશ કર્યો હતો. સત્તરમી સદીમાં મરાઠાઓએ માલવા પ્રદેશને જીતી શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ જુના-પુરાણા સ્થળે ફરી પ્રતિષ્ઠા કરેલી છે.

મહાશિવરાત્રીનો ઉત્સવ નવ દિવસ સુધી ખૂબ ધામધૂમથી મનાવવામાં આવે છે. દર બાર વર્ષે એક કુંભ મેળો ભરાય છે. ક્ષિપ્રા નદીની ધારાની સાથે રૂદ્રસાગર, ગોવર્ધનસાગર, રત્નાકરસાગર, વિષ્ણુસાગર વગેરે અઢાર પવિત્ર તીર્થ સમાયેલાં છે. મંદિરના દક્ષિણ ભાગે શ્રી રામમંદિર, કોટિતીર્થ, વૃધ્ધકાલેશ્વર, અવન્તિકા માતા મંદિરો આવેલા છે.

### (૪) શ્રી ઓમકારેશ્વર મહાદેવ :

ચોથું જ્યોતિર્લિંગ પણ મધ્યપ્રદેશનાં ખંડવા રેલ્વે લાઈન ઉપર માંધાતા દ્વીપ પર આવેલું છે. ભવ્ય શિખરબંધ મંદિરમાં સુપ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ભગવાન ઓમકારેશ્વર બિરાજમાન છે. કાવેરી અને નર્મદા નદીની વચ્ચે એક ઓમકારના આકારનો માંધાતા ટાપુ છે. આ દ્વિપની લંબાઈ આશરે એકથી દોઢ માઈલ સુધીની છે. પુરાણ પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ઓમકારેશ્વર મંદિરની આજુબાજુ લીલુંછમ વન, વહેતો જલપ્રવાહ, જળાશય વગેરે કુદરતી સૌંદર્ય જોઈને યાત્રાળુનો થાક દૂર થઈ જાય છે. ઊંચું અને વિશાલ પટાંગણમાં આવેલું આ મંદિર ભવ્ય અને અદ્વિતીય છે.

ગર્ભગૃહમાં જ્યોતિર્લિંગ છે. બાજુમાં મા અંબા પાર્વતીજીની સ્થાપના છે. અંખડ દીપ જલતો રહે છે. બાજુના ખંડમાં શુકદેવજીની મૂર્તિ સ્થાપિત છે. મુખ્ય મંદિરની બાજુમાં એક ખંડમાં ભગવાન શ્રી ઓમકારેશ્વર મહાદેવના શયનખંડની વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિરના ઈશાન ખૂણામાં શ્રી મહાકાલેશ્વરનું મંદિર છે. નર્મદા નદીના તટ ઉપર કોટીતીર્થ આવેલું છે. મંદિરથી આ તીર્થ સુધી જવા માટે પાકો ઘાટ હોવાથી યાત્રાળુ સહેલાઈથી જઈ શકે છે. ભાવિકો માતા નર્મદાનું પૂજન-અર્ચન કરી અહીં સ્નાન કરે છે. કાલીકાદેવી મંદિર, કેદારેશ્વર, અવિમેકારેશ્વર, જ્વાલેશ્વર, વિઘ્નેશ્વર ગણપતિજી, અમલેશ્વર, ગૌરીહર, ઋણ મુક્તેશ્વર અને નર્મદાના ઉત્તર કિનારે વૈષ્ણવ ધર્મનાં મંદિરો પણ આવેલા છે. જ્યાં કાવેરી અને નર્મદા નદીનું સંગમ છે ત્યાં મંદિરની દિવાલમાં ભગવાન વિષ્ણુના ચોવીસ અવતારોની પ્રતિમાઓના દર્શન થાય છે.

કાવેરિકાનર્મદયોઃ પવિત્રે સમાગમે સજ્જનતારણાય ।
સદૈવ માન્ધાતૃપુરે વસન્તમોઙ્કારમીશં શિવમેકમીડે ॥

### (૫) શ્રી વૈદ્યનાથ મહાદેવ :

પાંચમું જ્યોતિર્લિંગ શ્રી વૈદ્યનાથ બિહાર રાજ્યમાં સંતાલ પરગણાનું દેવઘર ગામ છે ત્યાં આવેલ છે. પટણા-હાવરા રેલ્વે લાઈનમાં જસાડીહ સ્ટેશનથી જઈ શકાય છે. ભગવાન જ્યોતિર્લિંગ વૈદ્યનાથનું મંદિર મોટા પ્રાંગણમાં સ્થિત છે. મંદિરના સંકુલને ફરતી દિવાલો છે. વચ્ચે શિવજીનું ભવ્ય મંદિર છે. પ્રાંગણમાં તીર્થજલ અને સેવાપૂજાની સામગ્રીઓની વ્યાપાર વ્યવસ્થા રાખવામાં આવી છે. મંદિરની નજીક શિવગંગા તીર્થ છે તેની પાસે એક કૂવો છે. લોકોની માન્યતા છે કે આ કૂવો રાવણનો બનાવેલ છે જેમાં સર્વ પવિત્ર નદીઓનું જળ આવે છે. તેનું જળપાન કરવાથી સર્વ પ્રકારના કુષ્ઠરોગ મટી જાય છે તેવી માન્યતા છે. ભોળાનાથને રાવણ માટે અહીં પ્રકટ થવું પડ્યું હતું.

વૈદ્યનાથ ધામમાં અનેક મંદિરો આવેલાં છે. અન્નપૂર્ણા, આનંદભૈરવ, કાલિકા, કાલભૈરવ, કાર્તિકેયસ્વામી, ગણપતિ, ગંગામૈયા, બ્રહ્માજી, સૂર્યનારાયણ, મનસાદેવી, રામજી, લક્ષ્મીનારાયણ, સંધ્યાદેવી, સરસ્વતી વગેરે મંદિરો છે તેમાં ગૌરી મંદિર શક્તિપીઠ છે. અહીં શિવરાત્રી અને શ્રાવણ મહિનામાં મેળો ભરાય છે. ખંભે કાવડ લઈને આવતા હજારો યાત્રિકો શિવપૂજન અર્થે આવે છે. એક બીજું વૈદ્યનાથ મંદિર હૈદરાબાદ નજીક પરલી વૈદ્યનાથના નામથી આવેલું છે જેને ઘણા જ્યોતિર્લિંગ માને છે. શિવમહાપુરાણના આધારે ચિતાભૂમિમાં આવેલું આ વૈદ્યનાથ જ્યોતિર્લિંગ મૂળ પાંચમું જ્યોતિર્લિંગ સ્પષ્ટ થાય છે. પુરાણોમાં પાંચમું કેદારેશ્વર અને નવમું વૈદ્યનાથ ગણવામાં આવ્યું છે.

પૂર્વોત્તરે પ્રજ્વલિકાનિધાને સદાવસન્તં ગિરિજાસમેતમ્ ।
સુરાસુરારાધિતપાદપદ્મં શ્રી વૈદ્યનાથં તમહં નમામિ ॥

### (૬) શ્રી ભીમાશંકર મહાદેવ :

છઠ્ઠું જ્યોતિર્લિંગ શ્રી ભીમાશંકર મંદિર મહારાષ્ટ્રમાં ડાકીની પ્રદેશમાં સહ્યાદ્રિ પર્વતના ઊંચા ડુંગર ઉપર મુંબઈથી દક્ષિણ પૂર્વમાં આશરે

# યાત્રા સૃષ્ટિ

૩૦૦ કિ.મી. અને નાશિકથી ૧૦૦ કિ.મી. દૂર આવેલું છે. શ્રી ભીમાશંકર જ્યોતિર્લિંગ જવા માટેનો રસ્તો ઘોર જંગલમાંથી પસાર થાય છે. જે ખૂબ જ કઠિન છે. તેવી જ રીતે સુંદર વનરાઈઓ પણ છે. મંદિરનો અમુક ભાગ બહુ પુરાણો છે તો અમુક ભાગનું બાંધકામ નવું થયેલું છે. શિવજીની બરાબર સામે જ મોટા નંદીજી રહેલા છે તેની બાજુમાં બહુ જ વજનદાર મોટો ઘંટ ટાંગવામાં આવેલ છે. આ ઘંટ સને ૧૭૨૯ માં યુરોપમાં બનાવવામાં આવેલ છે. યુરોપમાં આવા ઘંટ ખાસ કરીને ચર્ચ માટે બનાવાય છે. વસઈની લડાઈમાં વિજય પ્રાપ્ત કરનાર પેશવાના બહાદુર ભાલચિમાજી અપ્પાએ આ ઘંટ મંદિરમા આપેલ છે. મંદિરના ગર્ભગૃહમં ભગવાન શ્રી ભીમાશંકરનું નાનું એવું જ્યોતિર્લિંગ બિરાજમાન છે. જલધારા દ્વારા ટીપું ટીપું પાણીથી સતત અભિષેક ચાલુ રહે છે. ભીમાશંકરની પૂજા કરવા માટે પૂનાના પેશવા કુટુંબ આવ્યા કરતા હતા.

### (૭) શ્રી રામેશ્વર મહાદેવ :

શ્રી રામેશ્વર જ્યોતિર્લિંગ સાતમું છે. તામિલનાડું પ્રદેશમાં દક્ષિણ-પૂર્વ ભૂશિરો બિંદુ પર મનારના અખાતમાં એક દ્વિપની માફક શ્રી રામેશ્વર આવેલું છે. અહીં સમુદ્રમાં બંગાળનો સમુદ્ર અને અરબી સમુદ્રનું મિલન થાય છે. રામેશ્વર જવા માટે મદ્રાસથી અને મદુરાઈથી અને મદુરાઈથી બસ, ટ્રેન સેવા સતત ચાલુ છે. વાહન લઈ જનારાઓ પ્રથમ મંડપમ રેલ્વે સ્ટેશને વાહન રોકી ત્યાંથી ટ્રેન દ્વારા રામેશ્વર જતાં પરંતુ હવે દરિયાની ખાડીમાં મોટો પુલ બંધાઈ જતાં વાહન માટેનો માર્ગ ખુલ્લો થયો છે અને સહેલાઈથી રામેશ્વર પહોંચી શકાય છે. ભગવાન રામેશ્વર જ્યોતિર્લિંગનો મહિમા અપરંપાર છે. અહીં હર અને હરિનું એકીસાથે ભક્તિ-પૂજન કરી શકાય છે. સૌપ્રથમ શ્રી રામેશ્વર લિંગ ઘોર જંગલમાં હતું. સમય જતાં તીર્થનો વિકાસ થયો અને ભવ્ય મંદિરનું નિર્માણ થયું. હાલનું મંદિર બારમી સદીમાં નિર્માણ થયેલ છે. પાછળથી રાજાઓએ પણ ઘણા સુધારાઓ કરેલા છે. કાળા પથ્થરની બનેલું શ્રી રામેશ્વરજીનું વિશાળ મંદિર દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ મીનાક્ષી મંદિરથી પણ મોટું છે. વિશાળ પ્રાંગણમાં દિવાલો સાથે ચાર ભવ્ય ગોપુરો આવેલા છે. એક ભવ્ય ગોપુરને નવ માળ છે જેની ઊંચાઈ આશરે પોણા બસો ફૂટ છે. આ ગોપુર પર નવ સુવર્ણકળશ પધરાવેલ છે. દિવાલો પર શિલ્પકલાઓના અપ્રતિમ નમૂનાઓ છે. મંદિરના પ્રાંગણમાં પ્રતિષ્ઠિત દેવી-દેવતાઓના દર્શનથી યાત્રાળુઓને સ્વર્ગીય ઝલક જોવા મળે છે. શ્રી રામેશ્વરજીનું નિજ મંદિર શિલ્પ વૈભવથી શોભાયમાન છે. તેમાં ત્રણ દ્વાર છે. અંદર ભગવાન જ્યોતિર્લિંગ રામેશ્વર બિરાજમાન છે. ઉપર શેષનાગને છત્ર છે. રામેશ્વરની લિંગને ફક્ત ગંગાજલથી જ અભિષેક થાય છે. જે મંદિરોના કાર્યાલયમાંથી નિયત શુલ્ક ભરી મેળવી શકાય છે. મંદિરના પ્રાંગણમાં તીર્થજલોના અલગ અલગ કૂવાઓ છે જેમાં સ્નાન કરી યાત્રિકો પવિત્ર બને છે. વહેલી સવારે સ્ફટિક લિંગ મણી દર્શન થાય છે. રામેશ્વરજીની ત્રણ ફૂટ ઊંચી શોભાયમાન ઉત્સવ મૂર્તિ શયન સમયે લાવવામાં આવે છે અને તેની આરતી થાય છે. મંદિરના પ્રદક્ષિણા પથમાં સપ્તકન્યા, અષ્ટલક્ષ્મી તથા નવ શક્તિઓની તેમજ દેવતાઓની પ્રતિમાઓ આવેલ છે.

### (૮) શ્રી નાગેશ્વર (નાગનાથ) મહાદેવ :

શ્રી નાગેશ્વર આઠમું જ્યોતિર્લિંગ છે. મહારાષ્ટ્ર પ્રદેશમાં મરાઠાવાડામાં પરભણી જીલ્લાના કલમાનુરી તાલુકામાં દારૂવન છે, ત્યાં અને નાગેશ્વર મંદિર સૌરાષ્ટ્રમાં દ્વારકાથી ૨૦ કિ.મી. થોડે દૂર આવેલ છે તેને પણ જ્યોતિર્લિંગ માને છે.

આ જ્યોતિર્લિંગ ઓઢા નાગનાથ નામથી પ્રસિદ્ધ છે. દારૂકાવન ખૂબ રમ્ય પ્રદેશ છે. તેમાં ભગવાન શ્રી નાગેશ્વરનું મંદિર આવેલું છે. આ મંદિર બાર ખૂણાવાળું પથરાયેલું સુંદર અને સોહામણું છે. મંદિરની છતમાં પ્રસંગોપાતનાં સુંદર ચિત્ર બતાવેલાં છે. દિવાલો અને શિવાલયના ખંભા ઉપર હાથી, ઘોડા, કમળો, યતિઓ વગેરેની શિલ્પ કૃતિઓથી દેવાલય શોભી રહ્યું છે. હાથી-ઘોડા ઉપર બેઠેલા યોદ્ધાઓની વિભિન્ન મુદ્રાઓ જાણે શિવજીની છડી પુકારતા હોય તેવા ઠાઠથી શોભાયમાન છે. અહીં શિવજી તથા ગણપતિજીની મૂર્તિઓ સ્થાપિત કરેલી છે.

### (૯) શ્રી વિશ્વેશ્વર મહાદેવ :

શ્રી વિશ્વનાથ જ્યોતિર્લિંગ નવમું છે જે શિવજીની પ્રિય નગરી વારાણસીમાં પ્રતિષ્ઠિત છે. વારાણસીને કાશી, બનારસ, શિવપુરી, ત્રિપુરારિ, રૂદ્રાવાસ, મુક્તિભૂમિ, ક્ષેત્રપુરી વગેરે નામોથી ઓળખવામાં આવે છે અને ભારતનું સુપ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ છે. વારાણસી જવા માટે પૂર્વોત્તર ભારતના પ્રમુખ નગરો સાથે રેલ્વે, બસ અને હવાઈમાર્ગો સાથેનું સીધું જોડાણ છે. એટલે પ્રવાસી યાત્રાળુઓ અનુકૂળતા પ્રમાણે જઈ શકે છે. વારાણસી ભારત દેશનું ધર્મ હૃદય છે. મોક્ષદાન કરનારી પુરીઓમાંથી કાશી શ્રેષ્ઠ ગણાય છે. ભગવાન શિવજીનું સર્વાધિક પ્રિય નિવાસ હોવાથી કાશી હજારો વર્ષોથી વિખ્યાત છે.

કાશી વિશેશ્વર જ્યોતિર્લિંગ પ્રથમ સમતલ મેદાનમાં હતું. ધર્માન્ધ મુસ્લિમ સુલતાનોએ આ જ્યોતિર્લિંગનો ઘણીવાર નાશ કર્યો અને લૂંટ કરી હતી. ઔરંગઝેબે તો આ મંદિરનો નાશ કરી ત્યાં મસ્જીદ બનાવેલ જે આજે પણ છે. અત્યારનું મંદિર મહારાણી શ્રી અહલ્યાબાઈએ બંધાવ્યું છે. મંદિર ઉપરનો સુવર્ણ કળશ મહારાજા રણજીતસિંહે અર્પણ કરેલ છે. મધ્યયુગમાં

# યાત્રા સૃષ્ટિ

કાશી સંસ્કૃત વિદ્યાની જ્ઞાનપીઠ હતી. સારનાથ અને બુધ્ધગયાને કારણે આ બૌદ્ધોની પવિત્ર ભૂમિ પણ છે. જૈનોના સાત, અગિયાર અને ત્રેવીસમા તીર્થંકરોની જન્મભૂમિ હોવાથી જૈનધર્મ પ્રેમી યાત્રાળુઓ મોટી શ્રધ્ધા સાથે વારાણસીમાં આવે છે.

**(૧૦) શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવ :**

શ્રી ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ દશમું છે. મહારાષ્ટ્ર પ્રદેશમાં નાસિક જીલ્લામાં નાસિકથી આશરે ૩૩ કિ.મી. દૂર ત્ર્યંબક ગામમાં આ તીર્થ ક્ષેત્ર આવેલું છે. ૨૩૦૦ ફૂટની ઉંચાઈ ધરાવતા બ્રહ્મગિરિ પર્વતની તળેટીમાં ત્ર્યંબક ગામ વસેલું છે. આ પર્વતમાંથી ગોદાવરી ગંગાનો ઉદ્‌ગમ થાય છે. મહર્ષિ ગૌતમની કઠોર તપશ્ચર્યાથી અહીં ગંગાજી પ્રગટ્યાં હતાં તે સ્થળને ગૌતમ કુંડ કહેવામાં આવે છે. આ સ્થળમાં ભગવાન જ્યોતિર્લિંગ ત્ર્યંબકેશ્વરનું ભવ્ય મંદિર આવેલું છે. ત્ર્યંબકેશ્વરજીનું હાલનું મંદિર નાના સાહેબ પેશવાએ અઢારમી સદીમાં બનાવેલ છે અને જીર્ણોધ્ધાર પણ બાલાજી બાજીરાવ પેશવાએ કરાવેલ છે. મંદિરનું પ્રવેશદ્વાર પૂર્વ દિશાનું છે. મંદિર ફરતું ચોગાન અને ફરતી મોટી દીવાલનો કોટ છે. જેને ચાર દરવાજા છે. સુંદર શિલ્પકલાઓથી સજાવવામાં આવેલ આ મંદિરની ઉપર સુવર્ણ કળશ છે. ભગવાન ત્ર્યંબકેશ્વરજીનું શિવલિંગ ભૂગર્ભમાં છે. કુલ ત્રણ લિંગ છે જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવજીનું પ્રતિક છે. શિવલિંગ ઉપર પહાડમાંથી ટીપું ટીપું જલધારા વહે છે. ભૂગર્ભમાં જલધારાનું પાણી એકઠું થાય છે.

ક્યારેક આ ભૂગર્ભ જલમાં સિંહ ગર્જના જેવો અવાજ સંભળાય છે અને આગની જ્વાળાઓ જેવો દેખાવ થાય છે. આમ બને છે ત્યારે શિવજી ખૂબ ગુસ્સે થયા છે, તેવું માનવામાં આવે છે. જેથી શિવજીનો ક્રોધ શાંત કરવા પૂજારી શિવલિંગ ઉપર પંચામૃતથી અભિષેક કરે છે તથા બ્રાહ્મણો રત્નાભિષેક પણ કરે છે. આવા સમયે ભાંગ-દૂધ આદિ ગમે તેટલું ચઢાવવામાં આવે તો પણ તે અદશ્ય થઈ જાય છે.

**(૧૧) શ્રી કેદારનાથ મહાદેવ :**

ભારતનું અગિયારમું જ્યોતિર્લિંગ ઉત્તરપ્રદેશના હિમાલય પ્રદેશનાં ટિહરી - ગઢવાલમાં ભગવાન કેદારેશ્વર જ્યોતિર્લિંગ બિરાજમાન છે. ઋષિકેશથી ટિહરીનગર - શ્રીનગર - રૂદ્રપ્રયાગ - ગુપ્તકાશી - સીતાપુર - ગૌરીકુંડ થઈ કેદારનાથ મંદિર જવાય છે. ગૌરીકુંડથી કેદારનાથનો રસ્તો મંદાકીની નદીના કાંઠે ઊંચો ઊંચો ચઢતા ઘોર જંગલમાં રસ્તે ચાલીને જવાય છે. યાત્રા બહુ કઠિન છે. પરંતુ એક વખત ત્યાં પહોંચ્યા પછી પરમાત્માની અકળ કળાના દર્શન થાય છે. બરફના શિખરો હરિયાળી જમીન ઉપર વાદળાઓની ચાદર અને ચારે તરફ વહેતો ખડખડતો જલપ્રવાહ જોઈ શરીર અને મનનો થાક ઉતરી જાય છે. ગૌરીકુંડથી આશરે ૧૪ થી ૧૬ કિ.મી. દૂર કેદારપુરી આવે છે. આશરે સાડા ત્રણસો ઘરનું આ ગામડું છે જ્યાં હિમશિખરોની તળેટીમાં જ્યોતિર્લિંગ શ્રી કેદારેશ્વર મંદિર આવેલું છે.

પહાડી સ્થાપત્ય શૈલીમાં નિર્માણ થયેલું આ નાનું એવું મંદિર છે છતાં ખૂબ જ આકર્ષક છે. સૌ પ્રથમ પાંડવોએ અહીં શ્રી કેદારનાથની પૂજા કરેલી જેથી તેમનાં દુઃખ દૂર થયાં અને મંદિરનું નિર્માણ કરેલું હતું પરંતુ હાલનું મંદિર જે છે તે આદિ શંકરાચાર્ય મહારાજે બંધાવેલ છે. મંદિરના મહાદ્વારની સામે જ નંદીની વિશાળ મૂર્તિ છે. સભામંડપ છત ઢાલૂ આકારની છે. ગર્ભગૃહ ઉપર પણ ચોરસ દેખાતી ઢાલૂછત છે અને તેના ઉપર ચોરસ છત્રીઓ મૂકવામાં આવી છે.

સભામંડપની અંદર પણ વચ્ચોવચ્ચ એક નંદી છે. દીવાલના ખૂણામાં પાંચ પાંડવો અને કુંતીની મૂર્તિઓ છે. ગર્ભગૃહમાં ઘીનો અખંડ દીપ જલતો હોય છે. જેના આકાશમાં ભગવાન કેદારેશ્વર લિંગના દર્શન થાય છે. પૂજામાં શિવલિંગને પાણીને બદલે ઘીથી સ્નાન કરાવવામાં આવે છે. આ જ્યોતિર્લિંગ ૧૩,૫૦૦ ફૂટ ઊંચાઈ ઉપર આવેલું છે. ભગવાન નારાયણ હિમાલયના કેદારશૃંગ ઉપર આવી તપસ્યા કરવા લાગ્યા ત્યારે તેમની આરાધનાથી પ્રસન્ન થઈ શિવજીએ વર માંગવાનું કહ્યું, ત્યારે આપ આ સ્થાને સદાને માટે બિરાજો એવી પ્રાર્થના કરી. પરિણામે શિવજી જ્યોતિસ્વરૂપ બની અહીં રહ્યા જેનું નામ જ્યોતિર્લિંગ કેદારેશ્વર પડ્યું. મંદિરમાં શ્રીકૃષ્ણ, શિવ, પાર્વતીની પ્રતિમાઓ આવેલી છે. મંદિરની પાછળ આદ્યગુરુ શંકરાચાર્યજીની સમાધિ છે,જેનો તાજેતરમાં જ કેદારનાથ ધામની સાથે કાયાકલ્પ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલ છે.

**(૧૨) શ્રી ઘુષ્મેશ્વર મહાદેવ :**

શ્રી ઘુષ્મેશ્વર જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જીલ્લાના બેરુલ ગામમાં ઈલાપુર શિવાલયમાં આવેલું છે. ઔરંગાબાદ શહેરથી ઘુષ્મેશ્વર મંદિર આશરે ૩૦ કિલોમીટર છે. અહીંથી શ્રી ઘુષ્મેશ્વર મોટર, બસો, દ્વારા જઈ શકાય છે. અત્યારના મંદિરનું તજાવરી પધ્ધતિથી નિર્માણ થયેલું ઉત્કૃષ્ટ શિલ્પકૃતિનું એક સુંદર નમૂનો છે. જેમાં શિલ્પકૃત્તિઓના સુંદર ખજાના છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર ઈ.સ. ૧૬૯૧ માં મહારાણી અહલ્યાબાઈ હોલકરે કરાવેલ છે. દેવાલયને ફરતો કોટ છે. મંદિરની વચ્ચે મોટો સભાખંડ છે અંદર ગર્ભગૃહમાં નાનું શિવલિંગ છે. મંદિરની નજીક જ ઈલોરાની વિશ્વ પ્રસિદ્ધ હિન્દુ ગુફા મંદિરો આવેલાં છે. જેમાં નાની મોટી ચોવીસ ગુફાઓ છે. જેનો વ્યાપ ખૂબ જ વિશાળ છે. જેનું ભવ્ય નિર્માણ આશ્ચર્યની સાથે હિન્દુ ધર્મની ભવ્ય ભાવનાઓનાં દર્શન કરાવે છે. મંદિરની સામે જ શિવાલય તીર્થ આવેલું છે, જ્યાં એક કુંડ છે. સોળ નંબરની ગુફાએ જગપ્રસિદ્ધ કૈલાસ ગુફા છે, જેમાં ભગવાન શિવચરિત કથાનું તાદશ્ય દર્શન થાય છે. ■

મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫ Email : ykgoswami@gmail.com




**ડૉ. હાર્દિક દરજી**
અમદાવાદની ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલના નામાંકિત બ્રેઈન અને સ્પાઈન સર્જન, International Visiting Scholar (Phoenix, USA)
મગજ અને કરોડરજ્જુના નિષ્ણાત સર્જન

# અદ્યતન ન્યુરો સર્જરી દ્વારા મગજના જટિલ રોગોનો ઉપચાર

ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલમાં મારા કાર્યકાળ દરમ્યાન મારે મગજના ગંભીરથી અત્યંત ગંભીર રોગોનો સામનો કરી રહેલ અનેક દર્દીઓના સંપર્કમાં આવવાનું થયું છે. રડતા મુખે આવતા દુઃખી દર્દીઓને વૈશ્વિક કક્ષાની શ્રેષ્ઠત્તમ ટેકનોલોજી અને અનુભવી નિષ્ણાત ડૉક્ટરો દ્વારા ઉત્કૃષ્ટ સુવિધા અને સારવાર પૂરી પાડી સ્વાસ્થ્યની પુનઃ પ્રાપ્તિનું સાચું સરનામું એટલે ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલ, બોપલ-ઘુમા અમદાવાદ.

અમદાવાદના એસ.પી.રીંગ રોડની બિલકુલ નજીક હોવાથી ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલમાં અનેક પ્રકારના રોગો ધરાવતા દર્દીઓનો સતત ઘસારો રહે. વળી, સાણંદ, વિરમગામ, વઢવાણ, રાજસ્થાન સહિત ગુજરાત તથા અન્ય રાજ્યોમાંથી પણ લાંબી સફર ખેડીને દર્દીઓ શ્રેષ્ઠ સારવાર મેળવવા માટે ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલમાં શ્રદ્ધા સાથે આવે છે. આવા જ દર્દીઓ પૈકી આવેલ એક કિશોરનો કિસ્સો મને યાદ આવે છે.



આ વાત છે લગભગ પાંચેક મહિના પહેલાંની. ઉત્તર રાજસ્થાનના એક શહેર-માંથી માત્ર સોળ વર્ષના એક વ્હાલસોયા કિશોરને લઈને તેની માતા ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલમાં આવી. આ કિશોરને આપણે સંભવ તરીકે ઓળખીશું.

સંભવને બે વર્ષથી બંને હાથ તથા બંને પગમાં નબળાઈ આવી રહી હતી. બાળપણથી સ્ફૂર્તિપૂર્વક ખેલતો-કૂદતો સંભવ ધીરે - ધીરે પથારીવશ થયો. પરંતુ માની મમતાની તોલે કોઈ આવી શક્યું છે ભલા !

સંભવના માતા, શ્રદ્ધાબેને પોતાના સોળ વર્ષના દીકરાની તમામ સાર-સંભાળ એક તાજા જન્મેલા બાળકની પેઠે શરૂ કરી. શ્રદ્ધાબેન સંભવને સ્નાન કરાવતાં, જમાડતાં અને પાણી પીવડાવવા સહિતની બધી જ આવશ્યક ક્રિયાઓ કરાવતાં. પરંતુ સંભવની પરિસ્થિતિ દિન-પ્રતિદિન વણસવા માંડી. સંભવને શ્વાસોચ્છ્વાસમાં તકલીફ ઉભી થવા માંડી.

શ્રદ્ધાબેન પાસેથી સંપૂર્ણ સમસ્યા સાંભળ્યા પછી હોસ્પિટલમાં અગત્યના ક્લિનિકલ ટેસ્ટ કર્યા. સંભવ અને શ્રદ્ધાબહેને લગભગ બે વરસ સુધી અનેક હોસ્પિટલોમાં કેટલાંયક દાક્તરોને અત્યાર સુધી બતાવ્યું હતું, પરંતુ કોઈ જ ફેર પડ્યો નહોત. આથી, તેમનો વિશ્વાસ સંપાદન કરવામાં મને મારી ટીમને અત્યંત મુશ્કેલી પડી. સંભવના ગરદનના ભાગનો એમ.આર. આઈ. અને સી.ટી.સ્કેન કરવામાં આવ્યા



અને 'એટલાન્ટોએક્ષીયલ ડિસલોકેશન' (Atlantoaxial Dislocation) નામના એક અત્યંત જટિલ રોગનું નિદાન થયું.

એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના સંભવની સર્જરી માટે તૈયારીઓ હાથ ધરવામાં આવી. ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલના વૈશ્વિક - કક્ષાના શ્રેષ્ઠત્તમ ઓપરેશન થિયેટર તેમજ, અનુભવી કુશળ સર્જિકલ ટીમ દ્વારા ધી ગોએલ - હાર્મ્સ ટેકનીક (The Goel-Harms Technique (GHT) ની મદદથી સર્જરી હાથ ધરવામાં આવી.

સર્જરી બાદ પોતાના દીકરાને પુનઃ જાતે ચાલતો અને ખાતો જોઈને શ્રદ્ધાબેનના ચહેરા પરનું સ્મિત પાછું આવ્યું. જે આજે પણ ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલના સોનેરી સંસ્મરણોની અવિસ્મરણીય ભાગ છે. શેલ્બી છે તો સંભવ છે.

Brain Secret : અખરોટ, અળસી અને તકમરિયાં (Chia Seeds) મસ્તિષ્કની તંદુરસ્તી માટેના સુપર ફૂડ્સ કહેવામાં આવે છે. આથી, સંતુલિત માત્રામાં તેનું નિયમિત સેવન કરવું અત્યંત લાભદાયક છે. ■

# બાલ સૃષ્ટિ



**સંપાદક :**
**ડો. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.

# તાળાં લગાવ્યાં ઊંટે

તબ્બો ઘોડો ખૂબ જ સમજું. કોઈ દિવસ એના ઝઘડા સાંભળવા ન મળે. અરે ! બે જણાં લડતાં હોય ત્યાં સમાધાન કરાવે. ન મારી તારી કે ના મગજમારી. આવા તબ્બાને સહુ માનથી જુએ. પશુ જગતમાં પણ તબ્બાનું માન બહુ. તબ્બો બોલે એટલે એમાં તથ્ય હોય એવું સહુ સમજે. તબ્બાની સામે દલીલ કરવાની હિંમત કોઈ ન કરે. તબ્બુનો ડર કોઈને નહીં, પણ નામના એવી કે ના પૂછો વાત !

પશુ પંખીઓની સભા ભરાણી. તબ્બો તે વખતે હતો ગેરહાજર. હમણાંથી એ પરદેશ જતો અવારનવાર. સહુ કોઈને તબ્બાની ગેરહાજરી સાલે પણ... પ્રસંગ આવે તે ઉકેલી નાખીએ, એમ જ સભા નિયત સમયે ભરાઈ. ઊંટને પ્રવચન દેવાનું થયું. છેલ્લી ઘડી સુધી શું બોલવું તે ઊંટને સમજાતું ન હતું. લીમડો ખાવામાં એ એટલું બધું મશગૂલ હતું કે ના પૂછો વાત ! આળસુ ઊંટ જાણતું હતું કે સભામાં બોલવાનું છે છતાં આજકાલ કરતાં એ ઘડી આવી પહોંચી. ઊંટ ઊભું થયું. હાજર સહુ પશુ પંખીઓ સામે જોઈ રહ્યું. કાન હલાવી જોયા. આંખોના ડોળા ચારે તરફ હતા. ઊંચી ગરદનના કારણે એને સહુ નાનાં નાનાં બચ્ચાં લાગતાં હતાં. પોતે કદી આ સ્થળે ઊભું ન હતું, વળી અહીં હાજર સઘળાં પશુ પંખીઓ તો છે નાનાં. શું સમજવાનાં છે ઝાઝું ? કશુંય ન સૂઝતાં એણે દલપતરામની કવિતા યાદ કરી એકેક પશુ પંખીનાં વાંકાં અંગો વિષે વાત કરી. હાજર સહુ મોંમાં આંગળા નાખી ગયાં. પણ ઊંટ તો ભાષણ આપી ત્યાંથી નીકળી ગયું.

'અરે ! મોટા થયા, પણ ભાષણ કરતાંય ન આવડ્યું ?' પોપટ બોલ્યો.

'મારા શિર વાંકા છે. એમાં ઊંટને ઉપાધિ ક્યાં છે ?' ભેંસ પણ બરાડી ઊઠી.

'મારી ડોક વાંકી છે તો એ ઊંટડાની ક્યાં સીધી છે ?' બગલો બોલી ઊઠ્યો.

કૂતરો કહે, 'મારી વફાદારી ના દેખાણી ને દેખાણી વાંકી પૂંછડી ?'

'ઊંટે આવી બેહૂદી વાતો ન કહેવી જોઈએ. સભામાં તો સહુનો સાથ ને સહુના વિકાસની વાત કરવી જોઈએ. એના બદલે એકબીજા ઉપર એની ઊણપ દર્શાવી આરોપો મૂકવાના ? આવી તે શું જાહેર સભા હોય ? આપણે શું સમય વધારાનો છે તે વેડફવા આવીએ ? આપણે હવે એક જૂથ થાવ ને આવી સભાઓને ટાળો.' બળદ બોલ્યો.

'હા...હા... હવેથી સભામાં કોઈએ આવવું નહીં. બળદની વાત સાવ સાચી છે. કેમ જાણે પોતે છત્રીસ લક્ષણો હોય એમ બીજાના અવગુણ ગાવા બેઠા.' એક રીંછ બોલી ગયું.

હાથીદાદા શાંતિથી સાંભળતા હતા. સભામાં થયેલા આવા ભાષણથી એ પણ ખિન્ન હતા. સભામાં ઊભા થઈને એ ઊંટને રોકવા માગતા હતા, પરંતુ કેટલાંક હિંસક પ્રાણીઓએ એમને બેસાડી દીધા. હાથીનું મગજ પણ ચકરાવે ચડ્યું હતું.

પરદેશ ગયેલો તબ્બો આવી ગયો. એક દિવસ આરામ કરી એ ફરવા નીકળ્યો. 'અરે ! આ તો મારો દેશ છતાં પરાયું પરાયું કેમ લાગે છે ? મારાં આ ભાઈ ભાંડું ને મિત્રો ઉદાસ કેમ છે ? જ્યાં જુઓ ત્યાં બધાં અલગ - અલગ મૂડમાં કેમ બેઠાં છે ? નક્કી કંઈક થયું છે. ફરતાં - ફરતાં એણે ગાય, ભેંસ, બકરી, ઘેટાં બધાંને પૂછી જોયું, પરંતુ સંતોષકારક જવાબ ન મળ્યો. હવે.. હવે... હાથીદાદા પાસે જવું જ રહ્યું.

ચાલતો ચાલતો ઘોડો હાથીદાદા પાસે આવી પહોંચ્યો. 'હાથીદાદા, ચારેકોર વાતાવરણ કેમ બદલાયું છે ? કેમ કોઈને શોરબકોર સંભળાતો નથી ? નક્કી કંઈક બન્યું છે તમારી પાસે આવ્યો છું. યોગ્ય જાણકારી મેળવવા બોલો હવે.'

હાથીદાદા પણ ખૂબ સમજુ હતા. મેળાવડામાં બનેલી સઘળી હકીકત તબ્બાને કહી સંભળાવી. સાંભળીને તબ્બો સ્તબ્ધ બની ગયો. 'બાપ રે...ઊંટ સાવ આવું બોલ્યું ? જેટલું ઊંચું એટલું બુદ્ધિનું બુઠ્ઠુ લાગ્યું. બિચારાં ભલાંભોળાં જાનવરોને શું ખબર કે ઊંટસાવ આબરૂ કાઢે એવું છે. સમારંભમાં મુખ્ય અતિથિપદે બેસાડ્યું મોટું જોઈને. મોટા એટલા ખોટાની સાબિતી ઊંટે આખરે આપી જ દીધી.' તબ્બો અકળાયો હતો. 'હું હમણાં જ ઊંટ પાસે જાઉં છું. સઘળી ચોખવટ કરી લઉં છું. જ્યારે સંમેલન ભરાય ત્યારે માફીના બોલ ગોખાવડાવું છું. આમ, બીજાના વાંક કાઢે ચાલે ?'



**: લેખિકા :**
**ગિરા પિનાકીન ભટ્ટ**
**બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા**
**મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨**

'ન જ ચાલે ને તબ્બા. મને પણ ખૂબ જ અકળામણ થાય છે પણ કરવું શું ? મારી પાછળ હિંસક પશુઓ ચડી બેઠાં, ને મને સાવ બેસાડી દીધો. જો એવું ન થયું હોત તો... તો...ઊંટને મેં અટકાવ્યો હોત એ વાત ચોક્કસ ! હાથી બોલ્યો.

તબ્બાએ પરદેશના પ્રવાસની વાતો સંમેલનમાં કરવાની હતી, પરંતુ તેને કોઈને ઉમળકો ન હતો. નિરાશ હાથી ને તપેલો તબ્બો ચાલી નીકળ્યા. ચાલતાં - ચાલતાં જ સામે નજર પડી તો ઊંટ મસ્તીથી લીમડો આરોગતું હતું. બન્નેએ ઊંટ ભણી પગલાં ઉપાડ્યાં.

'ઊંટભાઈ, શું ચાલે છે ?' તબ્બાએ પૂછ્યું. 'જલસા જ જલસા. ઊંટે કહ્યું.

'ને મન ફાવે તેમ લૂલી હલાવીએ છીએ, પણ બોલી નાખો ને યાર ! તબ્બાએ જે કહેવાનું હતું તે કહી દીધું. હાથી પણ બાજુમાં ઊભો હતો. ઊંટ પામી ગયું કે વાત તબ્બાના કાન સુધી પહોંચી ગઈ છે. મારા ભાષણ પછી એકતા રહી નથી. બધાં પાછાં સહુ સહુના અલગ વાડા કરીને બેસી ગયા છે. તબ્બા આગળ દલીલ કરવી વ્યર્થ છે. હવે... વાત કેવી રીતે કહું કે મને શા માટે ભાષણ ભરડવા ઊભો કર્યો ?

ઊંટનું મૌન પામીને તબ્બો બોલ્યો, 'દોસ્ત ! આપણને સહુ માન પાન આપે છે આપણી ઊંચાઈ કે ઉંમરના કારણે નહીં. આપણી હોશિયારી, આપણી સમજશક્તિ, સહનશક્તિ ને ઉદારતાના કારણે. બધાંને તેં કહેતાં કહી દીધું પણ તને ખબર છે ? તારા ગયા પછી શિયાળે રોકડું પરખાવ્યું હતું કે... "ઊંટના અઢાર છે." બોલ ? તારી આબરૂ કોડીની થઈ ગઈ ને ?' શું બોલે ઊંટ ?

હાથી બોલ્યો, 'બોલતાં ન આવડે તો મૌન સારું. મૌન ઉત્તમ ભાષા છે. સહુની સામે સ્મિત ફરકાવી બેસી જવું જોઈતું હતું. આમ બીજા બધા સામે આંગળી ચીંધીને બતાવ્યું, પણ બિરાદર... બીજી ચાર આંગળીઓ આપણી સમક્ષ છે એ કેમ ભૂલી ગયા ?'

ઊંટની આંખમાં આંસુ આવી ગયાં. હોઠ ફફડાવતું, રડતું - રડતું એ બોલી ઊઠ્યું, 'ભૂલ થઈ ગઈ, હું મારી જાતે જ શિક્ષા સ્વીકારી લઉં છું. હવેથી હું રણમાં રખડીશ બસ. તમારા કોઈની વચ્ચે નહીં આવું. એ મારી પ્રતિજ્ઞા છે.'

'આવી પ્રતિજ્ઞા ન લેવાય... ચાલ, હવે મૂક રડવાનું.' હાથી અને તબ્બાએ સમજાવ્યો ઊંટને, પરંતુ મિત્રો ઊંટ ના માન્યું. ત્યાર પછી ક્યારેય સમારંભો થયા જ નહીં. પશુ પંખીઓનાં સંમેલનોમાં તે દિવસથી તાળાં લાગી ગયાં છે. ■



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન


# વિશ્વ ઉમિયાધામ ખાતે સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ તેમજ સંગઠનના કાર્યકર્તા સ્નેહમિલન સમારોહ













તા. ૧૦-૧૧-૨૦૨૪ ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ, કમિટી ચેરમેનશ્રીઓ, સામાજીક સંગઠન, યુવા સંગઠન, મહિલા સંગઠન, યુવા મહિલા તેમજ ૧૦૮ ટીમ, વાઈબ્સ ટીમ તેમજ કાર્યકર્તા સભ્યશ્રીઓના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે મા ઉમિયાના મંદિર નિર્માણમાં વધુ મહિલા શક્તિઓનું આર્થિક યોગદાન રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવેલ. જેમાં મહિલા શક્તિ દ્વારા રૂા. ૫ કરોડ જેટલું દાન તેમજ મા ઉમિયાની મૂર્તિ માટે ૫૦ તોલા સોના તથા ૪૦ કિલો જેટલી ચાંદીનું દાન જાહેર કરી મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા.



## નૂતન વર્ષના શુભ દિવસે અન્નકૂટ મહોત્સવ





નૂતન વર્ષના શુભ દિવસે વિશ્વ ઉમિયાધામ - જાસપુર ખાતે અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. શ્રી મનોહરભાઈ રાજપુરોહિત - બિકાનેરવાળા અન્નકૂટના યજમાન બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. આ પ્રસંગે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તા તથા ભાવિક-ભક્તો ઉપસ્થિત રહી અન્નકૂટ મહાઆરતીનો લાભ લીધો હતો.

## વિશ્વ ઉમિયાધામ ખાતે તુલસી વિવાહનું આયોજન



તા. ૧૨-૧૧-૨૦૨૪ ના રોજ વિશ્વ ઉમિયાધામ - જાસપુર ખાતે તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ. જેમાં લાલા પક્ષ (વરપક્ષ) તરફથી પટેલ નિલમબેન કીર્તિકુમાર તેમજ તુલસી પક્ષ (કન્યા પક્ષ) તરફથી પટેલ રણછોડભાઈ છોટાલાલ તેમજ પરિવાર અને શ્યામા મંડળ - નારણપુરાના સહયોગથી તુલસી વિવાહનું સફળ આયોજન થયેલ. જેમાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર મિત્રો તેમજ મોટી સંખ્યામાં મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ ઉમિયાધામ ખાતે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર દ્વારા સમૂહલગ્નોત્સવ




તા. ૧૩-૧૧-૨૦૨૪ ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, અમદાવાદ ઝોન પ્રેરિત તેરમા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં મા ઉમિયાની સાક્ષીએ નવયુગલ પ્રભુતામા પગલાં પાડ્યા તે તમામ નવદંપતિઓનું જીવન સુખમય - આનંદમય નીવડે અને આ મંગલકારી પ્રસંગ મા ઉમિયાના આશીર્વાદથી સુપેરે સંપન્ન થાય અને તમામ નવદંપતિની હર મનોકામનાઓ પૂર્ણ થાય તેવા અમારા આશિષ સાથે મા ઉમિયાના ચરણોમાં પ્રાર્થના.

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ સંવાદ - સ્નેહમિલન કાર્યક્રમ





તા. ૧૫-૧૧-૨૦૨૪ ના રોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ સંવાદ - સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ ઉમિયાધામ ખાતે મહાઆરતી - ધર્મસભાનું આયોજન



તા. ૧૭-૧૧-૨૦૨૪ ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે મહા આરતી - ધર્મસભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા ભાવિક - ભક્તો ઉપસ્થિત રહી આરતીનો લાભ લીધો હતો. ત્યાર બાદ ધર્મસભાનું આયોજન કરવામાં આવેલ. જેના વક્તા શ્રી ચિરાગ પટેલ - મોટીવેશનલ સ્પીકર ઉપસ્થિત રહી સર્વે ભાવિ-ભક્તોને ધર્મ - રાષ્ટ્ર તેમજ બૌધિક વિષયો ઉપર માહિતી પૂરી પાડવામાં આવેલ.

## વિશ્વ ઉમિયાધામ ખાતે શ્રમદાન શિબિરનું આયોજન



તા. ૧૯-૧૧-૨૦૨૪ ના રોજ વિશ્વ ઉમિયાધામ - જાસપુર ખાતે મંદિર કેમ્પસમાં શ્રમદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ, સંગઠનની ત્રણેય પાંખના હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, કાર્યકર્તા ભાઇઓ/બહેનો તેમજ સેવાભાવી શ્રમદાનીઓ ઉપસ્થિત રહી "સ્વચ્છતા ત્યાં પ્રભુતા"ના મંત્રને સાર્થક કરી સમાજ કલ્યાણ માટે એક ઉમદા કાર્ય કરેલ.



**ડૉ. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## મહેસાણાના ગોઝારીયા ખાતે દિવ્યરથ પરિભ્રમણ અંતર્ગત પૂર્વ આયોજન મીટિંગ



વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત જગતજનની મા ઉમિયાના દિવ્યરથનું પરિભ્રમણ મહેસાણા જીલ્લાના ગોઝારીયા તાલુકામાં તા. ૧-૧૨-૨૦૨૪ના રોજથી શરૂ થવા જઈ રહ્યું છે તે અંતર્ગત ગોઝારીયા ગામમાં પૂર્વ આયોજન મીટિંગનું આયોજન કરવામાં આવેલ. સદર મીટિંગમાં સંસ્થાના ઉપપ્રમુખ એવમ્ સંગઠન ચેરમેનશ્રી ડી. એન. ગોલ, મહિલા સંગઠન ચેરપર્સન ડૉ. રૂપલબેન પટેલ, કો-ચેરમેનશ્રી પ્રવિણભાઈ પટેલ, મહામંત્રીશ્રી સંજયભાઈ પટેલ, મહિલા સંગઠન મહામંત્રીશ્રી ગિરાબેન પટેલ, ૧૦૮ ટીમ ચેરમેનશ્રી કેતનભાઈ પટેલ, ઉત્તર ગુજરાત ઝોન પ્રભારીશ્રી મુકેશભાઈ પટેલ, મહેસાણા જીલ્લા પ્રભારીશ્રી વી. કે. પટેલ, મહેસાણા અને સાબરકાંઠા જીલ્લા સંગઠન ટીમ તથા ગોઝારીયા ગામના તમામ ભાઈઓ / બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

## : સંસ્થામાં હાલમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ :

UPSC / GPSC Class 1-2, Dy.SO, STI, PI, Dy. Mamlatdar, Class-3

CENTRE FOR EXCELLENCE
VUFICS
INSTITUTE FOR CIVIL SERVICES
Vishv Umiya Foundation

- પ્રવેશ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક કોચિંગ.
- મેન્ટરશીપ પ્રોગ્રામ.
- નિયમિત ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન.
- લાઈબ્રેરીમાં વાઈ-ફાઈની સુવિધા.
- અધતન ઈન્ફ્રાસ્ટ્રકચર.

રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, પ્લોટ નં.-131/A, T. P. No.-9
સ્થાપન-૨ ફ્લેટની નજીક, ખ-રોડ, સરગાસણ, ગાંધીનગર
(મો.) ૭૨૦૨૦ ૮૦૨૦૨

પર્યાવરણ અભિયાનમાં આપ પણ સહભાગી બનો
વિશ્વ ઉમિયાધામ
ઉપવન
જન-જનની ભાગીદારી અને વૃક્ષોનું સંવર્ધન
૧ વૃક્ષ ૧૦૦૦ રૂપિયામાં 3 વર્ષના જતન સાથે
SCAN TO DONATE
Vishv Umiya Foundation
UPI Code : vishvumiya@ybl
PhonePe Paytm G Pay UPI

મા આવી આંગણે, બાંધવા સુરક્ષાને તાંતણે...
ઉમાછત્ર
વિશ્વ ઉમિયા સુરક્ષા કવચ - સામાજિક સુરક્ષા અભિયાન
પરિવારને આપો ઉમાછત્ર કવચ
પરિવારને આપો આર્થિક સુરક્ષા ₹10 લાખ
૧૮ થી ૫૫ વયના કોઈપણ ઉમાછત્ર સભ્યનું નિધન થાય તો, તે પરિવારને રૂા. ૧૦ લાખની આર્થિક સહાય
વિકલ્પ-૧ અવિચલ: એક સાથે એક જ વખત રૂા. ૩૧,૦૦૦/- યોગદાન ૫૫ વય સુધી
વિકલ્પ-૨ અવિરત: પ્રારંભિક રૂા. ૪,૦૦૦ અને વાર્ષિક રૂા. ૨,૨૦૦/- આસપાસ યોગદાન - ૫૫ વય સુધી

ઉમા સ્વાદ
સ્વાદ એવો, માં ની મમતા જેવો...
શુદ્ધતા, સ્વચ્છતા અને સ્વાદ નો સંગમ
ગાયના શુદ્ધ ઘીમાંથી બનાવેલ મિઠાઈ તથા નમકીનની ઉત્કૃષ્ટ શ્રેણી
વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા જગત જનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં આપનો સહયોગ - મા ના પ્રસાદરૂપી મીઠાઈ - નમકીન ખરીદીથી

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ


આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**ઉમાસૃષ્ટિ માસિકના વાચક દાતા સભ્ય થવા માટે સહયોગી રાશિ**

**૫ વર્ષ : રૂા. ૨,૦૦૦/-    ૧૦ વર્ષ : રૂા. ૩,૫૦૦/-**

---

**મેટ્રીમોનિયલ સર્વિસીસ** @ અમદાવાદ



૮૦૭, "ફોર્ચ્યુન બિઝનેસ હબ" શેલ પેટ્રોલ પંપની બાજુમાં, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. (Mo.) 63599 87827

@ સુરત - અલથાણ

૧૧૮, પહેલો માળ, મેગ્નસ શોપિંગ મોલ, મલ્હાર સુપર સ્ટોરની ઉપર, એટલાન્ટા મોલની બાજુમાં, અલથાણ, સુરત,

મેટ્રીમોનીયલ ઓનલાઈન રજીસ્ટ્રેશન માટે : https://vivah.vishvumiyafoundation.org ઉપર જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

---

**સામાજિક અને વ્યાવસાયિક બંને નેટવર્ક પ્રદાન કરે છે.**

vibes

यत् भावो - तत् भवति

*Vishv Umiya International Business Entrepreneurs with Social Network*

---

**VUF કેનેડા - અમેરિકા ટીમ દ્વારા અભ્યાસ/જોબમાં મદદરૂપ**



કેનેડા તથા અમેરિકામાં અભ્યાસ અર્થે જતા ગુજરાતના કોઈપણ વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ભાગરૂપે વિદ્યાર્થીઓને એરપોર્ટ ઉપરથી લેવા - જવાની, રહેવા - જમવાની હંગામી વ્યવસ્થા VUF ના સભ્યો દ્વારા કરવામાં આવે છે.

આ માટે વિશ્વ ઉમિયાધામ - જાસપુર ઓફિસે એર ટિકિટ લીધા પછી વીસ દિવસ પહેલા નોંધણી કરાવવી ફરજિયાત છે.

---

## સહયોગ દાન

**મા ઉમિયાના ભવ્યાતિભવ્ય મંદિર નિર્માણમાં સહભાગી થવા યથાશક્તિ દાન આપી મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ**




| આજીવન દાતા રૂા. ૧૧ લાખ | હર ઘર ભૂમિદાન હૂંડી | શુભેચ્છક દાતા રૂા. ૫ લાખ |
|---|---|---|
| રૂા. ૧,૧૧,૦૦૦/- (દસ ચો.વાર) | રૂા. ૫૫,૦૦૦/- (પાંચ ચો.વાર) | રૂા. ૧૧,૦૦૦/- (એક ચો.વાર) |

**હર ઘર - શિલાદાન હૂંડી - રૂા. ૫,૦૦૦/- | હર ઘર - ઈંટ દાન - રૂા. ૧,૦૦૦/-**

**દાન આપવા માટેની વિગત :**

બેંક A/c : વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

ધી મહેસાણા અર્બન કો.ઓ.બેક લિ., સાયન્સ સીટી શાખા, અમદાવાદ

Bank A/c. No. 00441001001446 – IFSC Code - MSNU0000044.

UPI ID થી Direct Payment Vishv Umiya Foundation



FOUNDATION BATCH
(WEEKEND BATCH)
કોલેજમાં ભણતા, નોકરી કરતા અને ગૃહિણીઓ માટે ખાસ ગાંધીનગરમાં
01/12/2024,Sunday
10:00 AM To 12:00 PM
Batch Starts From
:: બેન્ચની વિશેષતા ::
પ્રારંભિક તથા મુખ્ય પરીક્ષાનો ફાઉન્ડેશન કોર્સ
યુનિટ ટેસ્ટ + મોક ટેસ્ટ
અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
વિસ્તૃત સ્ટડી મટીરીયલ
Admission Open
ગાંધીનગરમાં
VUFICS, C/o Radiant school of science,kh-0 road, sargasan Gandhinagar -382421




FOUNDATION BATCH
(WEEKEND BATCH)
કોલેજમાં ભણતા, નોકરી કરતા અને ગૃહિણીઓ માટે ખાસ અમદાવાદ માં
15/12/2024,Sunday
10:00 AM To 12:00 PM
Batch Starts From
:: બેન્ચની વિશેષતા ::
પ્રારંભિક તથા મુખ્ય પરીક્ષાનો ફાઉન્ડેશન કોર્સ
યુનિટ ટેસ્ટ + મોક ટેસ્ટ
અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
વિસ્તૃત સ્ટડી મટીરીયલ
Admission Open
અમદાવાદ માં
Modi Shaikshanik Sankul, Behind Balaji Temple, Opposite Nirma University, Charodi, Ahmedabad.

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.


## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

20000+ પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

૭૦ દેશોના લોકોને સારવાર આપનારા

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025

Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721

